ગુજરાત સમાચાર
રવિવાર, ૧૧-૦૫-૨૦૨૫

# રવિપૂર્તિ

www.gujaratsamachar.com

02



સ્ક્વોશ છોડી દેવાની તૈયારી કરી ચૂકેલા અભયની કારકિર્દી એક ઈ-મેલથી બદલાઈ ગઈ

10



ઘર મેં ઘૂસકર મારા હૈ, કબ્ર તુમ્હારી ખોદી હૈ... ભારત કી ગદ્દી પર બૈઠા, દેખો યહ મોદી હૈ!

### જમ્મુ કાશ્મીરના જનજીવન અને જનમાનસ પર બદલાવ આવી શકે તેવા સંજોગો નિર્માણ થયા છે

# 'ઓપરેશન સિંદૂર' ભારત માતાના લલાટ પરનું ગૌરવ વધારશે




**હોરાઈઝન**

**ભવેન કચ્છી**

હવે સમજાયું કે ભારત સરકારે બુધવાર, ૭ મેના દિવસે શા માટે નાગરિકો માટે મોક ડ્રીલ સહિત નાગરિક સુરક્ષા વિભાગને શું કામ સજ્જ રાખ્યો હતો.

પાકિસ્તાનને આ કારણે એવો ભ્રમ રહ્યો કે હજુ તો ભારત સરકાર તેના નાગરિકોને સંભવત પાકિસ્તાન હુમલો કરે તે માટે માનસિક અને સુરક્ષાની રીતે તૈયાર કરી રહ્યું છે. એટલે કે ભારત હજુ પાકિસ્તાન પર હુમલો કરવાની વાત તો દૂર પણ સ્વબચાવના રક્ષણાત્મક મોડ પર વ્યસ્ત છે. પાકિસ્તાન તો ઠીક ભારતના નાગરિકો પણ એક પ્રકારની હતાશા સેવતા હતા કે પહેલગામના આંતકી હુમલાનો જવાબ આપવાની બડી બડી વાતો થાય છે અને અમને પાકિસ્તાન યુદ્ધ છેડી હુમલો કરે તો કઈ રીતે બચવું તેની તાલીમ અપાય છે.

મોક ડ્રીલની ૭ મેની પસંદગીથી હવે છેક સ્પષ્ટ થયું કે પાકિસ્તાન સેના ૭ મેના રોજ ભારત હુમલો નહીં કરે તેમ તો માનશે જ પણ ભારત સરકારે એક કાંકરે બે પક્ષી મારતા સાતમીની મધરાતે પાકિસ્તાનમાં ઘૂસીને એર સ્ટ્રાઈક કરી અને જો તે પછી પાકિસ્તાનની સેના ભારત પર હુમલો કરવાનું દુઃસાહસ કરે તો ૭ મેના રોજ મોક ડ્રીલ પણ યોજી હોઈ દરેક જિલ્લામાં મોક ડ્રીલ હોઈ આફત નિવારણનું તંત્ર ગોઠવેલું જ હોય. નાગરિકો અને બાળકો પણ મોક ડ્રીલમાં શું હોય, કઈ રીતે વર્તન કરવાનું છે તેની જાણકારી સાથે માનસિક રીતે તૈયાર થઈ ગયા હતા.

અમેરિકાએ ચીન જોડે ટેરિફ યુદ્ધ અંતર્ગત છેડો ફાડી નાંખ્યો હોઈ હવે એપલ સહિતની તેઓની તમામ કંપનીઓને ભારતની જરૂર છે. આમ પણ ચીને પાકિસ્તાનને ખુલ્લેઆમ ટેકો આપ્યો હોઈ અમેરિકા ભારત પ્રત્યે કુણું વલણ ધરાવે છે. પાકિસ્તાનના રક્ષા મંત્રીએ સ્કાય ટીવીને બેધડક નિવેદન કરી દીધું છે કે અમે જ અમેરિકાની સહાય મેળવી તેઓના કહેવાથી આંતક્વાદી જૂથોને સોવિયત દેશ-અફઘાનિસ્તાન યુદ્ધ વખતે જન્મ આપીને પોષ્યા છે.

પાકિસ્તાનના મંત્રીના આવા બફાટથી ટ્રમ્પ ભારે નારાજ છે. અમેરિકાની એક લાક્ષણિકતા પ્રશંસાને પાત્ર છે કે અમેરિકાની કોઈ પણ શાસક પાર્ટી પછી તે ડેમોક્રેટિક હોય કે રિપબ્લિક પણ જ્યારે તેઓ દુશ્મન દેશ પર હુમલો કરે કે આતંક્વાદીને તેમના દેશમાં જઈને ઢેર કરે ત્યારે તેઓ તેનું સમર્થન કરે છે.

ભલે રિપબ્લિકન જ્યોર્જ બુશના શાસનમાં બિન લાદેને હુમલો કર્યો હોય પણ તેનું ઢીમ પાકિસ્તાનમાં ઘૂસીને વર્ષો પછી ઓબામાની ડેમોક્રેટિક પાર્ટીએ ઢાળ્યું. બંને પક્ષ જાણે છે કે અમેરિકાએ રશિયાને સકંજામાં લેવા માટે અફઘાનિસ્તાનમાં બીન લાદેન અને લશ્કર એ તઈબાને જન્મ આપ્યો હતો.

ઈરાકમાં ખતરનાક રાસાયણિક શસ્ત્રો છુપાયેલા છે તેવા ઉપજાવી કાઢેલ કારણ સાથે ઈરાકમાં ઘૂસીને તેઓ સદામ હુસેનને ફાંસીનો ગાળિયો પહેરાવી દે છે તો પણ વિરોધ પક્ષ શાસક પક્ષના હાથ મજબૂત કરે છે.

અમેરિકાનું અમાનવીય રાજકારણ ગંદુ તો છે જે તે આવકાર્ય નથી જ પણ વાત એ કરવાનો આશય છે કે અમેરિકાના હિતથી વિશેષ તેઓ માટે બીજું કોઈ નથી. પક્ષ વચ્ચેના નીતિ વિષયક ભેદભાવ ભૂલીને તેઓ અગાઉ જે વિરોધ પક્ષ સત્તા પર હતો તેઓનું અધૂરું કામ પૂરું પાડે છે.

આ લખવાનું કારણ એ કે ભારતે ઉરીની સર્જિકલ સ્ટ્રાઈક કરી કે પછી 'ઓપરેશન સિંદૂર' પાર પાડ્યું ત્યારે દેશ આખો ગૌરવ સાથે ઉજવણી કરતો હતો. સોશિયલ મીડિયા પર નાગરિકો ભારતીય સેનાની પીઠ થાબડી તેઓનો હોંસલો બુલંદ બનાવતા હતા. ટીવી ચેનલો ઉપર પણ ચર્ચા જામી હતી દેશ આખાનો માહોલ પણ જુસ્સાદાર હતો પણ વિરોધપક્ષો ખોખારીને ભારતીય સેનાને અભિનંદન આપી ગૌરવ વ્યક્ત નહોતા કરતા. તેવી જ રીતે જેઓ સોશિયલ મીડિયા પર મોદી કે ભાજપ વિરોધી જ પોસ્ટ મુક્તા હોય છે અને આગલા દિવસ સુધી પાકિસ્તાનને જવાબ કેમ નથી આપ્યો તેમ પોસ્ટ મુકી ટોણા મારતા હતા તેઓએ એરસ્ટ્રાઈક પછી કેન્દ્ર સરકાર કે ભારતીય સેનાને બિરદાવતો એક શબ્દ પણ પોસ્ટ નહોતો કર્યો.

આમાં તો ઊલટું ભારતના નાગરિકોની એવી શંકા પ્રબળ બને છે કે વિરોધ પક્ષો વોટબેંકની ચિંતામાં દેશનો દ્રોહ કરવા તૈયાર છે. વિરોધ પક્ષોને સૌથી મોટો ફટકો એ પહોંચશે કે તેઓ હજુ સુધી એવા ભયંકર ભ્રમમાં છે કે ભારતમાં જે લઘુમતીની તેઓની વોટ બેંક છે તે પાકિસ્તાન તરફી છે અને આતંક વાદીઓ કે પાકિસ્તાન પરની વિરોધ પક્ષની કાર્યવાહીની પ્રશંસા કરીશું તો વોટબેંક ગુમાવીશું.

ખરેખર તો ભારતમાં રહેતા લઘુમતી નાગરિકો ભારતને પ્રેમ કરે છે. ભારતનું ગૌરવ તે પોતાનું ગૌરવ સમજે છે. આંતકવાદને તેઓ પણ સમર્થન નથી આપતા. હા, જે રીતે બહુમતી ધર્મી નાગરિકોમાં એક બહોળો વર્ગ તેમના જ ધર્મને કે રાષ્ટ્રહિતની નેતાગીરી કરનારની પૂર્ણ

**અમેરિકા, ઇઝરાયેલ, રશિયા સહિતના યુરોપને ભારતની જરૂર છે : પાકિસ્તાન નાદાર થઈ ગયેલ દેશ છે. ચીન અને મિત્ર દેશો પણ તેનાં હિત જળવાય તે પૂરતો જ પાકિસ્તાનને સાથ આપે**

સમય હાંસી ઉડાવે છે તેમ લઘુમતીમાં પણ એવા તત્ત્વો હોવાના જ જે પૂર્વગ્રહ કે કોઈ વિચારધારાથી પ્રભાવિત હોય.

હા, લઘુમતિ નાગરિકો કોઈ એક ખાસ વિચારધારા ધરાવનાર તેમને અનુકૂળ ન હોય તેવા રાજકીય પક્ષને મત ન આપે તેવું હોઈ શકે પણ દેશની સુરક્ષા કે શાન વધારતા ભારતીય સેનાના શૌર્યને તો બિરદાવતા જ હોય છે. હા, કમનસીબે તેઓ જાહેરમાં અમુક ડરથી તેની ખુશી વ્યક્ત નથી કરી શકતા.

મૂળ વાત વિરોધ પક્ષોની વિચારસરણીનો છે. મહાકુંભમાં સ્નાન લઈશું તો પણ વોટ બેંક કપાઈ જશે તે હદે તેઓ તેમની વોટ બેંકની કટ્ટરતાનો ખ્યાલ રાખે છે પણ આ વોટબેંક પણ કહે છે કે અમે જેમ અમારા ધર્મસ્થળ કે વિધિ વિધાનમાં શ્રદ્ધા ધરાવીએ છીએ તેમ તમે પણ સ્નાન કરો તેમાં ખોટું શું.

નવાઈની વાત તો એ છે કે મહાકુંભમાં ભારતની લઘુમતી ધર્મોની સંસ્થાઓ અને સ્વયંસેવકો દ્વારા શ્રદ્ધાળુઓને આવાસ અને ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી.

આપણે એક જનરલ વાક્ય બોલતા હોઈએ છીએ કે 'જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓને સ્થાનિક લોકો સહાય કરે છે. આશરો આપે છે. હા, આ વાત સાચી હોઈ જ શકે પણ સ્થાનિક લોકો એટલે આપણા મનમાં તમામ સ્થાનિક લોકો તેવો અર્થ થાય. પણ હકીકતમાં સ્થાનિક લોકોમાંથી બહુ જૂજ આતંકીઓને સહારો આપે તેવા હોય પણ આપણે સમગ્ર નાગરિકોને શંકાના દાયરામાં આવરી લેતા હોઈએ છીએ.

જરા વિચારો, જે જમ્મુ કાશ્મીરમાં ૩૭૦મી કલમ હટાવાઈ તે અગાઉ પ્રવાસીઓ ખાસ આવતા જ નહીં હોઈ ગરીબીએ હદ વટાવી હતી ત્યાં ૨૦૨૪- ૨૦૨૫ના એક જ વર્ષમાં અઢી કરોડ પ્રવાસીઓ આવે તો કઈ હદે ત્યાંના સ્થાનિક વેપારીઓ, દુકાન, શિકારા, ઘોડેસવાર અને રેસ્ટોરા, હોટલ, એરલાઈન્સ વગેરેની કમાણી વધી હોય તે સમજી શકાય તેમ છે. એવું કહેવાય છે ને કે પેટથી બીજો કોઈ મોટો ધર્મ નથી. હવે પહલગામની આતંકી ઘટના બની તે પછી ફરી કેટલાક વર્ષો બાદ પ્રવાસીઓનો આંક માંડ એક કરોડ પર પહોંચશે. આ જ કારણે સ્થાનિક લોકોને હવે આતંકીઓને સાથ આપીને તેમની રોજી રોટી ગુમાવવી ન જ પરવડે. આતંકીઓને સાથ આપતા હોય તેવા જૂજ તત્ત્વોને ત્યાંના નાગરિકો જ ખુલ્લા પાડશે.

હા, જમ્મુ કાશ્મીર વેપાર, જનજીવન અને શિક્ષણની રીતે ધબકતું થાય તે આતંકી જૂથો અને પાકિસ્તાનની સરકાર અને સેનાને પસંદ ન પડે કેમ કે 'કાશ્મીર લઈને જ રહીશું' તેવું ઝેર નાગરિકોને પીવડાવતા રહીને જ તેઓ સત્તા પર રહી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર જારી રાખી શકે છે. એટલે આતંકીઓ તો થોડા વર્ષો પછી ફરી પ્રવાસથી ધમધમતું થશે એટલે ફરી સોપો પાડવા આવા હુમલા કરી જ શકે. પણ પ્રગતિના પૈડા પર સવાર જમ્મુ કાશ્મીરના સ્થાનિક નાગરિકો જ આવા તત્ત્વોને જાકારો આપશે તેમ લાગે છે. આતંકીઓ એવો પ્રચાર કરશે કે 'બેકાર રહો, ભૂખ્યા રહો, બલિદાન આપો પણ મિશન કાશ્મીર સફળ થવું જોઈએ.'

ભારત અને પાકિસ્તાન બંને લગભગ સાથે જ આઝાદ થયા. આજે ભારત વિશ્વમાં ચોથી આર્થિક તાકાત છે. અમેરિકા અને યુરોપ ભારતને બીનઉપદ્રવી, મૂલ્યો અને સંસ્કાર આધારિત તેમજ ઉદ્યમી,પ્રગતિશીલ દેશ માને છે. ચીન કે રશિયા પર ભરોસો ન મૂકાય પણ ભારત બે ચહેરા ધરાવતો કે દગાબાજ દેશ તરીકે નથી જોવાતો.

પાકિસ્તાન આઈ.એમ..એફ. અને વર્લ્ડ બેન્કની ખેરાત પર જીવી રહ્યો છે.

અમેરિકા, યુરોપ અને પ્રગતિશીલ મુસ્લિમ રાષ્ટ્રોને પણ ભારત જોડે ધંધો કરવો છે. એપલ, ગૂગલ, ટેસ્લા, એમેઝોન, સિસ્કો ડેલ, ઓરેકલ, માઈક્રોસોફ્ટ, સ્પેસેક્સ, માઈક્રોન અને એ.આઈ.ની ટોચની કંપનીઓનું બીજું ઘર ભારતમાં આકાર પામી રહ્યું છે. ચીનને પણ તેના મોબાઈલ અને ભવિષ્યમાં ગેજેટ્સ વેચવા ભારતની જરૂર પડશે.

યુરોપના દેશોને પણ ભારત સિવાય વિશ્વમાં કયો દેશ મહત્વનો હોઈ શકે.

આથી જ ભારતે પહલગામના હુમલા પછી પાકિસ્તાન પર વળતો હુમલો કરતા પહેલા તેનું રાજકીય કદ પણ માપી લીધું. અમેરિકા અને ઈઝરાયેલે જ નહીં પણ રશિયાએ પણ સમર્થન આપ્યું કે 'આતંકીઓને જવાબ આપી ખતમ કરવાના ભારતના અભિયાનને અમારો તેઓને ટેકો રહેશે.'

યુરોપે પણ આવો જ સૂર પુરાવ્યો.

ભારતે વિશ્વને એમ મેસેજ આપ્યો કે અમે 'પાકિસ્તાની સેના કે પાકિસ્તાની નાગરિકો પર હુમલો કરીને યુદ્ધના નગારા નથી વગાડ્યા પણ અમે તો માત્ર અને માત્ર આતંકી ઠેકાણા પર જ હુમલો કર્યો છે.'

આવા સંજોગોમાં તો પાકિસ્તાનને ચીન કે મુસ્લિમ દેશો પણ સાથ ન આપી શકે. હા, યુદ્ધ થાય તો મોરચા પડી શકે.

બીજું, ભારતે અને વિશ્વએ એમ પણ જોઈ લીધું કે પેલેસ્ટાઈનના સમર્થનમાં વિશ્વનાં કેટલા ઈસ્લામ દેશો સંગઠિત થયા? લેબનોન, સીરિયા કે ઈરાન જેવા પરમાણુ શસ્ત્ર ધરાવતા દેશોએ પેલેસ્ટાઈનને ટેકો આપતા ઈઝરાયેલ પર હુમલો કરવા હજુ તો હાથ ઊંચો કર્યો ત્યાં ઈઝરાયેલે તેઓને તેમની માયા સંકેલી દેવાની ફરજ પાડી.

અત્યારે કોઈ કોઈને યુદ્ધમાં સાથ આપે તેવી આર્થિક કે સંપની સ્થિતિમાં નથી. બધે વર્ગ અને વંશ વિગ્રહ ચાલે છે.

યુક્રેન અમેરિકાની સહાયથી જ લડતું રહ્યું છે પણ કોઈ યુરોપિયન દેશો કે 'નાટો' દેશોની ધરી યુક્રેન માટે રચાઈ?

આમ પાકિસ્તાન પણ અંદરથી જાણે છે કે ચીન પણ તેઓના ફાયદા પૂરતો જ વ્યૂહાત્મક સાથ આપે. રશિયા, યુરોપ કે અમેરિકા પણ તેઓ સાથે નથી અને પેલેસ્ટાઈનને સાથ આપવા જો વિશ્વના ઈસ્લામ દેશો યુદ્ધ માટે સંગઠિત ન થયા તો પાકિસ્તાન માટે ન પણ થાય.

અમેરિકા ભારત હજુ ખમતીધર હોઈ તેને શસ્ત્રો વેચી શકશે પણ હવે દેવાળિયા પાકિસ્તાનને તો શસ્ત્રો વેચી શકે તેમ પણ નથી.

અમેરિકા ભારતમાં ચીનથી સ્થળાંતરિત થનાર ઉત્પાદન અને બીઝનેસને જોતા પણ ભારતને સુરક્ષા પૂરી પાડશે.

'ઓપરેશન સિંદૂર' ભારત માતાના લલાટ પરના ગૌરવ તરીકે પણ ઉભરી આવે તેવી શક્યતા છે. ■

# આપણા જાસૂસી ઉપગ્રહોના નબળા નેટવર્ક માટે બૂસ્ટર ડોઝ જરૂરી





**હોટલાઈન**

**ભાલચંદ્ર જાની**

પહેલગામમાં થયેલા આતંકી હુમલા પછી ફરી એકવાર રાષ્ટ્રીય સુરક્ષા માટેની સરકારી યંત્રણા પર પ્રશ્નાર્થ ચિહ્ન મુકાઇ ગયું છે. કેન્દ્રના ગૃહખાતાએ પણ સ્વીકારવું પડ્યું કે ક્યાંક કોઇ ચૂક થઇ છે. સુરક્ષા વ્યવસ્થામાં ખામી રહી ગઇ છે. આપણે ભલે એમ માનતા રહીયે કે કાશ્મીરમાં શાંતિ સ્થપાઇ ગઇ છે અને હવે પહેલાં જેવો ભય રહ્યો નથી, પરંતુ એ વાત પણ સ્વીકારી લેવી પડે કે સરકાર સલામતીના ગમે તેટલાં જડબેસલાક પગલાં લે છતાં આતંકવાદીઓ પોતાને મનફાવે ત્યારે કાશ્મીરમાં ઘૂસી ધમાચકડી મચાવી જાય છે.

આપણે ત્યાં નાની મોટી તેર-ચૌદ ગુપ્તચર સેવા સંસ્થાઓ છે. જેવી કે રિસર્ચ એન્ડ એનેલિસિસ વીંગ (રૉ), ઇન્ટેલિજન્સ બ્યૂરો (આઇબી), મિલિટરી ઇન્ટેલિજન્સ (એમઆઇ) અને છેલ્લા થોડા સમયથી બહુ ગાજતી નેશનલ ઇન્વેસ્ટિગેટિવ એજન્સી (એનઆઇએ). બાકીની બીજી એજન્સીઓ જે તે વિભાગ સાથે સંકળાયેલી છે ૨૦૨૧ના આંકડા મુજબ કેન્દ્ર સરકાર ગુપ્તચર સેવાઓ પાછળ વરસે ૭૫ કરોડ રૂપિયા ખર્ચે છે. કેન્દ્રના ગૃહ ખાતાએ અથવા સંરક્ષણ ખાતાએ તમામ ગુપ્તરચર સેવાના વડાને બોલાવીને જવાબ માગવો જોઇએ કે પાકિસ્તાને આટલી મોટી આતંકવાદી ઘટનાને અંજામ આપ્યો તેની માહિતી કહેવાતા બાહોશ ગુપ્તચરો કેમ મેળવી નહોતા શક્યા?

સિક્યુરીટી બાબતના નિષ્ણાતો એવું કહે છે કે ત્રાસવાદી ઉધામા રોકવા બાબત આપણી સલામતી વ્યવસ્થા એટલી ફુલપ્રૂફ નથી કે કોઇના નાપાક ઈરાદાને સફળ થતાં રોકી શકે. ખાસ કરીને આપણા જાસૂસી ઉપગ્રહો જે માહિતી, તસવીરો આગોતરી પાઠવી શકે તે સ્પેશ બેઝ્ડ કેપેબીલીટીમાં કંઇક ઉણપ છે અથવા ખામીયુક્ત છે.

ભારત માટે આ અવકાશી સંત્રીઓની બાબતમાં જણાતી કચાશ શરમજનક કહેવાય. ભારતે અવકાશ વિજ્ઞાન ટેકનોલોજીક્ષેત્રે ઘણું કાઠું કાઢ્યું છે. છેક ૧૯૭૫માં આર્યભટ્ટ ઉપગ્રહ લોંચ કર્યો ત્યારથી માંડીને ચંદ્રયાન-૩ સુધીની વિજયકૂચ અને ખૂબ જ યશસ્વી નીવડેલી મંગળયાત્રા જેવી સીમાચિહ્ન જેવી સિદ્ધિ ભારતે હાંસલ કરી છે. પરંતુ જાસૂસી ઉપગ્રહ બાબતમાં આપણે થોડા પાછા પડીએ છીએ.

આપણે સૌ જાણીએ છીએ કે જમીન, જળ અને નભ પછી હવે જગતના ઘણાં દેશોએ અવકાશમાં પણ યુદ્ધભૂમિના સીમાડા વિસ્તાર્યા છે. આપણા વિજ્ઞાનીઓ પણ અવકાશમાં મિલિટરી ગ્રેડની તૈયારી થાય તે માટે ચૂપચાપ કામ કરી રહ્યા છે. ૨૦૨૦માં ચીની દળોએ પૂર્વી લડાખમાં ઘૂસણખોરી કરી ત્યારથી આપણા સત્તાવાળાઓને પણ સમજાઇ ગયું છે કે હવે આપણે સ્પેસ બેઝ્ડ સર્વિલન્સ (SBS) બાબત ગંભીર બનવું જોઇએ. આ આશય સાથે જ ભારતના સંરક્ષણ વિજ્ઞાનીઓ એક સાથે પાંચ કે તેથી વધુ સ્પાય સેટેલાઇટ્સનું માળખું ગોઠવી સશસ્ત્ર દળોને દેશના સીમાડા પર થતી હિલચાલની ઝીણવટભરી માહિતી આપી શકે તેવી તજવીજ કરી રહ્યા છે.

વર્તમાન સમયમાં ભારતના ૯થી ૧૧ ડિફેન્સ સેટેલાઇટ આકાશમાં કાર્યરત છે. જ્યારે અમેરિકા અને ચીન ૨૪૦ થી વધુ મિલિટરી સેટેલાઇટ ધરાવે છે, રશિયાના પણ આશરે ૧૦૦ ઉપગ્રહો લશ્કરી કાર્યવાહી માટે તમામ માહિતી ઉપલબ્ધ કરાવે છે. પાકિસ્તાન પાસે આવી કોઇ સુવિધા નથી. પરંતુ તેનો ફ્રેન્ડ-ફિલોસોફર દેશ ચીન તેના ઉપગ્રહો થકી મેળવેલી માહિતી પાકિસ્તાનના સંરક્ષણ મથકે પહોંચાડતું રહે છે. ચીને તાજેતરમાં જ પાકિસ્તાનમાં બેઇડોઉ નેવિગેશન સિસ્ટમ માટે ગ્રાઉન્ડ સ્ટેશન ઊભું કર્યું છે, જે પાકિસ્તાન એરફોર્સને યુદ્ધકાળમાં ઉપયોગી માહિતી માર્ગદર્શન આપી શકે છે.

ભારત પાસે ભલે નવ-દસ સ્પાય સેટેલાઇટ હોય પરંતુ આજના જમાનામાં હર કોઇ દેશ અવકાશી મોરચે પણ પોતાનું સ્થાન મક્કમ કરવા તનતોડ મહેનત કરી રહ્યા છે.

ભારતે રિસાટ-ટુબી અને જીસેટ-૭ સિરિઝના ઉપગ્રહો લોંચ કરીને તેની સેટેલાઇટ સિસ્ટમ સુદ્દઢ કરવાની કોશિશ તો કરી છે. છતાં વિકસિત દેશોની માફક સર્વગ્રાહી કામગીરી આપી શકે તેવું સેટેલાઇટ કોન્સ્ટેલેશન રચવામાં ધારી સફળતા મળી નથી.

જોકે તાજેતરમાં ભારત સરકારે સ્પેસ બેઝ્ડ સેટેલાઇટ્સનો પ્રોગ્રામ આગળ ધપાવવા કેટલાંક મહત્ત્વના નિર્ણયો લીધા છે, જેમાં કુલ મળીને બાવન ઉપગ્રહ તરતા મૂકવાની વાત છે. તેમાંથી ૩૧ સેટેલાઇટ તો ખાનગી કંપનીઓ બનાવશે. આ ઉપગ્રહો જ્યારે (નજીકના ભવિષ્યમાં) કાર્યાન્વિત થશે ત્યારે શત્રુનું નિશાન સાંધવામાં, મહત્ત્વના સિગ્નલ પાઠવવામાં, ભૂમિગત લોજિસ્ટિક સપોર્ટ (મોરચે લડતાં સૈન્યને કુમક પહોંચાડવા બાબત) તથા ખતરાની પૂર્વ ચેતવણી આપવાની કામગીરી બજાવશે. વિશ્વના આગેવાન દેશો તેમના ઉપગ્રહોની શૃંખલા વડે તમામ મિલિટરી ઓપરેશન્સ પાર પાડવામાં સૈન્યને ખૂબ જ સહાયરૂપ થાય છે.

ભારતના હાલના ઉપગ્રહો શત્રુની હિલચાલ, તેમના મથકો પર થતી ગતિવિધિ વગેરે જાણકારી મેળવી, તેની તાબડતોબ માહિતી આર્મી કમાન્ડને પાઠવવામાં ઉણા ઉતરે છે.

ભૂતકાળમાં લોંચ થયેલા કાર્ટોસેટ-ટુસી પ્રકારના ઉપગ્રહોની ઉણપ એ હતી કે તે ભૂમિગત ચોક્કસ વિસ્તારની ઈમેજ દર ચાર દિવસે માત્ર એકવાર પાઠવી શકતા હતા.

**હાલ ભારતના ૯થી ૧૧ ડિફેન્સ સેટેલાઇટ આકાશમાં કાર્યરત છે, જ્યારે અમેરિકા અને ચીન ૨૪૦થી વધુ મિલિટરી સેટેલાઇટ ધરાવે છે. પાકિસ્તાન પાસે આવી કોઇ સુવિધા નથી**

ભારતનું સ્કાય બેઝ્ડ સર્વિલન્સ સહેજ નબળું પડે છે તેનું એક કારણ છે દેશનું અવકાશ સંશોધન ક્ષેત્રનું બજેટ. તે હાલમાં બે અબજ ડોલરથી ઓછું છે. નાસાનું આ બજેટ ૨૫ અબજ ડોલર છે. ચીન સ્પાય સેટેલાઈટ્સ પ્રોગ્રામ પાછળ વર્ષે ૧૮ અબજ ડોલર ખર્ચે છે, જ્યારે યુરોપિયન સ્પેસ એજન્સી ૭.૭ અબજ પાઉન્ડ ખર્ચે છે. અમેરિકાએ ૨૦૨૪માં તેના સ્પેસ ફોર્સ કમાન્ડ માટે ૩૦ અબજ ડોલર ફાળવ્યા હતા. જ્યારે ચીને ૧૦ અબજ ડોલર અવકાશનું લશ્કરીકરણ કરવા માટે ખર્ચ્યા હતા.

આ દેશોની સરખામણીમાં ભારત કાઉન્ટર સ્પેસ સિસ્ટમ, એન્ટી સેટેલાઈટ ડિફેન્સ અને ઈલેક્ટ્રોનિક વોરફેર પાછળ મામૂલી બજેટ ફાળવે છે. મોટી મોકાણ તો એ છે કે આપણે અવકાશી સંરક્ષણ સંબંધિત અડધાથી વધુ યંત્ર-સામગ્રી વિદેશથી આયાત કરીએ છીએ.

અહીં એ ઉલ્લેખ પણ કરવો પડે કે ભારતનું કોમર્શિયલ સ્પેસ સેક્ટર મોટો કમાઉ દીકરો બની ગયું છે. ૨૦૪૦ સુધીમાં આપણે રોકેટ-ઉપગ્રહો બનાવીને, તેમ જ તરતા મૂકીને ૪૪ અબજ ડોલરથી પણ વધુ કમાણી કરતા હોઈશું. પરંતુ આટલા ખાતર સંરક્ષણની દ્રષ્ટિએ અવકાશી મોરચાની ઉપેક્ષા થઈ ન શકે. સરકારે જલ્દીથી વિસ્તૃત નીતિ ઘડીને તેમ જ દેશની ખાનગી કંપનીઓનો સહકાર સાંધી સ્પેસ બેઝ્ડ સર્વિલન્સને વધુ મહત્ત્વ આપવું જોઈએ, તેમજ આ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવું જોઈએ.

તાજેતરમાં ઈસરોના વડાએ જણાવ્યું હતું કે આગામી ત્રણ વર્ષમાં સરહદી સુરક્ષા અને દરિયાકાંઠાની સુરક્ષા જડબેસલાક કરવા માટે ૧૦૦-૧૫૦ વધુ સેટેલાઈટ્સ ઉમેરવામાં આવશે. બોર્ડર પર સુરક્ષાના પડકારોને ધ્યાનમાં રાખીને સ્પેસ ક્ષેત્રમાં સુધાર લાવવા માટે પ્રાઈવેટ કંપનીઓને મંજૂરી આપવામાં આવી છે. હાલમાં ભારતીય સીમાડાનું રક્ષણ કરવા માટે લગભગ ૫૫ સેટેલાઈટ્સ કાર્યરત છે. જોકે આમાંના ઘણા ઉપગ્રહ ખેતીવાડી, ખનીજ સંશોધન કે મોસમ વિજ્ઞાન અંગેની કામગીરી પણ બજાવે છે. દરિયાકિનારો લગભગ ૭૫૦૦ કિમીનો છે અને તેનું નિરીક્ષણ કરવા માટે આપણને વધુ સેટેલાઈટ્સની જરૂર છે.

આ તમામ મિલિટરી સેટેલાઈટ્સ પૃથ્વીની લો અર્થ ઓર્બિટ (એલઈઓ), મિડિયમ અર્થ ઓર્બિટ (એમઈઓ), અને શક્ય હશે તો જીયોસ્ટેશનરી ઓર્બિટ (જીઈઓ) એમ જુદી જુદી ભ્રમણકક્ષામાં તરતા મૂકવામાં આવશે. સાથોસાથ તેમાં અત્યાધુનિક ટેક્નોલોજીનાં સેન્સર્સ, હાઈ ઈમેજિંગ સિસ્ટમ્સ અને શક્ય હશે તો સિન્થેટિક એપેર્ચર રાડાર જેવાં વૈજ્ઞાનિક ઉપકરણો ગોઠવવામાં આવશે. મહત્વની બાબત તો એ છે કે આ તમામ વૈજ્ઞાનિક ઉપકરણો બધી મોસમમાં અને સતત ૨૪ કલાક કાર્યરત રહી શકશે.

ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીઓડી) જનરલ અનિલ ચૌહાણે ગયા સપ્તાહે દિલ્હીમાં જણાવ્યું હતું કે ભારત ઝડપથી 'લોંચ ઓન ડિમાન્ડ'નો હેતુ પાર પાડવાની સિદ્ધિ મેળવી લેશે. ડિફેન્સ સ્પેસ એજન્સી આ હેતુસર ૬૫૦ કિલો વજનનો ઉપગ્રહ ધરતીથી ૭૫૦ કિ.મી.ની ઉંચાઈએ તરતો મૂકશે. તેની ખાસિયત તો એ છે કે આવા ઉપગ્રહ મોબાઈલ પ્લેટફોર્મ પરથી ફક્ત ૬૦ મિનિટમાં નિર્ધારીત ઊંચાઈએ તરતા મૂકી શકાશે. આવી ક્ષમતા હાંસલ કર્યા પછી ભારત તેના કુદરતી આફત કે શત્રુના હુમલાથી નષ્ટ પામેલા ઉપગ્રહને સ્થાને તરત નવો ઉપગ્રહ ગોઠવી શકશે.

ખુશીની વાત એ છે કે ભારત દ્વારા છોડવામાં આવનારા નવા મિલિટરી સેટેલાઇટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતાં હશે. એક સાથે પાંચથી વધુ સંખ્યામાં તરતા મૂકાયેલા ઉપગ્રહો એક ઝુમખુ રચી અવકાશમાં વિવિધ ઉંચાઈએ તરતા રહી માહિતીની આપ-લે કરશે. તેમ જ આ માહિતી ગ્રાઉન્ડ સ્ટેશને પહોંચાડતા તેઓ વધુ સ્પષ્ટ, સુરેખ ઈમેજ તૈયાર કરી શકશે.

અત્રે એ પણ જણાવી દઈએ કે નવા ગમે તેટલા ઉપગ્રહો તરતા મૂકો, માત્ર ભારત જ નહીં, અદ્યતન દેશોના કોઈ પણ ઉપગ્રહ દરિયાના પેટાળમાં તરતી સબમરીનની ઈમેજ મેળવી શકતી નથી.

સ્પેસ બેઝ્ડ સર્વિલન્સની વાત કરીએ છીએ ત્યારે આપણે ફક્ત મિલિટરી સેટેલાઈટ લોંચ કરવાની વાત નથી કરતા. પરંતુ સાથે સાથે લોંચ વ્હીકલ્સ, ભૂમિગત માળખાકીય સુવિધા, ડાટા પ્રોસેસિંગની ક્ષમતા અને આ તમામ સંસાધનના સંરક્ષણ માટેની તૈયારીનો સમાવેશ થાય છે.

આ પ્રમાણેની ઈકોસિસ્ટમ તૈયાર થાય તો જ આપણી ત્રણેય સેનાને વિશાળ પ્રદેશને આવરી લેતી પ્રત્યેક ગતિવિધીઓની સમયસર જાણ થશે. ખૂબ ચોકસાઈપૂર્વકની લશ્કરી વ્યૂહરચના કરવામાં ફાવટ રહેશે. તેમજ ભૂમિગત સંદેશવ્યવહાર પ્રણાલી પડી ભાંગે ત્યારે ઉપગ્રહ મારફતે આ કોમ્યુનિકેશનની કડી જોડાયેલી રાખવામાં ફાયદો થાય. આટલું જ નહીં, આવી યંત્રણા ગોઠવાય ત્યારે શત્રુની મિસાઈલના આગમનની આગોતરી જાણ થાય.

તાજેતરમાં દક્ષિણ ભારતની ત્રણ પ્રાઈવેટ કંપનીઓની યાદી તૈયાર કરવામાં આવી છે, જે એસ.બી.એસ. પ્રોગ્રામ માટે ૩૧ ઉપગ્રહ બનાવશે. જોકે હજુ કોઈ કંપની સાથે કોન્ટ્રાક્ટ નથી થયો, પરંતુ થશે તો દેશમાં પ્રથમવાર મિલિટરીની દ્રષ્ટિએ વ્યૂહાત્મક કામગીરી બજાવતા ઉપગ્રહ બનાવવાનું કામ ખાનગી કંપનીઓને સોંપાશે.

આગળ જતાં ભારતે વધુ અધતન સેન્સર્સ, સચોટ સંદેશવ્યવહાર પ્રણાલિ, ઈલેક્ટ્રોનિક ઈન્ટેલિજન્સ બાબતમાં ખાસ્સું મૂડીરોકાણ કરવું પડશે. ખાસ તો ભવિષ્યમાં (સ્ટાર વોર વખતે) આપણા ઉપગ્રહોને કાયનેટિક, ઈલેક્ટ્રોમેગ્નેટિક કે સાયબર એટેકથી કોઈ ખોરવી ન શકે તેવી તજવીજ કરવી પડશે. આ સાથે જ આપણે સંપૂર્ણ દેશી છતાં અદ્યતન ઉપગ્રહ સ્વબળે લોંચ કરવાની ક્ષમતા કેળવવી પડશે. વળી, ભવિષ્યમાં ઉપગ્રહની આવરદા પૂરી થાય કે શત્રુ તેને નષ્ટ કરે તો તાબડતોબ બીજો ઉપગ્રહ તરતો મૂકવાની ક્ષમતા પણ કેળવવી જોઈએ. હાલમાં ભારત દર વર્ષે છ-સાત લોંચિંગ પ્રોગ્રામ હાથ ધરે છે.

ભારતે ૨૦૧૯માં 'મિશન શક્તિ'ના નામે એન્ટિ-સેટેલાઇટ મિશન પાર પાડ્યુ હતું. એટલે કે શત્રુના ઉપગ્રહને લેસર બીમથી તોડી પાડવાની ક્ષમતા આપણી પાસે છે તેવું દાખવ્યું હતું. પરંતુ આવા એકલદોકલ પ્રયોગોથી સંતોષ માની લેવાની જરૂર નથી. વિસ્તૃત ફલક પર કામ કરનારી ડિફેન્સ સ્પેસ એજન્સીની રચના કરવાની તાતી જરૂર છે. જેને મિલિટરીના યુનિફાઇડ કમાન્ડ સ્ટ્રકચર સાથે સાંકળી શકાય. ■

# અંતરિક્ષમાં ઈડલી-સંભાર

પારિજાતનો પરિસંવાદ
ડૉ. કુમારપાળ દેસાઈ

પૃથ્વી પર વસતી માનવજાતિને આકાશ સદા આકર્ષતું રહ્યું છે. આપણી કેટલીય રમણીય કલ્પનાઓ આ આકાશ પર આધારિત છે. વર્ષાઋતુમાં એ મેઘધનુષ જુએ અને પૃથ્વીમાં વસતા માનવીને એ રંગબેરંગી મેઘધનુષનાં રંગો પોતાની આંખોમાં ભરી લેવાનું મન થાય.

ખેડૂતની આંખો તો બારેમાસ આકાશભણી મંડાયેલી રહે છે. એથીયે વિશેષ આ ધરતી પરનાં ધર્મો આકાશમાં એક આખીય સૃષ્ટિ જોતા હોય છે. કેટલા બધા દેવો આકાશમાં વસે છે અથવા એમ કહીએ કે આ આકાશ એ જ એમનું નિવાસસ્થાન છે. જ્યાં એમનું રાજ પ્રવર્તે છે અને આ દેવો પ્રત્યે માનવી આગવી ભાવના, શ્રદ્ધા કે ભયથી જુએ છે.

આપણી સ્વર્ગની સઘળી કલ્પનાઓ એ આકાશ પર આધારિત છે. કુંતીને પુત્રજન્મનું મળેલું વરદાન દેવો જ પૂર્ણ કરે છે ને ! આ લોકમાં રહીને પરલોકનો વિચાર કરીએ છીએ. જો આપણે આકાશની બાદબાકી કરીને માત્ર પૃથ્વીની જ વાત કરીએ, તો સઘળા ધર્મોનાં પોણા ભાગના દેવોને આપણે રુખસદ આપવી પડે. આ આકાશે સર્જકોની કલ્પનાને ઉત્તેજી છે, તો જગતને રસપ્રદ, સાહસિક અને રોમાંચક અંતરિક્ષયાત્રાનો આનંદ પણ આપ્યો છે. આમેય માનવીને અણદીઠી ભોમ ખેડવાના ઘણા અભરખા હોય છે અને વિજ્ઞાનનું કાર્ય તો એ અણદીઠને આપણી સમક્ષ પ્રત્યક્ષ કરવાનું છે.

પૃથ્વી પર વસતા માનવીએ અંતરિક્ષનું ખેડાણ કરવાનું નક્કી કર્યું. આની પાછળ એ અણદીઠ ભૂમિનો ભેદ ઉકેલવાની એની તીવ્ર ઈચ્છા હતી, નૂતન જ્ઞાનપ્રાપ્તિની ખેવના હતી, તો વળી કોઈ આ પૃથ્વીના કલહ-કંકાસોથી કંટાળીને કે પછી વિગ્રહ અને યુદ્ધોથી પરેશાન થઈને કોઈ 'નવી ભોમકા' શોધવા ઈચ્છતો હતો. આ પૃથ્વી પરનાં જીવન કરતાં વધુ સમૃદ્ધ જીવન મળે, શાંતિમય જીવન મળે અને સુખમય સાધનો મળે એ આશય સાથે અંતરિક્ષ ખેડવા નીકળ્યો છે. પહેલાં જે આંખ આકાશને જોઈને વિચારમાં પડતી હતી, એને હવે વિમાન મળતાં વાદળો વચ્ચે સહેલગાહ કરવાની તક મળી. આ વિમાનો તો માત્ર પૃથ્વીનાં વાતાવરણમાં જ પ્રવાસ ખેડતાં હતાં. આથી અંતરિક્ષ ખેડાણ માટે વળી અલાયદી ટેક્નોલોજીની જરૂર ઊભી થઈ.

પૃથ્વી પર પરસ્પર સ્પર્ધા કરતા સમૃદ્ધ દેશોને માટે અંતરિક્ષ યાત્રા દ્વારા સ્પર્ધા માટેનું એક નવું મોકળું મેદાન મળ્યું. પૃથ્વી પરની તીવ્ર સ્પર્ધા હવે અંતરિક્ષમાં પણ ખેલાવા લાગી. વિશેષ તો રશિયા અને અમેરિકા વચ્ચે અગ્રેસર બનવાની હોડ જાગી. આ અંતરિક્ષની ઓળખ આપતું એના ઊંડા અભ્યાસી અને ઈસરોમાં દાયકાઓ સુધી કાર્ય કરનાર શ્રી ચિંતનભાઈ ભટ્ટે 'પૃથ્વીથી અંતરિક્ષ ભણી' નામનું પુસ્તક પ્રગટ કર્યું અને એમાં એમણે અંતરિક્ષની કેટલીય રસપ્રદ વિગતો આપી છે. વિચાર કરીએ કે સુનિતા વિલિયમ્સ આટલો લાંબો સમય આકાશમાં રહી તો એ શું ભોજન લેતી હશે ? એને કેટલી કેલેરીની જરૂર હશે ? જે વાનગીમાં સ્વાદ પૃથ્વી પર આવે છે, એવો જ સ્વાદ અંતરિક્ષમાં આવતો હશે ખરો ?

એ હકીકત છે કે અંતરિક્ષમથકમાં કામ કરતી વખતે એના યાત્રીને લગભગ બે હજાર કિલો કેલરી-ઊર્જાની જરૂર પડે છે. વળી જો અંતરિક્ષયાનની બહાર જઈને કામ કરવાનું હોય તો વધારાની પાંચસો કિલો-કેલરી ઊર્જા જોઈએ. એ અંતરિક્ષયાત્રી કસરત કરે, ત્યારે પણ સ્વભાવિક રીતે એને વિશેષ ઊર્જાની જરૂર પડે. અંતરિક્ષયાત્રીને



> **વિમાનમાં પ્રવાસ કરતા ભારતીયને પોતાની ભોજનશૈલીને અનુરૂપ એવા ખોરાકમાં મજા આવે છે, તો કેટલાય દિવસો સુધી અંતરિક્ષમાં રહેતા ભારતીયયાત્રીને દેશી વાનગી વગર કઈ રીતે ચાલે ?**

અંતરિક્ષમાં મોકલવામાં આવે છે, તે પૂર્વે એના ખોરાક દ્વારા યોગ્ય માત્રામાં ઊર્જાની ઉપલબ્ધતા નિશ્ચિત કરવામાં આવે છે. એનો અર્થ એ કે એના વજન પ્રમાણે કેટલી ઊર્જાની જરૂર પડશે તે નક્કી થાય છે.

વળી, પુરુષનું સરેરાશ વજન સ્ત્રી કરતાં વધારે હોય છે. તે વાત અંતરિક્ષયાત્રીઓ માટે પણ એટલી જ સાચી ઠરે છે. આનો અર્થ એ થયો કે અંતરિક્ષમાં ૭૦ કિલોગ્રામ વજનનો પુરૂષ અને ૬૦ કિલોગ્રામ વજન ધરાવતી સ્ત્રી અંતરિક્ષમાં એક જ પ્રકારનું કામ કરે છે, ત્યારે સ્ત્રીઓ કરતાં પુરૂષો લગભગ ૨૫ ટકા વધુ ઊર્જા વાપરે છે. વળી અંતરિક્ષમાં ક્યા પ્રકારનું વાહન છે, એને આધારે પણ આનું પ્રમાણ ઓછું વત્તું થઈ શકે. જેમકે સ્કાયલેબ અને એપોલોના અંતરિક્ષયાત્રીઓની કેલરીની જરૂરિયાત સ્પેસ શટલનાં યાત્રીઓ કરતા દસ ટકા વધારે હતું. હવે આ ઊર્જાની ગણતરી પ્રમાણે આહાર નિર્ધારિત થતો હોય છે. સામાન્ય રીતે અંતરિક્ષયાત્રીને વજન ઘટવાની સમસ્યાનો સામનો કરવો પડે છે અને તેથી એમના આહાર માટે વિશેષ ધ્યાન રાખવું પડે છે.

અંતરિક્ષમાં રાંધી શકાય ખરું ? ધારો કે કોઈ અંતરિક્ષયાત્રીને રાંધેલો ખોરાક ખાવાની ઈચ્છા થાય, તો તેમાં નાનકડા રસોડાની પણ સગવડ હોય છે. હા, એટલું ખરું કે અહીં નીચા દબાણને કારણે નીચા તાપમાને પાણી ઉકળવા લાગે છે અને તેથી ઈચ્છિત તાપમાન સુધી ન પહોંચી શકતા ખોરાક સરળતાથી રાંધી શકાતો નથી. આમ છતાં અંતરિક્ષયાત્રીઓ વિવિધ પ્રકારની વાનગીઓ તૈયાર કરે છે. એમની સાથે બે વર્ષ સુધી વાપરી શકાય તેવા એલ્યુમિનિયમનાં ડબામાં પેક કરેલાં ખાદ્ય પદાર્થો પણ હોય છે. પૃથ્વી પરનાં ખાદ્ય પદાર્થોની માફક અંતરિક્ષ પરનાં ખાદ્ય પદાર્થો પર અંતરિક્ષયાત્રીને પરિચિત હોય તેવી ભાષામાં એ ખોરાકની સંપૂર્ણ વિગત દર્શાવવામાં આવે છે. હવે ધારો કે કોઈ ખોરાક બગડી ગયો હોય કે પછી એનો પૂરેપૂરો ઉપયોગ થયો ન હોય તો શું કરવું ? ક્યાં ફેંકી દેવો ? હકીકતમાં અંતરિક્ષયાનમાં જ આની કચરાપેટી રાખેલી હોય છે.

અંતરિક્ષમાં એક વિચિત્ર સમસ્યાનો સામનો કરવો પડે છે. પૃથ્વી પર તો રોજ આટલું પાણી પીવું જોઈએ એવી સૂચના આપણને મળે છે અને ઓછું પાણી પીવાને કારણે કેવી શારીરિક તકલીફો થાય છે, તે પણ આપણે જાણીએ છીએ. પણ અંતરિક્ષમાં જીભ સુકાઈ જતી નથી, તેથી તરસની લાગણીનો કોઈ સંકેત મળતો નથી. જ્યારે અઢી હજાર કિલો કેલરી ખર્ચ કરતા અંતરિક્ષયાત્રીને માટે દોઢથી અઢી લીટર પાણી પીવું જરૂરી છે.

કથાઓમાં આપણે જાણીએ છીએ કે નારદ એ ત્રણેય લોકમાં ઘૂમી શકતા હતા. આજે આપણે અંતરિક્ષમાં ઘુમવાનો વિચાર કરીએ છીએ, ત્યારે પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની સામે અંતરિક્ષમથક પરની ગુરુત્વાકર્ષણ વિનાની પરિસ્થિતિનો વિચાર કરવો પડે. આનો અર્થ એટલો કે આપણે પૃથ્વી પર પ્યાલાથી કે બોટલથી પાણી પીએ છીએ, તે રીતે અંતરિક્ષમાં પીવું શક્ય નથી. આપણે પૃથ્વી પર પ્યાલાથી પ્રવાહી પીએ છીએ, ત્યારે મોઢા પાસે લાવીને એને જરૂર મુજબ નમાવીએ છીએ જેથી પ્રવાહી હોઠ સુધી પહોંચે. આ પ્રક્રિયામાં પૃથ્વીના ગુરૂત્વાકર્ષણની અગત્યની ભૂમિકા છે, પરંતુ અંતરિક્ષમાં તો આવી રીતે પ્યાલાથી પાણી પી ન શકાય. એટલે એનો ઉપાય એવો કરવામાં આવ્યો છે કે સ્ટ્રોથી ચૂસીને પાણી પીવું. પૃથ્વી પર પાણી પીતી વખતે જેવી અનુભૂતિ થાય તેવી અનુભૂતિ માટે શૂન્ય ગુરૂત્વાકર્ષણમાં ઉપયોગમાં લઈ શકાય એવો પ્યાલો પણ વિકસાવ્યો છે.

હવે વાત કરીએ, અંતરિક્ષની વાનગીઓની. વાનગીઓનું નિર્જલીકરણ (જલવિહોણું) કરવામાં આવતું હોવાથી એનો આઈસક્રીમ સુગંધિત મીઠા દૂધના પાવડર જેવો લાગે છે. અંતરિક્ષમાં લાંબો સમય રહેવાનું હોવાથી અંતરિક્ષયાત્રીઓ માટે અમેરિકા અને રશિયાએ પોતાની સંસ્કૃતિ અને રીતરિવાજ મુજબ અંતરિક્ષ વાનગી બનાવી રહ્યું છે. ભારત પણ આમાં પાછું પડે તેમ નથી. એણે પણ અંતરિક્ષયાત્રીઓને ભારતીય વાનગીઓની ખોટ ન સાલે તેનો વિચાર કર્યો છે. વિમાનમાં પ્રવાસ કરતા ભારતીયને પોતાની ભોજનશૈલીને અનુરૂપ એવા ખોરાકમાં મજા આવે છે, તો કેટલાય દિવસો સુધી અંતરિક્ષમાં રહેતા ભારતીયયાત્રીને દેશી વાનગી વગર કઈ રીતે ચાલે ? આને માટે મૈસૂરની The defence food research leboratory ભારતીય અવકાશયાત્રીઓ માટે કઈ વાનગીઓ એમને મજાની લાગે તે અંગે કાર્ય કરે છે.

ઈસરોની યોજના પ્રમાણે ચારેક અંતરિક્ષયાત્રીઓ એક અઠવાડિયા માટે અંતરિક્ષમાં રહેશે. એ સમયે એમને માટે ઈડલી-સંભાર, ઉપમા, મગની દાળનો શીરો, વેજીટેબલ પુલાવ જેવી ત્રીસેક વાનગીઓ તૈયાર થઈ ગઈ છે અને સાથોસાથ ખોરાકને ગરમ રાખવા માટેનાં સાધન તેમજ જરૂરી સ્ટેન્લેસ સ્ટીલનો કટલરી સેટ પણ તેઓની પાસે હશે. વળી, સૂક્ષ્મ ગુરૂત્વાકર્ષણમાં પાણી અને ફળોના રસ જેવા પ્રવાહી પીવા માટે એક વિશિષ્ટ વાસણ પણ તૈયાર કર્યું છે.

આમ પૃથ્વી પર વસતા માણસને અંતરિક્ષમાં જાણે નવી દુનિયા વસાવવી પડતી હશે એવું લાગે છે ને ! ■

## મનઝરૂખો

**મૂશળધાર વરસતા વરસાદની જેમ આપણા જીવન પર સતત સલાહ-વર્ષા થતી હોય છે. કેટલીક વ્યક્તિઓ સલાહ આપવા માટે અત્યંત આતુર હોય છે. લગ્નપ્રસંગ હોય કે મૃત્યુપ્રસંગ હોય, પણ બધા જ પ્રસંગે એ સલાહની 'ટેબ્લેટ' આપ્યા વિના રહી શકતા નથી. વણમાગી સલાહ આપનારાઓનો ક્યાં તોટો હોય છે ! ખુલ્લા મેદાન જેવા સોશિયલ મીડિયા પર તો સલાહ આપવાની સિક્સર લગાવનારાઓની લાઈન લાગી છે અને કેટલીક વ્યક્તિ તો સલાહ આપવાની વૃત્તિથી એટલી બધી પીડાતી હોય છે કે એ તમને સલાહ આપ્યા વિના રહી શકે નહીં. એ સર્વજ્ઞની અદાથી દરેક વિષય પર પોતાની સોનેરી સલાહ ઝીંકતા હોય છે. 'તમે મને પૂછ્યું નથી, છતાં મારે આ બાબતમાં તમને સલાહ આપવાની હોય, તો તમારે આ રીતે વર્તવું જોઈએ' એવું કહેનારાયે તમને છાશવારે ભેટી જતા હોય છે.**

**ખેર! સલાહ એની લેવી જેણે એ ક્ષેત્રમાં સૂઝ અને ખંતથી સફળતા મેળવી હોય. કોઈ નવા કાર્યના પ્રારંભે જો બધાની પાસે સલાહ લેવા જશો તો બનશે એવું કે તમારી પાસે સલાહનો ઢગલો થઈ જશે અને એ સઘળી સલાહો સાંભળીને તમે એ કાર્ય કરવાનું માંડી વાળશો. જેમ કોઈ વ્યક્તિ બીમાર થાય ત્યારે એના પર સલાહનો મારો ચલાવવામાં આવે છે અને જો એ બધી સલાહ સ્વીકારે તો સાજા થવાને બદલે પથારીમાં જ જગતની વિદાય લઈ લે. બીજાની સલાહ લઈને જે વેપાર કરવા નીકળે છે, તે દેવાળું ફૂંકતો હોય છે.**

**સલાહ લેવામાં સમજદારી અને ખબરદારી રાખવી જોઈએ. કોની વાત કાને સાંભળવાની અને મનથી સમજવાની જરૂર છે, તે અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ. વળી, એ પણ જોવું જોઈએ કે જે વ્યક્તિ સલાહ આપવા ઉત્સાહિત છે એણે એ સલાહનું પોતાના જીવનમાં પાલન કર્યું છે ખરું ? સલાહ સ્વીકારતા પૂર્વેની આ સૌથી મોટી કસોટી છે કે આપણને જે સલાહ આપે છે, તે એના જીવનમાં સાકર થાય છે ખરી ? મહાપુરૂષો એ જ ઉપદેશ આપતા જેનું એમના આચારમાં પ્રતિબિંબ જોઈ શકાય. આવી સલાહ જ માર્ગદર્શક બની શકે.**

---

**એશિયાડ ચેમ્પિયન અભય સિંઘ વર્લ્ડ કપ - કોમનવેલ્થ ગેમ્સમાં ચંદ્રક જીતી ચૂક્યો છે**

# સ્ક્વોશ છોડી દેવાની તૈયારી કરી ચૂકેલા અભયની કારકિર્દી એક ઈ-મેલથી બદલાઈ ગઈ

Sports ફન્ડા
રામકૃષ્ણ પંડિત

નૈયા ઝુકાવી મેં તો જો જે ડુબી જાય ના, ઝાંખો ઝાંખો દીવો મારો જોજે બુઝાય ના. - અફાટ દરિયામાં શરુ થતી પ્રત્યેક સફર તો ઉત્કંઠા અને અનિશ્ચિતતાના વાદળોથી ઘેરાયેલી જ હોય છે. જોકે, નવી દુનિયાની શોધનું સ્વપ્ન જ્યારે આંખોમાં અંજાય છે, ત્યારે તેને પામવા માટે રસ્તામાં આવતા તમામ વિઘ્નોને પાર કરી જવાનો આત્મવિશ્વાસ પણ જન્મે છે. દરેક સફરમાં સતત તોફાનોનો સામનો કરવો જ પડતો હોય છે, તેવી જ રીતે કશુક પામવા માટેના પ્રયાસમાં પણ હતાશા અને પ્રતિકૂળતાના તોફાનો સહજ આવી પહોંચે છે, પણ નાનકડી આશાના દીવડાને સહારે તેનો સામનો કરનાર જ સફળતાના ઊજાસ સુધી પહોંચી શકે છે.

ભારતીય સ્ક્વોશ જગતમાં આગવી પ્રતિભા થકી આગવો પ્રકાશ રેલાવી રહેલા ૨૬ વર્ષના અભય સિંઘની વૈશ્વિક સ્તરે પણ આગવી ચમક દેખાડવા માંડી છે. સ્ક્વોશના વર્લ્ડ કપમાં મિક્સ્ડ ડબલ્સનો કાંસ્ય ચંદ્રક હોય કે પછી એશિયન ગેમ્સનો પુરુષ ટીમ સ્પર્ધાનો સુવર્ણ, અભયની નિર્ભય રમત અને જોશ એક આગવો ચાહકવર્ગ ઉભો કરતો રહ્યો છે. કોમનવેલ્થ ગેમ્સ જેવા પ્રતિષ્ઠિત રમતોત્સવમાં પણ અભયે નોંધપાત્ર સફળતા મેળવી છે.

સ્ટેમિના અને પાવરની ગેમ તરીકે ઓળખ ધરાવતા સ્ક્વોશમાં ખેલાડીની અનુમાનશક્તિની પણ આકરી કસોટી થાય છે અને તેના થકી જ સફળતાનો મુકામ હાંસલ કરી શકાય છે. ભારતમાં સ્ક્વોશની રમત તો સાવ હાંસિયામાં ધકેલાયેલી રમતોમાં પણ છેવાડે છે, ત્યારે વૈશ્વિક સ્તરે છે, જેમાં અભય પુરુષ સિંગલ્સમાં વિશ્વના ટોચના ૪૦ ખેલાડીઓમાં સ્થાન મેળવવાની સિદ્ધિ પણ ધરાવે છે અને હાલમાં ભારતીય સ્ક્વોશના પુરુષ ખેલાડીઓમાં બીજા ક્રમે છે.

અભયે મે-૨૦૨૫ના પહેલા જ સપ્તાહમાં અમેરિકાના ન્યૂયોર્ક શહેરમાં યોજાયેલી હૈદર ઓપન ટુર્નામેન્ટમાં પુરુષ સિંગલ્સનો ખિતાબ જીતવાની સિદ્ધિ હાંસલ કરી હતી. સ્ક્વોશની વર્લ્ડ ટુર ઈવેન્ટ અંતર્ગત સ્થાન ધરાવતી આ ટુર્નામેન્ટમાં અભયે બ્રિટનના સેમ ટોડને મહાત આપીને ટાઈટલ હાંસલ કરી લીધું હતુ. રસપ્રદ બાબત એ હતી કે, સેમિ ફાઈનલમાં અભયનો મુકાબલો પાકિસ્તાનના અંડર-૨૩ના વિશ્વવિજેતા નૂર ઝમાન સામે થયો હતો, જેમાં પણ ભારતીય ખેલાડીએ ૩-૦થી ક્લીન સ્વિપ કરી હતી. આ કારણે અભયનું પ્રોફેશનલ સ્ક્વોશ ટુરનું ૧૧મું ટાઈટલ યાદગાર બની રહ્યું છે અને આ સફળતાએ જ તેને વર્લ્ડ રેન્કિંગમાં સાત સ્થાનના કુદકા સાથે ૩૮માં ક્રમે આવી પહોંચ્યો છે.

છેલ્લા બે વર્ષના સાતત્યભર્યા દેખાવને કારણે જ અભય હવે ભારતીય સ્ક્વોશના એલિટ ખેલાડીઓ જેવા કે સૌરવ ઘોષાલ, મહેશ મંગાઓનકર, હરિન્દર પાલ સિંઘ સંધુ તેમજ રામિત ટંડનની



> **કિશોરાવસ્થામાં એક સમયે ૯૬ કિલો વજન ધરાવતા અભયે સ્ક્વોશ ખેલાડી બનવાનું સ્વપ્ન સાકાર કરવા ૨૬ કિલો વજન ઉતાર્યું**

હરોળમાં પહોંચી ગયો છે. ભારતીય સ્ક્વોશના આ ઉભરતા સિતારાની સફર આસાન રહી નથી. ઉત્તર પ્રદેશથી આર્થિક વિકાસની રાહ શોધતા ચેન્નાઈ પહોંચેલા સંપન્ન પરિવારમાં જન્મેલા અભયને પાડોશીએ સ્ક્વોશની રાહ દેખાડી. શરુઆત તો ટેનિસથી થઈ, પણ આ દરમિયાન જ ભાગ્ય અભયને સ્ક્વોશ સુધી દોરી ગયું.

પિતાની આર્થિક સધ્ધરતાના કારણે અભયની કારકિર્દી ધીમી પણ મક્કમ ગતિથી આગળ વધી. વિદેશમાં ઉચ્ચઅભ્યાસ કરવાનું સ્વપ્ન સેવતા અભયનું મન તેને સ્ક્વોશ તરફ ખેંચતુ રહ્યું હતુ. સંપન્ન પરિવારમાં જન્મેલા અભય પર કોઈની રોકટોક નહતી અને આ કારણે કિશોરાવસ્થામાં તેનું વજન ૯૬ કિલો સુધી પહોંચી ગયું હતુ. આ દરમિયાન જ તેના કોચે અલ્ટીમેટમ આપી દીધું કે, જો તારે સ્ક્વોશ ખેલાડી બનવું હોય તો તારા જીવનને નિયમિત બનાવવું પડશે અને મહેનત કરવી પડશે. આ વાત અભયના ગળે ઉતરી ગઈ અને તેણે બીજા જ દિવસે ડાયેટથી લઈને કસરત કરવા પર ધ્યાન આપવા માંડ્યું.

આ દરમિયાનમાં ચેન્નાઈની ઈન્ડિયન સ્ક્વોશ એકેડમીમાં મેજર મનીયમે તેને બેઝિક્સ શીખવ્યા. સ્ક્વોશમાં આગળ વધવા માટે મક્કમ અભયને માતા-પિતાએ પણ તમામ પ્રકારનું સમર્થન પુરું પાડ્યું. જુનિયર લેવલની સ્પર્ધામાં સફળતા બાદ અભયને આંતરરાષ્ટ્રીય સ્તરનો અનુભવ મળે તે જરુરી હતુ. અભયની કારકિર્દીને નિખાર આપવામાં કાલીમુથુ, હસરત અને બાલામુરુગને પણ મહત્વની ભૂમિકા ભજવી.

સ્ક્વોશ જેવો ઓછી જાણીતી રમતમાં અભયના સપનાને પિતાની આર્થિક સધ્ધરતાએ પાંખો આપી અને આંતરરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં જુનિયર લેવલે પણ તેણે આગવું કાઠુ કાઢ્યું અને એશિયાના સ્ક્વોશ રેન્કિંગમાં ટોચનું સ્થાન પણ તેણે હાંસલ કરવામાં સફળતા મેળવી. આ દરમિયાન સ્ક્વોશની જુનિયર સર્કિટમાં પણ તેણે વિશ્વસ્તરે તેના આક્રમક મિજાજ અને છેક છેવટ સુધી સંઘર્ષ કરવાની ક્ષમતાને સહારે આગવી ઓળખ ઉભી કરી હતી.

અભયની કારકિર્દી જુનિયર સ્તરથી સિનિયર તરફ આગળ વધી જ રહી હતી, ત્યારે જ કોરોનાએ વિશ્વભરમાં ભરડો લીધો. ભારે આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહેલા અભયની કારકિર્દીને આંચકો લાગ્યો. અભયે જ એ દિવસોને યાદ કરતાં કહ્યું કે, કોરાના પહેલા હું મારી કારકિર્દીનો શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યો હતો, પણ કોરોનાનો પ્રભાવ માત્ર શારીરિક જ નહતો, પણ માનસિક રીતે પણ આ સમય અત્યંત પડકારજનક હતો. કોરોના સમય બાદ પુનરાગમન કરવું આસાન નહતું. મારો આત્મવિશ્વાસ તળીયે હતો.

કોરોના બાદ આખી દુનિયા જ્યારે પુનઃ શરુ થઈ ત્યારે અભય માટે ફરી આગવી લય મેળવવી આસાન નહતી. તેને ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો અને આ કારણે મેદાન પરના મુકાબલામાં પણ તેને નિરાશાજનક પરિણામ મળવા માંડ્યા, જેના કારણે પરિસ્થિતિ વધુ કથળી અને તેણે સ્ક્વોશ છોડવાના વિચાર કરવા માંડ્યા. તેની સામે આસીસ્ટન્ટ કોચ બનવાની સાથે સાથે વિદેશમાં જઈને વધુ અભ્યાસનો વિકલ્પ પણ ખુલ્લો હતો. જોકે આ દરમિયાન જાન્યુઆરી-૨૦૨૨માં ભારતીય સ્ક્વોશ ફેડરેશને અભય સિંઘને કોમનવેલ્થ ગેમ્સની ટ્રાયલ્સમાં હાજર રહેવાનો ઈ-મેલ કર્યો.

સ્ક્વોશને છોડી દેવા માટે તૈયાર થયેલા અભયની જિંદગીની નૌકાને આ એક માત્ર ઈમેલે પાછી વાળી. તેણે તેની કારકિર્દીને વધુ એક વખત જિવંત બનાવવાનો પ્રયાસ કર્યો અને કોમનવેલ્થ ગેમ્સની ટ્રાયલ્સમાં તેની પસંદગી ભારતીય ટીમમાં થઈ હતી અને તેની કારકિર્દીને મળેલી આ લાઈફલાઈનથી તેની કારકિર્દી ફરી ધબકતી થઈ ગઈ. આંતરરાષ્ટ્રીય સ્તરના અનુભવ અને શાનદાર દેખાવ બાદ તેણે સ્ક્વોશના વર્લ્ડ કપમાં અનાહતા સિંઘ સાથે મળીને મિક્સ્ડ ડબલ્સમાં કાંસ્ય સફળતા મેળવી હતી. ત્યાર બાદ તેને એશિયન ગેમ્સ ૨૦૨૨ માટેની ભારતીય ટીમમાં પણ સ્થાન મળ્યું. જ્યાં તેણે ટીમ ઈવેન્ટમાં ૧૦ દિવસના ગાળામાં ૧૩ મુકાબલા ખેલ્યા અને ભારતને સુવર્ણચંદ્રક જીતાડવામાં પાયાની ભૂમિકા ભજવી. ખાસ કરીને ફાઈનલમાં ભારત અને પાકિસ્તાન બંને ૧-૧થી બરોબરી પર હતા, ત્યારે ત્રીજી અને આખરી તેમજ નિર્ણાયક મેચ રમવા ઉતરેલા અભયે પાકિસ્તાનના નૂર ઝમાનને ભારે સંઘર્ષ બાદ હરાવતા દેશને સુવર્ણચંદ્રકની ભેટ આપી હતી.

અનુસંધાન પાનાનં ૦૬ પર

---

# આ ઉંમરે તો મજા કરવાની હોય છે

ઝાકળઝંઝા
રવિ ઈલા ભટ્ટ

'નિલેશ, કેમ આજે નિરાશ દેખાય છે? ઘરે ભાભી સાથે ઝઘડો થયો કે પછી બોસ સાથે કંઈ બોલવાનું થયું?' લન્ચ બ્રેકમાં ઓફિસની કેન્ટિનમાં ટિફિન ખોલીને બેઠેલા નિલેશની સામેની ખુરશીમાં ગોઠવાતા કલ્પેશે કહ્યું.

'ના, યાર કશું જ નથી થયું. બસ હવે આ કામ અને કંપનીથી કંટાળો આવ્યો છે. અહીંયા જિંદગીના વીસ વર્ષ ખર્ચી નાખ્યાં, પણ પ્રમોશન અને ડેવલપમેન્ટના નામે ગાજર સિવાય કશું જ મળ્યું નથી. હેલીનો જન્મ થયો ત્યાર પછી આ કંપનીમાં જોબ મળી હતી. આજે શિખા ૧૯ વર્ષની થઈ, વીસ વર્ષમાં જૂના પગારની સરખામણીએ ડબલ પગાર પણ નથી થયો. આ તો સરકારી સ્કીમ કરતા પણ જાય એવી સ્કીમ છે,' નિલેશના અવાજમાં ભારોભાર અસંતોષ જણાતો હતો.

'પ્લાન્ટ ઈન્ચાર્જ મિશ્રાજીને જોઈને તારો અસંતોષ ફરીથી સપાટીએ આવ્યો છે. દોસ્ત, એક વાત નક્કી છે, કંપનીઓમાં લાંબા સમય સુધી પડ્યા રહો એનાથી તમારી ઉંમર વધે, તમારું માન વધે, પણ પગાર તો ક્યારેય ના વધે. તમે મજબૂર મજૂરમાં ખપાવા લાગો છે. આ ઉંમરે તો પૈસા, પોઝિશન, પાવર બધું જ હોવાં જોઈએ, ક્યારેક ક્યારેક સરસ મજાની સેક્રેટરી પણ હોવી જોઈએ તો જીવનમાં રોમાંચ અને રંગત બંને આવી જાય,' કલ્પેશે કહ્યું અને નિલેશ હસી પડ્યો.

'દોસ્ત, તારી વાત સાચી છે, નોકરી બદલ્યા વગર હવે ચાલે તેમ નથી. નવું ઘર અને નવી ગાડી લેવા હશે તો નોકરી બદલવી જ પડશે, બાકી અહીંયા રહીશ તો માત્ર દેવા વધશે. છોડ, અત્યારે તો ખાઈ લઈએ, બને કદાચ ફરી સાથે ખાવા મળે ન મળે,' નિલેશે કહ્યું અને બંને મિત્રોએ હસતા હસતા એકબીજાના ટિફિનની મિજબાની શરૂ કરી.

નિલેશે કહ્યું હતું તેવું થયું પણ ખરું. આ વાતને કદાચ પરાણે બે મહિના પસાર થયા હશે અને ત્યાં જ નિલેશને વલસાડ ખાતે એક સારી કંપનીમાં જનરલ મેનેજરની નોકરી મળી ગઈ. સારો પગાર, કંપનીની ગાડી, સરસ એસી કેબિન, કંપનીનો જ સરસ બંગલો, રસોઈયો, કેરટેકર અને તમામ સુવિધાઓ, જે અત્યાર સુધી તે માત્ર જોતો અથવા તો ઝંખતો આવ્યો હતો.

નિલેશે તરત જ આ નોકરી સ્વીકારી લીધી અને પોતાના વર્તમાન કંપનીમાં રિઝાઈન કરી દીધું. ઘરમાં થોડી નારાજગી ચાલતી હતી. કવિતાને આ નિર્ણય પસંદ નહોતો. તેણે નિલેશને સમજાવ્યું કે બધું કેવી રીતે થશે. દીકરો લક્ષ આઠમા ધોરણમાં આવ્યો. હેલી કોલેજમાં ભણે છે. કવિતા પોતે નોકરી કરે છે. છોકરા સાચવવા, નોકરી કરવી, ઘર સાચવવું બધું કેવી રીતે ચાલશે. અત્યાર સુધી નિલેશ હતો તો બંને સમજીને અને આયોજન કરીને સાચવી લેતા હતા પણ પણ હવે બધું કેમનું થશે?

નિલેશ કોઈ વાતે માનવા તૈયાર નહોતો. તેના મગજમાં માત્ર પ્રમોશન, પૈસા, પાવર અને લેવિશ લાઈફસ્ટાઈલ ઘુસેલાં હતાં. કવિતાએ કલ્પેશની મદદ લઈને પણ નિલેશને સમજાવવાનો પ્રયાસ કર્યો, પણ નિલેશ માન્યો નહીં. અહીંથી ડબલ પગાર અને બાકીની તમામ સુવિધાઓની લાલચ આપીને તેણે કવિતાને મનાવી લીધી.

નિલેશ તો મહિના પછી નવી નોકરી અને નવા સ્થળે પહોંચી ગયો. થોડો સમય તો તેને આનંદ આવ્યો, પણ તેની સાંજ સાવ ગમગીની અને કંટાળામાં પસાર થતી. નોકરીથી આવ્યા બાદ સરસ મજાના બંગલામાં રહેવા મળતું, પણ સાવ એકલવાયા રહેવાના કારણે ઘર ખાવા દોડતું હતું. વેકેશન દરમિયાન કવિતા અને બાળકો આવ્યાં ત્યારે તેને થોડું સારું લાગ્યું. તેના માટે રજાઓ અને વેકેશન જ આનંદનાં સાધન રહ્યાં હતાં. બાકી જિંદગી એકલા એકલા પસાર થતી હતી. આ દરમિયાન તેની પાસે બચત સારી એવી ભેગી થઈ ગઈ હતી.

> **'આવી સુંદર સેક્રેટરી અને છોકરીઓ મળે, જે સામેથી તમારી પાસે આવવા તૈયાર હોય તો બીજું જોઈએ શું?'**

આ રીતે લગભગ બે વર્ષ પસાર થઈ ગયાં. આ બે વર્ષમાં નિલેશમાં મોટો ફેરફાર આવ્યો હતો. તેના જીવનમાં એક છોકરીનો પ્રવેશ થયો હતો. તેની કંપનીમાં જોડાયેલી તેની જ સેક્રેટલી સલોનીનો. સલોની હવે ઓફિસમાં તેનું કામ કરતી અને રજાઓ દરમિયાન તેની સાથે એકલતા અને એકાંત બંને દૂર કરવા આવી જતી.

નિલેશ હવે તો રજાઓમાં પણ કવિતા અને બાળકો પાસે જતો નહીં અથવા તો પેલા લોકો આવવાનું કહે તો બહારગામ જવાનું છે કહીને ટાળી દેતો. કવિતા અને બાળકો કંટાળ્યાં હતાં, પણ નિલેશ હવે જુદી જ દુનિયામાં હતો. કવિતાએ એક વખત કલ્પેશને આ વિશે વાત કરી. કલ્પેશે કહ્યું કે, આવતા મહિને તે કંપનીના કામથી વલસાડ જવાનો છે તો નિલેશને ત્યાં જ ઝડપી પાડશે અને વાત કરશે.

બીજા મહિને કલ્પેશ વલસાડ ગયો અને સીધો જ નિલેશના ઘરે રેડ પાડવા પહોંચી ગયો. તેનું ઘર બંધ હતું. સિક્યોરિટીએ કહ્યું કે, સાહેબ અને મેડમ તો દમણ ગયા છે. કલ્પેશને કંઈક અજુગતું લાગ્યું. તે નિલેશને શોધવા વલસાડ પહોંચ્યો. નિલેશનો મોબાઈલ બંધ આવતો હતો. તેણે એક હોટેલમાં ચેકઈન કર્યું અને સાંજે તે ચોપાટી ઉપર આરામથી બેઠો હતો ત્યાં સામેથી જ નિલેશ અને કોઈ યુવતી આવતા



દેખાયા. કલ્પેશ દોડીને તેની પાસે પહોંચી ગયો.

'અલ્યા કલ્પેશ, તું અહીં? તને પણ કંપનીએ વલસાડ મોકલી દીધો કે શું? કે પછી કોઈને લઈને આવ્યો છે મજા કરવા?' નિલેશે મજાકીયા અવાજે કહ્યું.

'ના, ભાઈ, ના. તને શોધવા જ આવ્યો છું. કવિતા અને બાળકો મને કહેતા હતા કે, નિલેશ હવે આવતો નથી, અમને બોલાવતો નથી. ખબર નથી પડતી ત્યાં શું કરે છે. તું કંપનીના કામે અહીં મજા કરે છે. તને પણ ચેપ લાગી જ ગયો એમને!' કલ્પેશે પણ નફ્ફટાઈભર્યું સ્મિત કરીને કહ્યું.

'હા. તારી વાત સાચી છે. આ ઉંમરે મજા કરવાનો એક અલગ જ નશો છે. તેમાંય આવી સુંદર સેક્રેટરી અને છોકરીઓ મળે જે સામેથી તમારી પાસે આવવા તૈયાર હોય તો બીજું જોઈએ શું? આ સલોની છે, મારી સેક્રેટરી. દરરોજ વાપીથી વલસાડ આવે અને રજાઓમાં વાપીથી દમણ પણ આવે અને મુંબઈ પણ આવે,' નિલેશે ખંધુ હસીને કહ્યું.

'હા ભઈ, પછી કામ વધી જ જાય છે. ઘરના લોકોની યાદ કેવી રીતે આવે. એની વે, એન્જોય કર. એકાદ વખત ઘરે આંટો મારી લેજે એટલે પેલા લોકો પણ શાંત થાય,' કલ્પેશે કહ્યું અને નિલેશ તેને ભેટીને સલોની સાથે આગળ ચાલવા લાગ્યો.

આ વાતને અઠવાડિયું વીતી ગયું. શનિવારની સાંજે કવિતાનો ફોન આવ્યો. નિલેશે પહેલાં તો ફોન ઉપાડ્યો નહીં. આજે તો તેણે સલોની સાથે ઘરે જ રજાઓ માણવાનો પ્લાન બનાવેલો હતો. રસોઈયા અને કેરટેકરને પણ બે દિવસની રજા આપી દીધી હતી. આ પોતાના અતરંગી વિચારોમાં હતો ત્યાં ફરીથી બે-ત્રણ વખત સતત રિંગ વાગી એટલે તેણે ફોન ઉપાડ્યો.

'નિલેશ, તમે ક્યાં છો? લક્ષને એક્સિડેન્ટ થયો છે. પગમાં પાટો આવ્યો છે. તેને તાવ પણ આવે છે. તમે શક્ય હોય તો રજા લઈને ઘરે આવી જાઓ...' કવિતાએ થોડા અકળાયેલા અવાજે કહ્યું.

'કવિતા, હું કંપનીના કામથી મુંબઈ આવ્યો છું. સોમવારે આવી જઈશ. કંઈ અર્જન્ટ હોય તો કલ્પેશને બોલાવી લે. હું પણ વાત કરી લઉં છું. મારાથી અત્યારે અવાય એવું નથી,' નિલેશે વાત ટાળી દીધી. તેણે કલ્પેશને મેસેજ પણ કરી દીધો.

બે દિવસ તેણે ભરપૂર મોજમજા કરી. સોમવારે પરોઢિયે કવિતાનો ફોન આવ્યો. વહેલી સવારે કવિતાનો ફોન આવ્યો, પહેલાં તો નિલેશે ઉપાડ્યો નહીં પણ સતત રિંગ વાગવા લાગી એટલે નિલેશે ફોન ઉપાડ્યો. સામે કવિતાએ જે કહ્યું તે સાંભળતા જ નિલેશના પગ તળેથી જમીન ખસી ગઈ.

કવિતાએ વીડિયો કોલ કર્યો હતો. તેણે પોતાના ઘરના બેડરૂમનું દ્રશ્ય બતાવ્યું જ્યાં હેલી અને કલ્પેશ એકબીજાને આલિંગન આપીને બેઠાં હતાં. કવિતાએ આગલી રાતની સમગ્ર વાત કરી અને નિલેશ સાવ અવાચક રહી ગયો.

'કલ્પેશ, તને શરમ નથી આવતી? તું મારા જ ઘરમાં અને મારી જ છોકરી સાથે... તને એક વખત પણ મિત્રતા યાદ ન આવી?' નિલેશે ગુસ્સા સાથે કહ્યું.

'પપ્પા, તમે કલ્પેશને કશું જ ન કહેશો. મને તેની કંપની ગમે છે. હવે અમે સાથે રહેવાનું નક્કી કર્યું છે. આઈ એમ નાઉ લિગલી એડલ્ટ એન્ડ આઈ કેન ટેક માય ડિસિઝન્સ...' કલ્પેશને બદલે હેલીએ જવાબ આપ્યો અને નિલેશ ડઘાઈ ગયો.

'યાર નિલેશ, સોરી, પણ તારી એક વાત બિલકુલ સાચી છે. આ ઉંમરે તો મજા કરવાની લાગણી જ અલગ છે...' કલ્પેશ એટલું બોલીને ખંધુ હસી પડ્યો. નિલેશે રડમસ ચહેરે ફોન મુકી દીધો અને પાછળ બિસ્તરમાં આરામથી ઉંઘતી સલોનીને તાકતો રહ્યો. ■




## પ્રકરણ - ૫

'સર, આ ફાઈલ જ કરપ્ટ થઈ ગઈ છે!' લોકેશ કહ્યું. એ લેપટોપ પર કાનજીની પોલીસ કબૂલાતની અધવચ્ચે અટકી પડેલી વીડિયો ફાઈલ ચકાસી રહ્યો હતો.

અનિકેતે કહ્યું, 'પણ આ વીડિયો ઈમ્પોર્ટન્ટ છે. એ આખો જોવો જ પડશે. શિલ્પા જોશી પાસે આની કોપી હશે. હું એની સાથે વાત કરું છું. એની વે. થેન્ક્સ, લોકેશ.'

થોડી કામની ચર્ચા કરીને અનિકેતે લોકેશને રવાના કર્યો. સવારે ઉઠ્યો ત્યારથી અનિકેતને માથું ભારે ભારે લાગતું હતું. કદાચ પૂરતી ઊંઘ થઈ નહોતી, અથવા કદાચ-

કાનજી!

કશુંક પીવું જોઈએ, કશુંક સ્ટ્રોંગ... કિચનમાં જઈને રસોયાને કહેવું જોઈએ કે કંઈક બનાવી આપ. અનિકેત ધડ્ ધડ્ ધડ્ કરતો પગથિયાં ઉતરવા લાગ્યો. કાનજીને મળીને ગઈ મધરાતે એ ગેસ્ટ હાઉસ પાછો આવી ગયો હતો, પણ મનની તિરાડમાં ફસાઈ ગયેલા કાનજીના વિચારો હજુ સુધી દૂર થયા નથી. અનિકેતને લાગ્યું કે અત્યારે પણ કાનજી એની પીઠ પર લટકી રહ્યો છે - વેતાળની જેમ. કાનજી પાગલ છે, હત્યારો છે, અને એક વિષય છે - એક રોમાંચક, રસપ્રચુર વિષય - મારી ડોક્યુમેન્ટરીના એક નાનકડા હિસ્સા માટે. એક-સવા કલાકની દસ્તાવેજી ફિલ્મમાં હું કાનજીને કેટલો સમય આપવાનો છું - ત્રણ મિનિટ? પાંચ મિનિટ? બહુ બહુ તો સાત-આઠ મિનિટનો સ્ક્રીનટાઈમ? ખબર નથી. એનો અપરાધ, એનો આક્રોશ, એની પીડા, એનું ઝનૂન, એનો અસ્તિત્વબોધ - આ બધું નીચોવીને હું પાંચ-સાચ મિનિટના કોન્ટેન્ટમાં સમેટી લઈશ. કાનજીનું આટલું જ વ્યાવહારિક મૂલ્ય છે મારા માટે! શું મૂલ્ય હોય છે એક કાનજીનું, એક મનુષ્યજીવનનું, એક જંતુનું, કોઈના પણ અસ્તિત્વનું? અતિ વિરાટ બ્રહ્માંડના એક નગણ્ય ટપકાના નકામા અંશને 'અહં બ્રહ્માસ્મિ' કહેવાનો અધિકાર નથી. એક તુચ્છ અસ્તિત્વ બીજા તુચ્છ અસ્તિત્વને ખતમ કરી નાખે તોય શું ને ખતમ ન કરે તોય શું? શૂન્યના સહસ્ત્ર ટુકડાઓ કરી નાખવામાં આવે તો શું બચે? બધું જ સાપેક્ષ છે - શૂન્ય પણ.

અનિકેત બીજા માળે ભોજન માટે અલાયદા રાખવામાં ફ્લેટના દરવાજા પાસે પહોંચી ગયો. કાનજીના વેતાળને પીઠ પરથી ઉતારીને બહાર ખીંટી પર ટાંગી દેવો જોઈએ... અનિકેતે વિચાર્યું. ખેર, કાનજી મારી સાથે કિચનમાં આવે કે ન આવે, એ સદોષ હોય કે નિર્દોષ, એને સજા થાય કે ન થાય, મને કશો ફરક પડતો નથી.

ખરેખર?

હા, મને સાચ્ચે જ કશો ફરક પડતો નથી.

મને કશો ફર્ક પડતો નથી...

ફર્ક- પડતો - નથી - મને...

નથી-પડતો-ફર્ક-મને-સહેજે... ઓલરાઈટ?

'નમસ્તે, સર.'

અનિકેત કિચનમાં ઊભો હતો અને રસોયો એને તાકી રહ્યો હતો. અનિકેત એકદમ ભાનમાં આવી ગયો. 'નમસ્તે... ભાઈ, ફટાફટ કશુંક બનાવી આપ - કડક ચા, સ્ટ્રોંગ કોફી, કંઈ પણ. મારું માથું ફાટી રહ્યું છે.'

'તમે બેસો. હું ચા બનાવીને લાવું છું.'

અનિકેત કિચનની બહાર જવા પગ ઉપાડ્યા, પણ પછી તરત ફ્રિજ તરફ વળી ગયો. ના... બહાર કાનજીનું ભૂત રાહ જોઈને બેઠું હશે.

'ભાઈ, તમારું નામ હું ભૂલી ગયો...' અનિકેતે ફ્રિજનો દરવાજો ખોલતાં કહ્યું.

રસોઈયાનો ચહેરો દયામણો થઈ ગયો. 'ત્રિભુવન.'

'અરે હા, ત્રિભુવન! ઓરિસ્સાના છો, બરાબર?'

ત્રિભુવને માથું હલાવ્યું. એનો ચહેરો વારેવારે દયનીય બની જતો હતો. આ કદાચ એના ચહેરાનો સ્થાયી ભાવ હતો. અનિકેતે વાતો ચાલુ રાખી, રાખવી પડી. કોઈની સાથે વાતો કરતો નહીં રહું તો વિચારોની થપાટો મને લોહીલુહાણ કરી નાખશે-

'એટલે તમે ઓરિસ્સાથી મુંબઈ આવ્યા ને સીધા આ કેમ્પસમાં કામે લાગી ગયા? કે પહેલાં બીજે કશેય હતા?'

'ના, મારી પહેલાં મારો નાનો ભાઈ અહીં આવ્યો હતો, પેશન્ટ બનીને. પાગલ હતો બિચારો. ચાર મહિના અહીંયા રહ્યો.'

'ઓહ...' અનિકેત જોઈ રહ્યો, 'સારવારથી થોડોઘણો ફરક તો પડ્યો હશે. અત્યારે ક્યાં છે તમારો ભાઈ?'

'ગુજરી ગયો, સાહેબ.'

ત્રિભુવન રડું રડું થવા લાગ્યો. અનિકેતે નજીક જઈને સહાનુભૂતિપૂર્વક એના ખભે હાથ મૂક્યો. ત્રિભુવન ત્રુટક ત્રુટક બોલતો ગયો, 'મારો ભાઈ અહીં જ હતો, કેમ્પસમાં... એની સારવાર ચાલતી હતી. એક વાર એને ખબર નહીં - પેટમાં દુખાવો ઉપડ્યો હશે, એટલે કેમ્પસમાં પેલી હોસ્પિટલ છેને? - એમાં દાખલ કર્યો. ચાર દિવસમાં તો ખલાસ થઈ ગયો, સાહેબ.'

અનિકેત જોઈ રહ્યો.

ત્રિભુવન આગળ વધ્યો, 'મને ફોન આવ્યો... હું ઓરિસ્સાથી જેમ તેમ કરીને અહીં પહોંચ્યો... ભાઈનું બોડી લીધું... પણ પોસ્ટમોર્ટમમાં ખબર પડી કે એની એક કિડની ગાયબ છે!'

'શું?' અનિકેત અસ્થિર થઈ ગયો.

'હા, સાહેબ. મેં અહીં બહુ પૂછપરછ કરી, પણ કોઈએ સરખો જવાબ ન આપ્યો.'

'પોલીસમાં ફરિયાદ કરી હતી?'

'સાહેબ, હું રહ્યો અભણ માણસ... મને સરખું હિન્દી પણ ન આવડે... ને મુંબઈ જેવું અજાણ્યું શહેર... ક્યાં જઈને ફરિયાદ કરું? કોને ફરિયાદ કરું?'

અનિકેત સહેજ અવિશ્વાસથી જોઈ રહ્યો, 'પછી?'

'પછી હું અહીંયા કામે લાગી ગયો,' ત્રિભુવન બોલ્યો.

'કેવી રીતે?'

'અહીં પાછળ એક મોટું કિચન હતું - સેન્ટ્રલ કિચન. હવે તો બંધ થઈ ગયું છે. મોટા સાહેબે કહ્યું કે તને હોટલમાં કામ કરવાનો અનુભવ છે તો અહીં કામે લાગી જા, અમારે માણસોની જરૂર છે, તને સારા પૈસા આપીશું...'

અનિકેતના કપાળમાં બે સળ ઉપસી આવી, 'મોટા સાહેબ એટલે કોણ - સુપ્રિન્ટેન્ડન્ટ?'

'હા.'

'સુપ્રિન્ટેન્ડન્ટે તમને કેમ્પસમાં રોકાઈ જવાનું કહ્યું ને તમે રોકાઈ ગયા, એમ?'

ત્રિભુવનનો અવાજ ગળગળો થવા માંડ્યો, 'મારો સગો ભાઈ જતો રહ્યો છે, સાહેબ... આ લોકોએ એની કિડની કાઢી લીધી છે. મારે સચ્ચાઈ જાણવી હતી... કેમ્પસમાં હોઉં તો ક્યારેક સચ્ચાઈની ખબર પડે...'



**અતિ વિરાટ બ્રહ્માંડના એક નગણ્ય ટપકાના નકામા અંશને 'અહં બ્રહ્માસ્મિ' કહેવાનો અધિકાર નથી. શૂન્યના સહસ્ત્ર ટુકડાઓ કરી નાખવામાં આવે તો શું બચે? બધું જ સાપેક્ષ છે - શૂન્ય પણ.**

એકાએક ત્રિભુવનની આંખોમાં ખોફ ઉતરી આવ્યો, 'બહુ ખતરનાક છે આ લોકો, સાહેબ. મને ત્રણ વર્ષથી કેમ્પસની બહાર પગ મૂકવા નથી દીધો નથી. બહુ કૌભાંડો ચાલે છે અહીં.... તમે સંભાળજો!'

■ ■ ■

'**વેલકમ** હોમ, અનિકેત...' સુપ્રિન્ટેન્ડન્ટના અવાજમાં ભારોભાર ઉમળકો હતો, 'પ્લીઝ, સીટ.'

મુંબઈના ધારાધોરણ પ્રમાણે ખાસ્સો મોટો કહી શકાય એવા ડોઈંગરૂમના પહોળા સોફા પર અનિકેત બેઠો. સુપ્રિન્ટેન્ડન્ટે આજે એને પોતાના ઘરે ડિનર માટે આમંત્રણ આપ્યું હતું. એક માણસ પાણીની ટ્રે લઈને આવ્યો અને વિનયપૂર્વક ગ્લાસ આપીને જતો રહ્યો.

'સર, આજે કોઈ વિશેષ અવસર છે? તમે આમ ઓચિંતા મને ઈન્વાઈટ કર્યો એટલે પૂછું છું,' અનિકેત મહેમાન જેવું સ્મિત કરીને મીઠાશથી બોલ્યો.

'વિશેષ અવસરમાં તો... મારી વાઈફ એની ફ્રેન્ડ્ઝ સાથે વિયેટનામ ટ્રિપ પર ગઈ છે એટલે મને વિચાર આવ્યો કે તમારી સાથે ડ્રિન્કસ અને ડિનર લેવામાં આવે ને આ બેચલરહૂડનો, આ મુક્તિનો આનંદ ઉઠાવવામાં આવે!' સુપ્રિન્ટેન્ડન્ટ ખડખડાટ હસી પડ્યા.

અનિકેત પણ હસ્યો, 'સારો વિચાર છે... પણ હું પીતો નથી.'

સુપ્રિન્ટેન્ડન્ટે આશ્ચર્યથી અનિકેત સામે જોયું, 'રિઅલી?'

અનિકેતે હકારમાં માથું હલાવ્યું.

'આઈ ડિડન્ટ નો ધિસ! પણ કશો વાંધો નથી, તમારા માટે મોકટેલ્સની વ્યવસ્થા થઈ જશે. મારા રસોયાને અમે મોંઘી ફી ભરીને કોકટેલ અને મોકટેલના ક્લાસ કરવા મોકલ્યો હતો. એને આ બધું બનાવતાં સરસ આવડી ગયું છે.'

રસોયાને બોલાવીને સૂચના અપાઈ. ટેબલ પર સરંજામ ગોઠવાયો. સ્ટાઈલિશ ગ્લાસ, બરફના ટુકડા ભરેલી નાની પારદર્શક બકેટ, ગરમ ખુશ્બોદાર સ્નેક્સ... સુપ્રિન્ટેન્ડન્ટે કહ્યું, 'અનિકેત, આ મેન્ગો ચિલી કૂલર તમારા માટે. આ પૂરું થાય પછી તમારે કમસે કમ બીજાં બે મોકટેલ પીવાનાં છે! હું પૉલ જોન મિથુના લઉં છું - સિંગલ મોલ્ટ વ્હિસ્કી. સાંભળ્યું છે કે એને કંઈક અવોર્ડ-બવોર્ડ મળ્યો છે.'

ચીયર્સ-ચીયર્સ, થોડી શિષ્ટાચારભરી વાતો, થોડી કામની વાતો, થોડો હાસ્ય-વિનોદ. થોડી વાર પછી સુપ્રિન્ટેન્ડન્ટ વોશરૂમ જઈ આવ્યા. પાછા સોફા પર ગોઠવાતાં એમણે કહ્યું, 'મને હજુ ચાર-પાંચ દિવસ પહેલાં ખબર પડી, અનિકેત, કે ફેમસ ટીવી સ્ટાર રિયા પંડિત તમારી વાઈફ છે!'

'ઓહ યેસ!'

'મારી વાઈફે પછી ગૂગલ કરીને તમારા બન્નેના ફોટોગ્રાફ્સ પણ બતાવ્યાં. બોથ ઓફ યુ મેક સચ અ લવલી કપલ!'

'થેન્ક્યુ.'

'અત્યારે રિયા કઈ સિરીયલ કરી રહી છે? સોરી, હું ટીવી પર ન્યુઝ સિવાય બીજું કશું જોતો નથી એટલે મને ખબર હોતી નથી.'

અનિકેતે એક મોટો ઘૂંટ ગળે ઉતાર્યો, 'રિયાએ કામ કરવાનું, આઈ મીન, ટીવી સિરીયલ્સમાં અભિનય કરવાનું વર્ષોથી બંધ કરી દીધું છે. અમારાં લગ્ન થયાં પછી આઠ-દસ મહિનામાં એણે પોતાનાં બધાં કમિટમેન્ટ્સ પૂરાં કરી નાખ્યાં હતાં ને પછી કોઈ નવું કામ હાથમાં ન લીધું. હવે એ ફક્ત બચ્ચાઓને સંભાળે છે... અને મને!'

'આ પણ કરવા જેવું કામ છે! મારી વાઈફ કહેતી હતી કે રિયાની અમુક સિરીયલો તો સુપરહિટ છે.'

'કરેક્ટ. પણ રિયા એમ્બિશિયસ નથી. ક્યારેય નહોતી.'

'હું ખોટો ન હોઉં તો... રિયા સોશિયલ મીડિયા પર ખૂબ પોપ્યુલર છે!'

'ઓહ, શી લજ્ઝ સોશિયલ મીડિયા!' અનિકેતે કહ્યું, 'એક સમયે એ એક્ટ્રેસ હતી, આજે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર છે. એના ફોલોઅર્સની સંખ્યા મિલિયન્સમાં છે.'

'ગુડ, ગુડ. તમે ઈન્ફ્લુએન્સર હો એટલે રીલ્સ બનાવવી પડે, વ્લોગ્સ બનાવવા પડે, બીજા ઈન્ફ્લુએન્સરો સાથે કોલેબ કરવું પડે... ઈન્ફ્લુએન્સર હોવું એ પણ મહેનતનું કામ છે, નહીં?'

અનિકેતનો મોબાઈલ રણક્યો. અનિકેતે મલકાયો, 'રિયાનો ફોન છે!'

સુપ્રિન્ટેન્ડન્ટે એને ફોન ઉઠાવી લેવા સંકેત કર્યો. અનિકેતે મોબાઈલ કાને માંડ્યો.

'રિયા, તું સો વર્ષ જીવવાની છો! તારી જ વાત ચાલતી હતી.'

-અનિકેત, તારો ફોન કેમ લાગતો નથી! ગઈ કાલે મેં કેટલી ટ્રાય કરી...

સામે છેડેથી રિયા ઉચાટભર્યા અવાજે કહી રહી હતી.

'અહીં મનોરીમાં નેટવર્કનો પ્રોબ્લેમ છે. ઓલ ઓકે?'

-તારી ટીમમાંથી કોઈનો નંબર મને આપી રાખ. જસ્ટ ઈન કેસ... ક્યારેક જરૂર પડે તો.

'હું તને લોકેશનો નંબર વોટ્સએપ કરું છું. અત્યારે હું સુપ્રિન્ટેન્ડન્ટ સર સાથે બેઠો છું. સર મને પૂછતા હતા કે રિયાએ કેમ-'

ફોન ડિસકનેક્ટ થઈ ગયો.

'લો! નેટવર્ક ફરી ગાયબ!?' અનિકેત બોલ્યો.

સુપ્રિન્ટેન્ડન્ટે ખભા ઉછાળ્યા. પછી બોટમ્સ અપ કરીને ગ્લાસ ખાલી કરી નાખ્યો.

'સર, આ કાનજી...' અનિકેતે કહ્યું, 'મારા મનમાં શરૂઆતમાં એવી છાપ પડી હતી કે એ ગરીબ કે લોઅર મિડલ ક્લાસ માણસ હશે, પણ એ તો-'

'અરે, કાનજી પાસે કરોડોની પ્રોપર્ટી છે!' સુપ્રિન્ટેન્ડન્ટે કહ્યું, 'એનું ફક્ત નામ ગામડિયા જેવું છે, ને એ દસમા પછી અટકી ગયો એટલે અભણ રહી ગયો છે, બાકી એના ફાધર પાસે રાજકોટમાં અને આજુબાજુ પુષ્કળ જમીનો હતી. કાનજીને ભાઈ-બહેન કોઈ નથી, એટલે આ બધું એને વારસામાં તૈયાર ભાણે મળી ગયું છે.'

'અચ્છા...'

'આ પેલો - તમે મોંઘીદાટ બીએમડબલ્યુનો દરવાજો ખોલીને રસ્તા પર પાનની પિચકારી મારતા લોકો જોયા છે? કાનજી એક્ઝેટ્લી એવો છે. પૈસા આવી ગયા, પણ કલ્ચર ન આવ્યું.'

'સર... તો પછી કાનજીની પ્રોપર્ટી?'

સુપ્રિન્ટેન્ડન્ટે આંખો ઝીણી કરી, 'કાનજીની પ્રોપર્ટીનું શું?'

અનિકેતનો અવાજમાં ધાર ઉતરવા લાગી, 'કાનજીએ પોતાના આખા ફેમિલીને ખતમ કરી નાખ્યું છે, તમે કહ્યું કે એને કોઈ ભાઈ-બહેન પણ નથી, ને એ પોતે અહીં મેન્ટલ હોસ્પિટલમાં કેદ છે... તો એની જે કરોડોની પ્રોપર્ટી છે એનું હવે શું થશે? એ કોને મળશે?'

'હાઉ વુડ આઈ નો?' સુપ્રિન્ટેન્ડન્ટ અસ્વસ્થ થઈ ગયા, 'એ મારો વિષય નથી...'

'સર...' અનિકેતે કહેવા માંડ્યું, 'શું એ શક્ય નથી કે કાનજીએ એના ફેમિલીનું મર્ડર કરી નાખ્યું છે એ આખી વાત જ હંબગ હોય? એવું ન બને કે આ કોઈનું ષડયંત્ર હોય? કોઈની નજર એની પ્રોપર્ટી પર હોય એટલે એણે કાનજીની વાઈફ અને બચ્ચાંને પતાવી નાખ્યાં હોય ને મર્ડરનો આરોપ કાનજી પર નાખી દીધો હોય... ને પછી કાનજીને પાગલમાં ખપાવી દઈને એની કરોડોની પ્રોપર્ટી હડપ કરી જવા માગતો હોય?'

'વોટ નોનસેન્સ!' સુપ્રિન્ટેન્ડન્ટ ગુસ્સે થઈ ગયા, 'વગર પીધે તમને ચડી ગઈ છે કે શું? કાનજીએ પોતે પોલીસ સામે એની વાઈફ અને બેય દીકરાઓનાં મર્ડરની કબૂલાત કરી છે, તોય તમને આવા વિચારો આવે છે?'

'અરે સર... પોલીસને આપેલું કન્ફેશન્સ ક્યારથી બ્રહ્મ સત્ય બની ગયું?' અનિકેતનો અવાજ ખેંચાવા લાગ્યો, 'તમે ઓળખતા નથી પોલીસને? માણસને મારીને, ડરાવી-ધમકાવીને એ લોકો કોઈની પણ પાસે કંઈ પણ બોલાવી શકે છે. આવી કબૂલાતોની શું કિંમત છે? તમે શી રીતે-'

**બાપ સંતાનના જીવન પર છવાયેલો રહે છે - જીવતો હોય ત્યારે દ્રશ્યમાન છતની જેમ, મૃત્યુ પછી અદ્રશ્ય આકાશની જેમ!**

એ જ વખતે રસોયો ટ્રે લઈને કિચનમાંથી બહાર આવ્યો. અનિકેત ચુપ થઈ ગયો. ઓરડાની હવા એકાએક ભારઝલ્લી બની ગઈ હતી. મોકટેલનો બીજો ગ્લાસ અને તાજાં મંચિંગની પ્લેટ્સ સેન્ટર ટેબલ પર મૂકીને રસોયો પાછો અંદર જતો રહ્યો.

અનિકેતે વિષય બદલ્યો, 'સર, તમે ત્રિભુવનને ઓળખો છો?'

'કોણ ત્રિભુવન?' સુપ્રિન્ટેન્ડન્ટે તીક્ષ્ણ નજરે અનિકેત સામે જોયું.

'અમારો, આઈ મીન, ગેસ્ટ હાઉસનો રસોયો.'

'કેમ્પસમાં ઘણા રસોયા કામ કરે છે, અનિકેત. મને કંઈ બધાની ખબર ન હોય.'

અનિકેત સાચવી સાચવીને શબ્દો ગોઠવતો ગયો, 'ત્રિભુવન સારી રસોઈ બનાવે છે. ઓરિસ્સાનો વતની છે. આજે મને કહેતો હતો કે એ ત્રણ વર્ષથી પોતાને ગામ ગયો નથી. અહીં આવ્યા પછી એણે કેમ્પસની બહાર પગ જ મૂક્યો નથી, બોલો! નવાઈ લાગે એવી વાત છે, નહીં સર?'

સુપ્રિન્ટેન્ડન્ટ અચાનક ઊભા થઈ ગયા. એમનો ચહેરો તમતમી રહ્યો હતો, 'મારે એક અર્જન્ટ ફોન કરવાનો છે. હું કૉલ પતાવીને દસ-પંદર મિનિટમાં છું. તમે પીવાનું ચાલુ રાખો...'

...અને અસહ્ય બનતી જતી વર્તમાનની ક્ષણને ઉખાડીને ફેંકી દેવા માગતા હોય તેમ સુપ્રિન્ટેન્ડન્ટ શરાબનો ગ્લાસ લઈને અંદરના કમરામાં ચાલ્યા ગયા અને ધડ્ દઈને દરવાજો બંધ કરી દીધો.

■ ■ ■

'ડા... ડા... ડા... ડા....'

અનિકેત પથારીમાં બેઠો થઈ ગયો. આ નાનકડી ઝારાનો અવાજ હતો.

'ડા-ડા.... ડા-ડા....'

ક્યાંથી આવી રહ્યો છે આ અવાજ? અનિકેતને ગભરાટ થઈ ગયો. એણે ડ્રોઈંગરૂમ તરફ જોયું. બધું સામાન્ય દેખાતું હતું. સવાર પડી? અનિકેતે મોબાઈલમાં સમય જોયો. અત્યારે બપોરના ચાર વાગ્યા છે! અનિકેત ચકિત થઈ ગયો. લંચ લીધા પછી એવી તે કેવી ઘસઘસાટ ઊંઘ આવી ગઈ કે સમયની સૂધબૂધ ન રહી!

ફરી ઝારાનો કિલકિલાટ...

કપાળે પરસેવો બાઝી ગયો છે. અનિકેતે પંખાની સ્વિચ બે-ત્રણ વાર ઓન-ઓફ, ઓન-ઓફ કરી. લાઈટ ફરી પાછી ગઈ લાગે છે. અનિકેતે બોટલમાંથી પાણી પીધું. એને સમજાઈ રહ્યું હતું કે પોતે તંદ્રાવસ્થા અને જાગૃતાવસ્થાના સંધિસ્થાને હિલોળા લઈ રહ્યો છે અને એનું સપનું વર્તમાનમાં ઝરી રહ્યું છે...

ઝારા!

ઝારા સૌથી પહેલો શબ્દ 'ડા-ડા' બોલતાં શીખી હતી. રિયા હંમેશા કહેતી, 'તું જોજે, આ છોકરી તારી એક નંબરની ચમચી થવાની છે. મારું નામ લેતાં પહેલાં એ તારું નામ લેતાં શીખી ગઈ!'

ઝારાના જન્મ સાથે અનિકેતના પિતૃત્વને નવેસરથી કૂંપળો ફૂટી હતી. પોતે માત્ર બાપ નથી, પોતે કોઈનો પુત્ર પણ છે, પણ પુત્રત્વની અનુભૂતિ દૂર સરકી ગઈ હતી અને પિતૃત્વનો ભરપૂર અનુભવ બન્ને સંતાનો કરાવી રહ્યાં હતાં. અનિકેતને સમજાઈ રહ્યું હતું કે એક બાપ સંતાનના જીવન પર છવાયેલો રહે છે - જીવતો હોય ત્યારે દ્રશ્યમાન છતની જેમ, મૃત્યુ પછી અદ્રશ્ય આકાશની જેમ. ઝારા 'અનપ્લાન્ડ ચાઈલ્ડ' હતી, પણ રિયા એવું નહોતી માનતી. અનિકેત કહેતો: રિયા, આ છોકરી આપણી લાઈફનો સૌથી મોટો 'પ્લેઝન્ટ એક્સિડન્ટ' છે' અનિકેત આવું બોલે ત્યારે રિયા ફક્ત હસતી. આર્જવ પછી ઝારા સાડાચાર વર્ષે જન્મી હતી. દીકરાએ અનિકેતના પિતૃત્વને એટલું છલછલતું અને તૃપ્ત કરી નાખ્યું હતું કે એને બીજા સંતાનનો વિચાર જ નહોતો આવ્યો... પણ ઝારા આવી, અધિકારપૂર્વક આવી. અત્યંત સહજતાથી અનિકેતના પિતૃત્વના વર્તુળને પહોળું કરીને એમાં છવાઈ ગઈ. અનિકેત ઝારાને એટલું વહાલ કરતો કે નાનકડા આર્જવને તકલીફ થઈ જતી.

અનુસંધાન પાના નં.૯ પર

# કંપની મેનેજમેન્ટમાં ઉતાર-ચઢાવ અને પરિવર્તનો અગત્યનાં

દરેક નવી શોધ નવા આઈડિયા પર આધારિત હોય છે. કારની શોધ પાછળ એંજીનની શોધ મૂળભૂત ગણાય. પરંતુ કારની જુદી જુદી ડીઝાઈનના કારણે લોકપ્રિયતા મળી તેથી એ મુખ્ય ગણી શકાય. દરેક નવી શોધો પાછળ નવા વિચાર હોય છે જેને આગળ ધપાવવા કંપનીમાં કે કંપની સિવાયની અન્ય સંસ્થાઓમાં આઈડીયા સ્પોન્સર જરૂરી છે. નવા વિચારનું સમર્થન કરનાર કંપનીઓ કે સંસ્થામાં કોઈ વ્યક્તિ કે નાનકડું જૂથ અનિવાર્ય

**મેનેજમેન્ટ**

ધવલ મહેતા

છે. આવા સમર્થન વિના કંપનીમાં સારામાં સારા નવા વિચારોનું બાળમરણ થાય છે. વળી, વિચાર ઘણો જ ઓરીજીનલ એટલે કે તદ્દન નવો હોય, તેનો કંપનીમાં સ્પોન્સર પણ હોય પણ આ વિચારને આગળ ધપાવવા તેને માટે 'ફન્ડીંગ' એટલે કે નાણાકીય સર્પોટર ના હોય તો નવો વિચાર આગળ વધતો નથી. નવું વિચારનાર વ્યક્તિના સ્પોન્સર્સ હોય જેઓ સામાન્ય રીતે મિડલ મેનેજમેન્ટની કક્ષાએ કામ કરતા હોય છે - તેમને કંપની પ્રોત્સાહીત ના કરે અને ટોપ મેનેજમેન્ટ એમ કહે કે નવો વિચાર બ્રિલીઅન્ટ (ખૂબ સારો) છે પરંતુ તે માટે હજી જગત તૈયાર નથી તો નવા વિચારનું બાળમરણ થાય છે. જગત દરેક નવા વિચારને હસે છે કે તેની મશ્કરી કરે છે પરંતુ સંશોધકો જોખમ ખેડીને નવી શોધો કર્યા જ કરે છે. વિમાનની શોધ અમેરિકાના બે ભાઈઓ - (ઓલિવર રાઈટ અને વિલ્બર રાઈટ) કરી તે પહેલાં તેમની ટીકા કરનારા તેમને કહેતા હતા કે હવા કરતા ભારે પદાર્થ તો કાંઈ ઊડતો હશે?



આ બન્ને ભાઈઓ ભેજાગેપ છે તેમ તેઓ માનતા તેમના વિચારોને આધારે હવે જેટ અને સુપરજેટની શોધો થઈ અને હવે કરોડો લોકો (હા, કરોડો) જેટ વિમાનોમાં મુસાફરી કરે છે. ભારતમાં તો રેલ્વેનો પણ વિરોધ થયો હતો અને શરૂઆતમાં રાંધણગેસનો પણ સજ્ઞ વિરોધ થયો હતો. ભારતની એક ખાસિયત 'રેઝીસ્ટન્સ ટુ ચેઈન્જ' છે. હવે આ પરિસ્થિતિ બદલાઈ છે અને મેનેજમેન્ટના ક્ષેત્રમાં ૧૯૪૭ પછી શેઠિયાશાહી મેનેજમેન્ટનું પ્રોફેશનલ મેનેજમેન્ટમાં પરિવર્તન થયું છે, જેને આપણે 'ટ્રાન્સફોર્મેશનલ' ચેન્જ કહી શકીએ. આપણી સરકારી સંસ્થાઓમાં વહીવટી કચેરીઓમાં કે સરકારી સાહસોમાં હજી ટ્રાન્સફોર્મેશનલ ચેન્જ આવ્યો નથી. પણ અલબત્ત ઈન્ક્રીમેન્ટલ ચેન્જીઝ થયા છે. ભારતમાં હજી ઈન્ક્રીમેન્ટલ ચેન્જ કરતી કંપનીઓ કારના કે અન્ય પ્રોડ્ક્ટસનાં નવાં મોડેલ્સ, નવી ડિઝાઈન્સ, નવા પેકેજીંગ, નવાં બ્રાંડ નેઈમ્સ વગેરે કામ કરી રહી છે પરંતુ રેડિકલ અથવા મૂળભૂત વિચારો આધારિત શોધો તો અમેરિકા કે યુરોપ જ કરે છે. આપણે તેનું અનુકરણ જ કરીએ છીએ. જોકે તેને આપણે ક્રિએટીવ ઈમીટેશન કહી શકીએ. પશ્ચિમ જગતે છેલ્લાં ૫૦૦ વર્ષમાં નવી શોધોમાં કમાલ કરી છે. આ દેશો ધર્મપ્રધાન દેશોમાંથી વિજ્ઞાનપ્રધાન બની ગયા છે અને તેમણે લોકોના જીવનને સમૃદ્ધ બનાવ્યું છે તેમજ સરાસરી જીવન આયુષ્ય ૮૦ વર્ષની ઉપર પહોંચાડી દીધું છે. આની સામે આપણે તદ્દન ખોટો બચાવ એ છે કે પશ્ચિમ જગત ભોગવાદી છે અને આપણે ત્યાગવાદી એટલે કે આધ્યાત્મિક જીવન જીવીએ છીએ. છેવટે આખાય જગતને ભારતીય આધ્યાત્મિકતાને શરણે આવવું જ પડશે.

આ માન્યતા તદ્દન હાસ્યાસ્પદ અને અહંકાર જનિત છે. યાદ રહે કે

**રેડિકલ અથવા મૂળભૂત વિચારો આધારિત શોધો તો અમેરિકા કે યુરોપ જ કરે છે. આપણે તેનું અનુકરણ જ કરીએ છીએ. જોકે તેને આપણે ક્રિએટીવ ઈમિટેશન કહી શકીએ**

ટેલીફોન, ટેલીગ્રાફ, રેડીઓ, ટીવી, ઈલેક્ટ્રિસીટી, રેલવેઝ, ટાઈપરાઈટર કોમ્પ્યુટર્સ, વીજળીના ગોળા, પેનિસિલીન, કાર, એક્સ-રે, વીમાન, જેટ એન્જીનની શોધો પશ્ચિમ જગતમાં થઈ છે. તેની પાછળ તેમનું ક્રિએટીવ થિંકિંગ છે. જ્યારે એશિયન-આફ્રિકન દેશોનું ઈમિટેટીવ થિંકિંગ છે. અલબત્ત, આ પણ એક કુશળતા છે અને ઉપર જોયું તેમ તેને આપણે ક્રીએટીવ ઈમિટેશન નામ આપી શકીએ. ૧૯૪૫માં બીજા વિશ્વયુદ્ધ પછી જાપાન ક્રિએટીવ ઈમિટેશનની કુશળતામાં શ્રેષ્ઠ ગણાતું હતું.

કંપની આર એન્ડ ડી પાછળ પુષ્કળ ખર્ચો કરે એટલે તે ઈનોવેટીવ થઈ જતી નથી. ઈનોવેટીવ કલ્ચર વિકસાવવા આર એન્ડ ડી ખાતાને પુષ્કળ સ્વાયત્તતા આપવી પડે. આ ખાતાના પ્રોમિસીંગ જણાતા લોકો (વૈજ્ઞાનિકો અને ટેકનિશીયનો) ને વારંવાર વિદેશી રીસર્ચ સંસ્થામાં રીફ્રેશર્સ કોર્સીઝ માટે મોકલવા પડે. તેઓ આખી રાત કોઈ લેબોરેટરીઝમાં નવા પ્રયોગો કરે અને બીજે દિવસે ઓફિસમાં મોડા આવે તો ભારતીય રીતરીવાજો મુજબ તેમને એમ ના કહેવાય કે તમે કેમ મોડા આવ્યા? તમે કાલે કેમ લેબોરેટરીમાં ઊંઘી ગયા? આ માટે પશ્ચિમ જગતનું માનસ બહુ જ ખુલ્લું છે. રાતના બે વાગે સંશોધકો કામ કરતા કરતાં લેબોરેટરીઝમાં જ પિત્ઝા ખાઈને ત્યાં જમીન પર જ સૂઈ જાય તેવું વારંવાર બને છે. આપણી કંપનીઓ રીસર્ચ સ્ટાફને તે બદલ ઠપકો આપે. ભારતમાં જ્ઞાતિપ્રથા અને હાયરાર્કીકલ છે અને મેનેજમેન્ટ પ્રથા પણ મોટે ભાગે હાયરાર્કીકલ છે. હાયરાર્કીકલ સમાજો માંડ માંડ કદાચ ઈન્ક્રીમેન્ટલ શોધો કરી શકે, પરંતુ રેડિકલ શોધો તો ભારતીયો પશ્ચિમ જગતમાં જાય તે પછી જ કરે છે. તેજસ્વી ભારતીયો પશ્ચિમ જગતમાં ગયા તે પછી જ તેમને નોબેલ પ્રાઈઝ કે અન્ય પ્રાઈઝ મળ્યા છે. જેમકે વડોદરામાં ભણેલા શ્રી રામકૃષ્ણનને, ચંદ્રશેખરને, અર્મત્ય સેનને, પ્રો. ખુરાનાને વગેરે. ટેકનોલોજીમાં કુશળતા કરતા નવી નવી વૈજ્ઞાનિક શોધો (જેમકે અણુની નીચેની દુનિયાના ઘટકો અને તેમના વર્તન અંગેની અદ્ભુત શોધ જેને ક્વોન્ટમ ડાયનેમિક્સ કે ક્વોન્ટમ મિકેનિક્સ કહે છે જે પશ્ચિમ જગતના લિબરલ વાતાવરણમાં જ શક્ય છે) કરવા માટે જે વૈજ્ઞાનિકોને જે ઓટોનોમી અને ફ્રીડમ જોઈએ તે વડીલશાહી વલણ ધરાવતા ભારતમાં ઘણું ઓછું જોવા મળે છે. ■

# કઈ કાર પસંદ કરશો- ઈલેક્ટ્રિક, ડિઝલ કે હાઈડ્રોજન?

ઈલેક્ટ્રિક કાર લેવી કે ના લેવી તે અંગે ઘણા લોકોને મુંઝવણ હોય છે. જો આપ પર્યાવરણપ્રેમી હો અને ઘરઘરાટી વિના ચાલતી કાર પસંદ હોય તો ઈલેક્ટ્રિક કાર વિચારી શકાય. તમે મેટ્રો સિટીમાં રહેતા હો અને પબ્લિક ચાર્જીંગ સ્ટેશન તૈયાર હોય તો ઈલેક્ટ્રિક કાર વિચારી શકાય. તમે તમારી ઘરે પણ ચાર્જીંગ સ્ટેશન બનાવી શકો. શહેરમાં ટૂંકી

**શોધ સંશોધન**

વસંત મિસ્ત્રી

ટ્રિપ માટે પણ ઈલેક્ટ્રિક કાર વિચારી શકાય. ઈલેક્ટ્રિક વાહનોની બેટરી માટે જમીનમાંથી પુષ્કળ પ્રમાણમાં ખનીજ બહાર કાઢવી પડે છે.

હાઈડ્રોજન કાર પણ સારો પર્યાય છે. આવનારા દિવસોમાં હાઈડ્રોજન કાર ઈવી માટે પડકારરૂપ બની શકે છે.

બાયોમીથેન કાર એક અન્ય પર્યાય છે. તે ૧૨-૧૫ કિમીની એવરેજ આપી શકે છે.

વેજીટેબલ ઓઈલમાંથી બાયોડિઝલ મેળવીને પણ કાર ચલાવી શકાય છે. સોલર કાર પણ એક પર્યાય છે પરંતુ હાલમાં ઈલેક્ટ્રિક કાર તરફ વિશેષ આકર્ષણ છે. ઉત્પાદકો અત્યાર સુધી ઓટોમેટિક કાર તરફ વધુ ઝોક રાખતા હતા.

હવે ઈલેક્ટ્રિક કાર તરફ ઊત્પાદકોનું ધ્યાન ગયું છે અને બજારમાં ફરી ઈલેક્ટ્રિક કારનું આગમન શરૂ થયું છે. વૈશ્વિક કક્ષાએ ૮-૧૦ કાર ધ્યાનપાત્ર બની છે.

ટેસ્લાનો મોડેલ એક્સ એક સરસ કાર છે. ડ્રાઈવિંગની મજા છે. જોકે ધારો એટલી આકર્ષક લાગતી નથી. તેના ફાલ્કન ડૉર આકર્ષણ છે. ૪ ડબ્લ્યુડી કાર સાત પેસેન્જર બેસાડી શકે છે, પરંતુ પરંપરાગત એસયુવી નથી. તે હેચબૅક વધુ લાગે છે. યુકે હાલમાં બે ઈલેક્ટ્રિક મોટર્સ વાપરે છે. તે ૪ સેકન્ડમાં ૬૦ માઈલની ઝડપ મેળવી શકે છે.

નિસાન લીફ બીજી આકર્ષક કાર છે. સાયલન્ટ, સ્મૂધ અને સરળ કાર છે. હ્યુન્ડાઈની આઈકોનિક ઈલેક્ટ્રિક ફ્રન્ટ વ્હીલ ડ્રાઈવ છે. તે ૧૧૮ બીએચપી પાવર ધરાવે છે. ૧૦ સેકન્ડમાં ૬૨ની સ્પીડ મેળવે છે. મહત્તમ ૧૭૪ માઈલની રેન્જ મેળવી શકે છે.

રિનોલ્ટ ૩ એક સ્ટાઈલિશ કાર છે. તે એક એન્ટ્રી લેવલની કાર છે. બીએમડબ્લ્યુ ૧૩ શ્રેષ્ઠ પ્રિમિયમ નાની કાર છે. થોડી મોંઘી છે.

આઉડી ઈ ટ્રોન મનમાં વસી જાય એવી કાર છે. બ્રાન્ડ જાળવી રાખનારી કાર છે.

આજકાલ વિદેશમાં હ્યુન્ડાઈ કોનાની ચર્ચા છે. ૩૦૦ માઈલની રેન્જ અને નાની એસયુવી એટલે સૌને ગમે. વળી ૩૦,૦૦૦ પાઉન્ડથી ઓછી કિંમત એટલે થોડુ આકર્ષણ કિંમતનું પણ ખરૂ. ભારતમાં પણ તેણે બધાનું મન મોહી લીધુ છે પણ મોટા બજેટમાં છે.

ટેસ્લામાં મોડેલ એસી સ્પોટી લાગે છે. ખૂબજ ઈમ્પ્રેસિવ કાર છે.

જેગ્યુઆર આઈ પેસ આકર્ષક ઈલેક્ટ્રિક કાર છે. ઝડપી છે અને છટાદાર છે. ટેસ્લા મોડેલ ૩ એક એફોર્ડેબલ કાર છે. એક સારી ઈજનેરી ધરાવતી આ કાર ટોપ પ્રાયોરિટીમાં આવે છે.

અનુસંધાન પાના નં.૯ પર

# યોગ સિદ્ધિના ચમત્કારો આત્મચેતનાની સૂક્ષ્મ સત્તાથી સર્જાય છે

**અગોચર વિશ્વ**

**દેવેશ મહેતા**

યોગ એટલે ચેતનાનું વિજ્ઞાન. વિજ્ઞાન પદાર્થની અંતર્ગત થતી ઊર્જા પર પ્રયોગો કરે છે, તે રીતે યોગ-આત્માની અંતર્ગત થતી ચેતના પર પ્રયોગો કરે છે. થોડા વર્ષો પૂર્વે વિજ્ઞાનને લાગતું હતું કે ઊર્જાથી વધારે સૂક્ષ્મ બીજું કંઈ નથી, પણ અત્યારે વિજ્ઞાન કહે છે કે ઊર્જાથી પણ વધારે સૂક્ષ્મ સત્તા અસ્તિત્વ ધરાવે છે અને તે છે આત્મ-ચેતનાની સર્વાધિક સૂક્ષ્મતમ સત્તા. યોગ અનેકવિધ સિદ્ધિઓ આપે છે. આ સિદ્ધિઓ એક પ્રકારથી ચમત્કાર જેવી લાગે છે. ભારતના મહાન યોગી વિશુદ્ધાનંદ સરસ્વતીના શિષ્ય, પદ્મવિભૂષણ સન્માનિત, મહામહોપાધ્યાય, સાહિત્ય વાચસ્પતિ પંડિત ગોપીનાથ કવિરાજે વિશુદ્ધાનંદજીના યોગ વિજ્ઞાન અંગે લખ્યું છેઃ આ વિજ્ઞાન પશ્ચિમનું જડ વિજ્ઞાન નથી, આ ભારતનું આત્મશક્તિ આધારિત ચેતન વિજ્ઞાન છે. યોગ પણ એક વિજ્ઞાન જ છે, માત્ર પ્રણાલિનો ભેદ છે. યોગમાર્ગમાં વિજ્ઞાન અને વિજ્ઞાન માર્ગમાં યોગ એકબીજાના સહાયક છે. પરમહંસ વિશુદ્ધાનંદે અનેક વિજ્ઞાનોનું જ્ઞાન ગ્રહણ કરી મહાન યોગસિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. તે અનેકવાર એનું પ્રદર્શન પણ કરતા. આત્મ-ચેતનાની મહાશક્તિમાં, યોગ શક્તિમાં, ઈશ્વર અને ધર્મમાં શ્રદ્ધા જગાડવા માટે તે આ યોગસિદ્ધિઓના અકલ્પ્ય અને અદ્ભુત ચમત્કારો કરતા હતા.

ચમત્કારો વિશે સેન્ટ ઓગસ્ટિનનું એક સુંદર વિધાન છેઃ 'Miracles are not contrary to nature, but only contrary to what we know about nature ' ચમત્કારો કુદરતની વિરુદ્ધ નથી હોતા, પણ માત્ર આપણે કુદરત વિશે જે જાણીએ છીએ એની વિરુદ્ધ હોય છે. સેન્ટ ઓગસ્ટિન અને સ્પિનોકાએ ચમત્કારિક ઘટનાઓ વિશે જે સિદ્ધાંતો રજૂ કર્યા હતા એને તત્ત્વચિંતક વિલિયમ વાલિસેલા (William Vallicei'a)એ ચમત્કારોની એપિસ્ટેમિક થિયરી એવું નામ આપ્યું છે. આ થિયરી પ્રમાણે કોઈ પણ ઘટના કુદરતથી વિરુદ્ધ હોતી જ નથી. ડેવિડ હ્યુમ જેને કુદરતના અફર નિયમો કહે છે એમનું આમાં ઉલ્લંઘન થતું નથી. કોઈ ઘટના ચમત્કાર એટલા માટે લાગે છે કે તે કુદરતના અજ્ઞાત નિયમથી બની હોય છે. તેને સમજવા આપણું જ્ઞાન ઓછું પડતું હોય એવું બની શકે. કુદરત વિશે આપણે બાંધી દીધેલી માન્યતાના મર્યાદિત ચોકઠામાં એ બંધ બેસતી ના આવતી હોય એવું બનતું હોય. પૂર્ણ વૈજ્ઞાનિક સમજણથી એને જોવામાં આવે તો તે ચમત્કાર પણ કુદરતના જ કોઈ અજાણ્યા નિયમથી બને છે એ સમજાઈ જાય. એપિસ્ટેમિક શબ્દ ગ્રીક શબ્દ એપિસ્ટેમી (Episteme) પરથી બન્યો છે જેનો અર્થ થાય છે - સુપ્રતિષ્ઠિત જ્ઞાન (Well-Founded Knowledge).



ફ્રેન્ચ બેરિસ્ટર અને મેજિસ્ટ્રેટ લુઈસ જેકોલિઓટે (Louis Jacolliot) તેમના પુસ્તક અકલ્ટ સાયન્સ ઈન ઈન્ડિયા એન્ડ એમોન્ગ ધ એન્સિયન્ટ્સ (Occult Science in India and among the ancients) માં તેમણે ગૂઢ વિજ્ઞાન, યોગ અને અધ્યાત્મ વિશે લખ્યું હતું. તેમાં તેમણે જાતે જોયેલા અને અનુભવેલા યોગસિદ્ધિના ચમત્કારો વિશે પણ લખ્યું હતું. તેમાં તેમણે જણાવ્યું છે કે આમ તો તે રેશનલ હતા અને ચમત્કારોમાં બિલકુલ માનતા જ નહોતા પણ ભારતના કેટલાક સિદ્ધયોગીઓને મળ્યા પછી, સ્વયં તેમની યોગસિદ્ધિઓને ચકાસ્યા પછી તે યોગસિદ્ધિના ચમત્કારોમાં માનતા થઈ ગયાં હતા. લુઈસ જેકોલિયોટ (૧૮૩૭-૧૮૯૦) ૧૮૬૫થી ૧૮૬૯ દરમિયાન માહિતી અને ભારતમાં રહ્યા હતા. તેમણે મનુસ્મૃતિનો ફ્રેન્ચ ભાષામાં અનુવાદ કર્યો હતો જે વાંચીને ફ્રેડરિક નીત્સે પણ પ્રભાવિત થયા હતા.

જેકોલિઓટે તેમના પુસ્તકમાં લખ્યું છે કે તેમણે ગોવિંદ સ્વામી નામના એક યોગીના ચમત્કાર પણ જોયા હતા. ગોવિંદ સ્વામીએ તેમને કહ્યું હતું કે તે યોગ શક્તિથી ગમે તેટલી દૂર રહેલી વસ્તુને આજ ક્ષણે ત્યાંથી અહીં લાવી તેમને આપી શકે છે. જેકોલિઓટે એમને એમના તાળાબંધ ઓરડાના દૂરના ઘરમાં રહેલી કોઈ વસ્તુ તત્કાળ લાવી આપવા આહવાન આપ્યું હતું. ગોવિંદ સ્વામી થોડીવાર ધ્યાનમાં બેસી ગયા હતા. થોડી સેકંડો વીતી હશે ત્યાં એક વાંસળી જેકોલિયેટની સામે આવીને પડી. તેમણે તે હાથમાં લઈને જોયું તો તે એ જ કલા-કારીગરી વાળી તેમની વાંસળી હતી જે એક રાજાએ તેમને ભેટ આપી હતી. અને જે તેમણે તેમના ઘરના ઓરડામાં રહેલા એક કબાટમાં વસ્ત્રથી વીંટાળીને મૂકેલી હતી. પછી જ્યારે તે તેમના ઘેર ગયા અને પેલા કબાટમાં જોયું તો ત્યાં તેમની વાંસળી નહોતી. એટલે એ જ વાંસળીને યોગશક્તિથી ગોવિંદસ્વામીએ જેકોલિઓટ સમક્ષ પ્રગટ કરી હતી.

**કોઈ ઘટના ચમત્કાર એટલા માટે લાગે છે કે તે કુદરતના અજ્ઞાત નિયમથી બની હોય છે. તેને સમજવા આપણું જ્ઞાન ઓછું પડતું હોય એવું બની શકે**

ક્વિન્સ કોલેજના પ્રાધ્યાપક અભયચરણ સાન્યાલની ઉપસ્થિતિમાં પરમહંસ વિશુદ્ધાનંદજીએ સૂર્ય વિજ્ઞાનનો ઉપયોગ કરીને વિશિષ્ટ લેન્સ દ્વારા રૂ પર સૂર્યરશ્મિઓ ફેંકીને એને પથ્થરના રૂપમાં ફેરવી દીધી હતું. એ સંમોહનનો પ્રયોગ નથી, યોગ વિજ્ઞાનથી થયેલું પદાર્થ પરિવર્તન છે તે સાબિત કરવા તેમણે તે પથ્થર અભયચરણને આપી દીધો હતો. તેમણે ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળામાં તે ચકાસ્યો હતો જે પથ્થરના પારમાણ્વિક ગુણધર્મોવાળો જ સાબિત થયો હતો.

પેન્સિલ્વાનિયામાં આવેલી સ્વામી રામ હિમાલયન ઈન્સ્ટિટ્યૂટના યોગી સ્વામી રામ ૧૯૪૨માં બદ્રીનાથની યાત્રાએ નીકળ્યા ત્યારે તેના માર્ગમાં આવતા શ્રીનગરથી પાંચ માઈલ દૂર આવેલા એક શક્તિ મંદિરથી ૨ માઈલ નીચે આવેલી એક ગુફામાં રહેતા એક અઘોરીને મળવા ગયા હતા. અઘોરીએ તેમને અને તેમની સાથે ગયેલા એક સ્થાનિક પંડિતને પદાર્થ પરિવર્તનની સિદ્ધિ બતાવી હતી. તેમણે સ્વામી રામને થોડી રેતી લઈ આવવા જણાવ્યું હતું. તેમણે સ્વામી રામને તે પથ્થર અને રેતીને આંગળી અડકાડવા કહ્યું હતું. તેમણે તેના પર આંગળી મૂકી તે સાથે પથ્થર સાકરના રૂપે અને રેતીના કણો કાજુ અને બદામ રૂપે પરિવર્તિત થઈ ગયા હતા. તેમણે તે ખાવા આવ્યાહતા અને પોતાની સાથે લઈ જવા પણ દીધા હતા જેથી એ સંમોહનના સૂચન હેઠળનો અનુભવ નથી તેની ખાતરી થાય.

તાંત્રિક યોગના નિષ્ણાત તે અઘોરીએ સ્વામી રામને સમજાવ્યું હતું - આ યોગની શક્તિ છે. યોગ એક વિજ્ઞાન છે. સિદ્ધિ પ્રાપ્ત કરનારા યોગીઓ આવા ચમત્કાર આ વિજ્ઞાનનું સમર્થન કરાવવા અને લોકકલ્યાણ માટે જ કરતા હોય છે. પદાર્થને અને ઊર્જાનું નિયમન કહે છે તે ચેતના એક જ અને એક સમાન છે. પ્રાચીન યોગશાસ્ત્રએ ચેતનાની રહસ્યમય શક્તિઓ વિશે સમજાવ્યું છે અને તેને નિયંત્રણમાં લેવાની ક્ષમતા પ્રાપ્ત કરી છે. આત્મ-ચેતનાના સિદ્ધાંત પર કામ કરતું યોગવિજ્ઞાન યોગસિદ્ધિના અદ્ભુત ચમત્કારો કેવી રીતે કરી શકાય તેનાં રહસ્યો અનાવૃત કરે છે. ■

# માનવી મૈત્રીથી પુનર્જન્મ પામે છે!

**જાણ્યું છતાં અજાણ્યું**

**મુનીન્દ્ર**

સાધનાના માર્ગે ગતિ કરતી વ્યક્તિએ પોતાના દોષોથી ગભરાયા વિના એ દોષોને ઓળખીને, એને અળગા કરવા માટે આધ્યાત્મિક પુરુષાર્થ ખેડવો જોઈએ અને એ રીતે પોતાના ચિત્તની નિર્મળતા સાધવી જોઈએ. આથી જ સંત કબીરે કહ્યું છેઃ

*'માલા તિલક બનાય કે,*
*ધર્મ વિચાર નહીં,*
*માલા બિચારી ક્યા કરે,*
*મૈલ રહા મનમાંહિ!'*

માળા ગણવાથી કે તિલક કરવાથી ધર્મ થતો નથી, કારણ એ કે એ તો માત્ર બાહ્ય ક્રિયા છે. એનું ભીતર સાથે અનુસંધાન હોવું જોઈએ. વ્યક્તિનાં ચિત્તમાં દ્વેષ, રોષ, ઈર્ષ્યા, વાસનાની મલિનતા હોય અને બહાર હાથમાં માળા ફરતી હોય, તો તેનો અર્થ શું ? ધર્મની બાબતમાં આંતર જગતનો વિચાર કરવાને બદલે આપણે બાહ્ય જગતનો અસબાબ વધુ ખડો કરીએ છીએ. પોતાની આંતરઓળખને બદલે બાહ્ય જગત તરફ સતત દ્રષ્ટિ દોડાવતાં હોઈએ છીએ.



આમેય વ્યક્તિને આ આંતર જગત તરફ જવું બહુ પસંદ હોતું નથી. આનું કારણ એ કે જન્મથી જ એણે બાહ્ય-જગતના ભોગ-ઉપભોગો જોયાં છે. એને સતત બાહ્ય વસ્તુઓનું આકર્ષણ રહ્યું છે. એના જીવનમાં એણે બાહ્ય ઘટનાઓમાં વિશેષ રસ લીધો છે અને એની વાતોમાં પણ બાહ્ય જીવનની વાતો ઘણી આવતી હોય છે.

કોઈ સંસારમાં ડૂબેલા માનવીને મળીએ, ત્યારે એની પાસે મોજ-મજા, વસ્ત્રો, સંપત્તિ, સત્તા એની જ વાતો હોય છે, કારણ કે એનું ધ્યાન માત્ર બહારની ચીજ-વસ્તુઓ પર છે એ બહારની વાત કરીને પોતાની જાત માટે માન મેળવવા કોશિશ કરે છે. એની આ સાંસારિક વૃત્તિ એની વાણી, વર્તન અને વ્યવહારમાં સતત પ્રગટ થતી હોય છે. માત્ર ધનની પાછળ દોડનાર વ્યક્તિને તમે આંતરિક સાધનાની વાત કરો, તો તે તમારી તરફ વિચિત્ર નજરે જોયા કરશે. એને થશે કે પૃથ્વી પર બિચારો આ માનવી ભૂલો પડ્યો છે. જે આનંદોમાં જગત મહાલી રહ્યું છે એ આનંદનો બિચારાને લેશમાત્ર ખ્યાલ નથી! આથી જ પાકા સંસારી ઉચ્ચ સાધકની પહેલાં અવગણના કરતા હોય છે. એમને થાય છે કે આમની વાતો તો સાવ તર્કહીન છે અને સહેજે લાભદાયી નથી.

ઘણીવાર એવું બને છે કે સંસારનું આ બાહ્ય આકર્ષણ ધર્મના ક્ષેત્રમાં પણ ચાલુ રહે છે. સંસારમાં પોતાના પુત્રના લગ્ન સમયે મોટો ખર્ચ કરીને 'ભપકો' દેખાડનાર વ્યક્તિ ધર્મકાર્યોમાં પણ એ 'વટ પાડવાનો' વિચાર કરતો હોય છે. આમ સંસારમાંથી એ ધર્મ તરફ ગયો છે, પરંતુ એની બાહ્યવૃત્તિ એવી ને એવી જ અખંડ રહી છે અને એથી ક્યારેક તો લગ્નના ભવ્ય સમારંભો જેમ ધર્મના સમારંભો યોજાતા હોય છે. મોટા પાયે લગ્ન કરનારની જેવી પ્રતિષ્ઠા હોય છે, એવી જ પ્રતિષ્ઠા મેળવવાનો ધર્મના ક્ષેત્રે પ્રયત્ન થાય છે. આમાં એવું બને છે કે વ્યક્તિ સંસારમાંથી સંન્યાસમાં જાય છે, પરંતુ એની વૃત્તિમાં પરિવર્તન આવતું નથી. લગ્નની મોંઘી કંકોતરીનું એને આકર્ષણ હોય છે અને એ જ આકર્ષણ સાધુ કે સંન્યાસી બન્યા પછી પણ હોય છે.

આનો અર્થ એટલો જ કે પહેલાં જગત તરફ મુખ હતું, એ જ રીતે આજે પણ જગત તરફ એનું મુખ મંડાયેલું છે. માત્ર પહેલાં સાંસારિક બાબતોમાં એનું લક્ષ્ય હતું, તો હવે ધાર્મિક બાબતોમાં એનું લક્ષ્ય છે. આને પરિણામે તો વ્યક્તિ ભવ્યાતિભવ્ય મંદિરોનું નિર્માણ કરે છે. એક મંદિર હોય તો બાજુમાં પોતાનું બીજું મંદિર ઊભું કરે છે. જેમ વ્યવહાર જગતમાં એ ધંધાની હરીફાઈ કરતો હતો, એ સ્થૂળતા જ અહીં સૂક્ષ્મતા રૂપે પ્રવર્તે છે. આથી ખરું કામ તો આંતર પરિવર્તનનું છે. બહાર ઘુમતા ચિત્તને ભીતરમાં વાળવાનું છે.

**સંત કબીર કહે છે, માળા ગણવાથી કે તિલક કરવાથી ધર્મ થતો નથી, કારણ એ કે એ તો માત્ર બાહ્ય ક્રિયા છે. એનું ભીતર સાથે અનુસંધાન હોવું જોઈએ**

આને માટે 'યોગશાસ્ત્ર'માં મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એમ ચાર ભાવનાઓની વાત કરી છે. આ ભાવનાઓ જેમ ભીતરમાં વધતી જાય, તેમ તેમ વ્યક્તિમાં આંતરિક પરિવર્તન આવતું જાય છે. મૈત્રી જાગૃત થતાં સમગ્ર જગતનું દર્શન બદલાઈ જશે. પહેલાં આપણાં સંબંધો મિત્ર અને શત્રુ એવાં બે ખાનાંમાં વહેંચાયેલા હતા. અમુક માણસો આપણને પસંદ હોય છે અને અમુક માણસો આપણને નાપસંદ હોય છે. અમુક વ્યક્તિઓ વિશે વાત થાય, ત્યારે આપણે એની પ્રસંશામાં ડૂબી જઈએ છીએ અને અમુક વ્યક્તિની વાત થાય તો તરત જ આપણું ચિત્ત એની ટીકા કરવા માટે ઉદ્યુક્ત બની જાય છે.

આનું કારણ એ છે કે આપણે જીવનને લાભ અને હાનિના ત્રાજવે તોળીએ છીએ. અનુકૂળતા અને પ્રતિકૂળતાની દ્રષ્ટિએ જોઈએ છીએ. જ્યાં આવો ભેદ હોય ત્યાં મૈત્રી સાધી શકાતી નથી. જૈનદર્શને એવી મૈત્રીની વાત કરી છે કે વ્યક્તિ માત્ર મનુષ્ય સાથે જ મૈત્રીના નાતે જોડાય એટલું જ પૂરતું નથી, પરંતુ પ્રાણી અને પ્રકૃતિ સાથે પણ એણે મૈત્રી સાધવી જોઈએ, એ ગુસ્સામાં આવીને પોતાના હાથમાં આવેલી કોઈ ચીજ કોઈના પર ફેંકે, એ જેટલું અયોગ્ય છે એટલું જ અયોગ્ય એ વિના કારણે રસ્તે ચાલતાં ફૂલોનો નાશ કરતો રહે અને પ્રાણીઓને પથ્થર મારતો રહે તે છે. જ્યારે આવો મૈત્રીનો ભાવ હશે, ત્યારે વ્યક્તિમાં પરિવર્તન થવા માંડશે. એને એક પ્રકારનું બળ મળશે. એનો પ્રેમ વધશે, એના હૃદયની કોમળતામાં વૃદ્ધિ થશે અને આ રીતે એના જીવનમાં મોટું પરિવર્તન આવશે. સૌથી વિશેષ તો એનામાં અન્યને માટે સ્નેહ, હૂંફ અને સકારાત્મક વૃત્તિ જાગશે. આવી મૈત્રી નિષ્ઠુરતા અને ક્રૂરતાને ઓગાળી નાખે છે. સ્વામી શ્રદ્ધાનંદજીએ આ જ મૈત્રીભાવથી ઘાયલ સિંહને પોતાનો મિત્ર બનાવ્યો હતો. મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં એમના પર લાઠીઓનો વરસાદ વરસાવનાર આલમગીર પઠાણ તરફ ક્ષમા દાખવી હતી અને એને પોતાનો મિત્ર બનાવી દીધો.

મૈત્રી તમારી ભીતરમાં એક બીજા માનવીને જન્મ આપે છે. માનવીનો જન્મ એના જન્મ સમયથી થતો નથી, પરંતુ એના હૃદયમાં જ્યારે બીજો મૈત્રીભાવથી ભરેલો માનવી જન્મે ત્યારે થાય છે. આજના સમયમાં એક બાજુ વૈશ્વિકીકરણ (ગ્લોબલલાઈઝેશન) થાય છે અને આ દુનિયા 'ગ્લોબલ વિલેજ' બની જશે એમ કહેવાય છે, ત્યારે બીજી બાજુ માનવી વધુ ને વધુ સ્વાર્થકેન્દ્રી બનતો જાય છે. મકાનો મહુમાળી બન્યાં છે, પણ માનવીની ભાવના જમીનદોસ્ત થઈ ગઈ છે. રાજમાર્ગો વિશાળ બન્યા છે, પરંતુ જીવન વધુ ને વધુ મતલબી બન્યું છે. સંસાર માધ્યમને કારણે ક્રાંતિ થઈ છે, ,પરંતુ હૃદયનો હૃદય સાથેનો સંવાદ વિસરાતો ગયો છે.

જીવનમાં બધું જ સ્વની આસપાસ ચાલે છે અને તેવા સમયે માણસ સાધન સંપન્ન થવા માટે બધા ઉપાયો કરે છે. પણ સાધના સંપન્ન થવાનો લેશમાત્ર વિચાર કરતો નથી. એના જીવનનો આધાર ગમતાં અને અણગમતા પર છે. ગમતી વાતને માટે એ દોડે છે અને અણગમતું થતાં અકળાય છે. વળી, એને માટે ગમતી વાત એ પોતાના લાભની વાત હોય છે. કાઈ સરસ મજાનું ખીલેલું પુષ્પ જોઈને એનું હૃદય નાચતું નથી, કોઈ બાળકનું હાસ્ય જોઈને એનું ચિત્ત પ્રફુલ્લિત થતું નથી, કોઈ સત્કર્મની વાત સાંભળીને એના હૃદયમાં સારા ભાવો ઉભરાતા નથી.

કવિએ કહ્યું કે, 'ગમતાંનો કરીએ ગુલાલ', પણ આજે તો અણગમતાંનો ઉત્સવ ઉજવીએ છીએ. પોતાને અણગમતી વાત એ સૌને કરે છે. કોઈને કહી ન શકે તો મનમાં મમળાવ્યા કરે છે. ટ્રાફિક જામમાં ફસાઈ ગયા બાદ કેટલાંય કલાકો સુધી ટ્રાફિક-જામ ચાલુ રહે છે. રામો, રસોઈયો કે ડ્રાઈવર એના જીવનનું કેન્દ્ર બની ગયા હોય છે અને એની ગેરહાજરી માણસને સતત ખૂંચતી હોય છે. જે માણસ બહારના કોલાહલથી ઘેરાયેલો છે અને એની પાછળ આંખો મીંચીને દોટ લાગે છે, એ માણસ જેવો પોતાની જાતનો બીજો કોઈ દુશ્મન નથી. જે માણસ પોતાની ભીતરમાંથી આનંદ મેળવતા શીખે છે એ પોતાની જાતનો સૌથી મોટો મિત્ર છે. ઘણાં ખરા લોકો અઠવાડિયાના છ દિવસ બાવળ વાવતાં ફરે છે અને સાતમા દિવસે મંદિરમાં જઈને પ્રભુને પ્રાર્થના કરે છે કે, 'હે પ્રભુ! કાંટાની ફસલ ન થાય તે જોજે.'

મૈત્રી એટલે માનવીનો પુનર્જન્મ, મૈત્રી એટલે બીજાના હિતની ચિંતા. આને માટે સૌથી આવશ્યક બાબત એ જિંદગીનો અંતર્મુખ બનીને વિચાર કરવાની છે. અંતર્મુખતા હોય તો જ 'પરહિત'નો વિચાર થઈ શકે. આજના આપણા જીવનની સ્થિતિ એવી છે કે વ્યક્તિ જોતો થયો અને પછી સ્વાર્થ એ જ એની આદત બની ગઈ. કોઈપણ બાબતમાં એ વિચારે છે કે, 'મારું શું ?' અને જો એમાં લાભ ન હોય તો એ એની અવગણના કરતાં વિચારે છે કે, 'મારે શું !' ■

# ગાયત્રીમંત્ર : મંત્ર અને તંત્રશાસ્ત્રનો અર્ક

સમગ્ર વિશ્વનો જો કોઈ સૌથી લઘુ ગ્રંથ હોય, તો એ ગાયત્રી મંત્ર છે! સનાતન ધર્મ અને અધ્યાત્મનો સાર આ મંત્રમાં સમાવિષ્ટ છે. પ્રચલિત કારણ તો સહુ જાણે જ છે કે ચાર વેદોનો મૂળ આધાર ગાયત્રી મંત્ર છે. ભગવાન બ્રહ્મા જ્યારે વેદોનું નિર્માણ કરી રહ્યા હતા, એ વેળા એમણે ગાયત્રી મંત્રના ચોવીસ અક્ષરોનો આધાર લઈને વેદોની રચના કરી હતી, જે કર્ણોપકર્ણ પરંપરા થકી આગળ ગુરુ-શિષ્ય પરંપરામાં આગળ વધ્યા અને જનમાનસ માટે લોકભોગ્ય બન્યા; પરંતુ ઓછું પ્રચલિત કારણ એ છે કે ગાયત્રી મંત્ર ભારતીય ઉપાસના વિજ્ઞાનનું મૂળ તત્ત્વ છે. સર્વોપરિ અને સર્વશ્રેષ્ઠ એવા આ મંત્ર સાથે સુબુદ્ધિનો સીધો સંબંધ છે.

**સનાતન તંત્ર**

**બ્રહ્મચારી પરખ ઓમ**



જીવનમાં મોટાભાગનાં દુઃખોનું કારણ દુર્બુદ્ધિને કારણે લેવાયેલા નિર્ણયો છે. માણસના જીવનમાં આવતાં કષ્ટનાં વાદળો અશુભ ચિંતનના ખારા સમુદ્રમાં જ ઊઠતાં હોય છે. એટલે જ, ગુજરાતીમાં તો કહેવત છે, 'વિનાશકાળે વિપરિત બુદ્ધિ!' યોગ્ય દિશામાં વિચારવાની ક્ષમતા જ્યારે કુંઠિત થઈ જાય, ત્યારે એ વિનાશ જ નોતરે. સ્વામી વિવેકાનંદે કહ્યું હતું કે રાજા પાસેથી એવી વસ્તુ જ માગવી જોઈએ, જે એમના ગૌરવને અનુકૂળ હોય. પરમાત્મા પાસેથી માગવાલાયક વસ્તુ સદ્બુદ્ધિ છે! પરમાત્મા જેના પર પ્રસન્ન થાય છે, એમને સર્વપ્રથમ સદ્બુદ્ધિનું વરદાન આપે છે. સદ્બુદ્ધિને કારણે સત્કર્મ કરવાની પ્રેરણા મળે છે અને સત્કર્મો થકી અપાર સુખ! ગાયત્રી મંત્ર સદ્બુદ્ધિપ્રદ મંત્ર હોવાને કારણે તેને 'મુકુટમણિ'ની સંજ્ઞા આપવામાં આવી છે, કારણ કે મંત્રનું ઉચ્ચારણ કરતી વેળા સાધક ઈશ્વર પાસે તેની પ્રજ્ઞામાં સ્થિર થવાની પ્રાર્થના કરે છે. જો ઉપાસકના મસ્તિષ્કમાં ઈશ્વર નિવાસ કરે, તો પછી હૃદય અને મગજ વચ્ચે ઝાઝા દ્વંદ્વનો અવકાશ રહેતો નથી. શ્રીવિદ્યાના સિદ્ધ ઉપાસક શ્રી ઓમ સ્વામીએ એક વખત એમના પ્રવચનમાં કહ્યું હતું કે માણસનું મોટાભાગનું જીવન હૃદય અને મગજ વચ્ચેનું અંતર કાપવામાં પસાર થઈ જાય છે. જો એ બંને વચ્ચે સમાધાન થઈ જાય, તો ભૌતિક અને આધ્યાત્મિક બંને ઉન્નતિ સંભવ છે.

શ્રીરામકૃષ્ણ પરમહંસે ઉપદેશ આપતી વેળા કહ્યું હતું કે, 'હું લોકોને કહું છું કે બહુ સુદીર્ઘ સાધનાઓની આવશ્યકતા નથી. આ લઘુ ગાયત્રી સાધના કરી જુઓ. ગાયત્રીમંત્રનો જાપ કરવાથી ભલભલી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે. મંત્ર ભલે લઘુ હોય, પરંતુ તેનો પ્રભાવ તથા શક્તિ અત્યંત વધારે છે.'

નવેમ્બર, ૨૦૧૭માં હિમાચલપ્રદેશ ખાતે શ્રી બદ્રિકા આશ્રમમાં યોજાયેલી ગાયત્રી સાધના વખતે શ્રી ઓમ સ્વામીએ મંત્રના પ્રયોગ અંગે ગૂઢ તંત્રજ્ઞાન આપતાં જણાવ્યું હતું કે, 'ગાયત્રી સાધનાના અનુષ્ઠાન દરમિયાન જો સાધક નિરંતર પોતાના મણિપુર ચક્ર (નાભિસ્થાન) પર મંત્રધ્યાન કરે અને સતત ગાયત્રી મંત્રના વારાફરતી અનુષ્ઠાન કર્યે રાખે તો ત્રિકાળદર્શી (ભૂત, ભવિષ્ય, વર્તમાનને જોઈ શકવાની ક્ષમતા) બની શકે!'

જગદ્ગુરુ શંકરાચાર્યજીનું કથન હતું કે ગાયત્રીમંત્રની મહિમાનું વર્ણન કરવાનું સામર્થ્ય મનુષ્યો પાસે નથી! ભગવાન રામને એમના કુળગુરુ મહર્ષિ વશિષ્ઠ અને ભગવાન શ્રીકૃષ્ણને એમના ગુરુ સાંદીપનિ મુનિ દ્વારા આ મંત્ર જ આપવામાં આવ્યો હતો. ભગવાન રામના અન્ય ગુરુ મહર્ષિ વિશ્વામિત્ર પાસેથી બલા અને અતિબલા નામની શક્તિઓ આ મંત્રના માધ્યમથી જ પ્રાપ્ત થઈ હતી. સ્વયં વિશ્વામિત્ર પણ માત્ર ને માત્ર ગાયત્રી મંત્રના પ્રભાવથી ક્ષત્રિય રાજા કૌશિકમાંથી બ્રહ્મર્ષિ બન્યા હતા.

ભગવાન મનુનું કથન છે કે પવિત્રતા પ્રાપ્ત કરવા માટે અને નિરંતર મન-ચિત્ત-હૃદયને શુદ્ધ કરવા માટે ગાયત્રી મંત્રથી વધુ શક્તિશાળી બીજો કોઈ મંત્ર નથી. જે મનુષ્ય ત્રણ વર્ષ સુધી નિત્યકર્મમાં ગાયત્રી મંત્રનો જાપ કરે, એને ઈશ્વરપ્રાપ્તિ અવશ્ય થાય છે. અન્ય કોઈ સાધના થાય કે ન થાય, પરંતુ ગાયત્રીમંત્રનો જાપ સર્વસિદ્ધિપ્રદ છે. એના માટે દુષ્કર તંત્રસાધના કરવાની અથવા હિમાલયના જંગલોમાં ભટકવાની આવશ્યકતા નથી. પંડિત શ્રીરામ શર્મા આચાર્યએ ચોવીસ વર્ષ સુધી ગાયત્રીમંત્રના ચોવીસ મહાપુરશ્ચરણ કરીને આ વાત સાબિત કરી આપી હતી. નિત્ય પ્રતિદિન ગાયત્રીમંત્રનો એક હજાર વખત (દસ માળા) જાપ કરનાર વ્યક્તિને પૂર્વજન્મોનાં અને વર્તમાન જન્મનાં સઘળાં પાપોમાંથી મુક્તિ પ્રાપ્ત થાય છે.

સમસ્ત વેદ અને પુરાણોના પ્રણેતા મહર્ષિ વેદવ્યાસ મહારાજે કહ્યું હતું કે જેવી રીતે પુષ્પોનો સાર (અર્ક) મધ છે, દૂધનો સાર ઘૃત એટલે કે ઘી છે; એવી જ રીતે સમસ્ત વેદોનો સાર ગાયત્રીમંત્ર છે. આથી જ, એમને 'વેદમાતા'ની સંજ્ઞા આપવામાં આવી છે. ■

# આપણે આપણાં માબાપ જેવાં દેખાઈએ છીએ તેનું કારણ શું?

આપણે શા માટે આપણાં માતા-પિતા જેવા દેખાઈએ છીએ ? કેવી રીતે તેમનું DNA આપણામાં આવે છે ? જ્યારે DNA આપણા બધાનું સરખું છે તો પછી કેવી રીતે આપણે એકબીજાથી જુદા પડીએ છીએ? ચાલો, જાણીએ.

**ડો.જયેશ શેઠ**



આપ જાણતા જ હશો કે આપણા શરીરમાં DNA ની બે કોપી હોય છે. તેમાંથી એક કોપી માતામાંથી અને એક કોપી પિતામાંથી આવેલ હોય છે. આ રીતે આપણું અડધું DNA માતામાંથી અને અડધું DNA પિતામાંથી આવેલ હોય છે. આ DNA ૨૩ રંગસૂત્રોની જોડીમાં સચવાયેલું હોય છે. દરેક રંગસૂત્ર ઉપર DNA ના કોડમાં એક DNAની ખાસ ગોઠવણ આવેલ હોય છે તેને Short Tandem Repeats (STR) કહેવાય. આપણી દરેક કોપી ઉપર આ STR-DNA કોડ બંને માતા-પિતામાંથી એક-એક આવે છે. સામાન્ય રીતે આવા ૧૫ થી ૨૦ STR Markerના અભ્યાસથી ખબર પડે છે કે આપણું DNA કેટલા પ્રમાણમાં માતા-પિતામાંથી આવેલ છે. આ STR-DNA કોડ જો ૫૦ ટકા ૫૦ ટકા બંને માતા-પિતામાંથી આવેલ હોય તો તે તેનાં સાચાં માતા-પિતા કહેવાય. ફોરેન્સિક સાયન્સમાં માતા-પિતાની ઓળખ કરવાની હોય કે કોઈ ગુનેગારને પકડવો હોય તો આ STR પધ્ધતિથી વ્યક્તિની સાચી ઓળખ થઈ શકે છે. આજે તો કોર્ટમાં પણ DNA test એક ખૂબ જ ઉપયોગી, માર્ગદર્શક અને સચોટ પુરાવા તરીકે માનવામાં આવે છે. સાથે સાથે આપણને એમ થાય કે જો આપણું ઘણછ લોહી એક સરખું છે તો શા માટે આપણે એકબીજાથી જુદા દેખાઈએ છીએ ? તો તે માટે આપણા DNAમાં અમુક શબ્દો (A,T,G,C) હોય જે ૯૯ ટકા આપણા બધામાં સરખા હોય છે, પરંતુ ૧ ટકામાં આ શબ્દોની ગોઠવણ જુદી હોય છે જેને પોલીમોર્ફિઝમ (Polymorphism) કહેવાય છે, જેના થકી બધા મનુષ્યો એકબીજાથી જુદા પડે છે. ખાલી દેખાવમાં જ નહીં બુદ્ધિમતા, શરીરની પ્રતિરોધક શક્તિ, કૌશલ્યતા તેમજ દવાની અસરકારકતા (Precision medicine) માં મુખ્ય ભાગ ભજવે છે. દા.ત. કિડની ટ્રાન્સપ્લાન્ટ પછી ચબનિંસેજ નામની દવા આપવામાં આવે છે જે મુખ્યત્વે કિડનીનું Rejection ન થાય તે માટે આપવામાં આવે છે. ભારતમાં આ દવાનું જે મેટાબોલિઝમ થાય છે તે જનીન તત્વ (CYP3A5) માં Polymorphism હોવાથી આ દવાનું મેટાબોલિઝમ ધીમું થાય છે. એટલે કે દવાનું પ્રમાણ બીજા દેશો કરતાં આપણા દેશમાં ઓછું આપવું પડે. આ રીતે આપણે દર્દીને દવાની Toxicity તેમજ વધારે દવાના ખર્ચમાંથી બચાવી શકીએ છીએ.

**ફોરેન્સિક સાયન્સમાં માતા-પિતાની ઓળખ કરવાની હોય કે કોઈ ગુનેગારને પકડવો હોય તો STR પદ્ધતિથી વ્યક્તિની સાચી ઓળખ થઈ શકે છે**

ટૂંકમાં, આપણા DNA ઉપર STR માર્કર તેમજ પોલીમોર્ફિઝમ આપણી ઓળખાણ, આપણો દેખાવ, દવાની અસર ઉપર કામ કરીને Precision medicineનું એક નવું જ વિકસતું તબીબીશાસ્ત્ર ઉભું થયું છે. તેના થકી ક્યા દર્દીને કઈ દવા વધારે માફક આવશે અને કઈ નહિ આવે તે કહી શકીશું. ■

# એક વર્ષ કરતાં ઓછા સમયગાળા માટે Chief Justice of India બની ગયેલી આ તમામ હસ્તીઓને પણ જરા ઓળખી લો!

ભારતના સંવિધાનમાં અનુચ્છેદ ૧૨૪(૨) મુજબ, દેશના મુખ્ય ન્યાયાધીશની નિમણુક કરવાની સત્તા દેશના રાષ્ટ્રપતિને આપવામાં આવેલી છે, રાષ્ટ્રપતિ જ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બનવા જઈ રહેલ ન્યાયાધીશને દેશના મુખ્ય ન્યાયાધીશ તરીકેના સોગંદ લેવડાવે છે. આપણી સુપ્રીમ કોર્ટમાં સૌથી વધુ સમયગાળા માટે ન્યાયાધીશ તરીકે સેવા આપનાર વ્યક્તિ સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ (Cheif Justice of India) બની શકે છે...પરંતુ, માત્ર આટલું પૂરતું નથી. તદુપરાંત, તે ન્યાયાધીશ દેશની કોઈ પણ હાઈકોર્ટ/હાઈકોર્ટોમાં એક વકીલ તરીકે ૧૦ વર્ષ તેમજ એક ન્યાયાધીશ તરીકે પાંચ વર્ષ સેવા આપી ચૂકેલો હોવો જોઈએ!

સુપ્રીમ કોર્ટના કોઈ પણ ન્યાયાધીશે ૬૫ વર્ષની ઉંમરે રિટાયર્ડ થઈ જવાનું હોય છે. હાલને તબક્કે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો માસિક પગાર ૨,૮૦,૦૦૦ રૂપિયા જ્યારે સુપ્રીમ કોર્ટના અન્ય ન્યાયાધીશોનો પગાર ૨,૫૦,૦૦૦ રાખવામાં આવેલો છે. સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશને રિટાયર્ડ થયા બાદ પેન્શન રૂપિયા ૧૬,૮૦,૦૦૦ (વાર્ષિક) જ્યારે અન્ય ન્યાયાધીશોને તે ૧૫,૦૦,૦૦૦ રૂપિયા (વાર્ષિક) મળે છે.

આપણે ત્યાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ માટે નોકરી કરવાની મહત્તમ કે ન્યુનતમ કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલી નથી. આપણી સુપ્રીમ કોર્ટના એક સમયના ચીફ જસ્ટીસ યશવંત વિષ્ણુ ચન્દ્રચૂડ (પૂર્વ ચીફ જસ્ટીસ ધનંજય ચન્દ્રચૂડના પિતા) પોતાના પદ પર તા.૨૨-૦૨-૧૯૭૮ થી તા.૧૧-૦૭-૧૯૮૫ સુધી એમ કરીને ૭ વર્ષથી વધુ સમયગાળા માટે ફરજ બજાવતા રહ્યા હતા. જસ્ટીસ યશવંત ચન્દ્રચૂડ સુપ્રીમ કોર્ટમાં સૌથી વધુ સમયગાળા માટે ચીફ જસ્ટીસ રહ્યા હતા, સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટીસ તરીકે એમના જેટલી લાંબી નોકરી અન્ય કોઈ ચીફ જસ્ટીસે કરી નથી !

આપણા દેશની સુપ્રીમ કોર્ટમાં હાલ જે જસ્ટીસ સંજીવ ખન્ના ચીફ જસ્ટીસ તરીકે ફરજ બજાવી રહ્યા છે તેઓ આગામી તા. ૧૩-૫-૨૦૨૫ સુધી ફરજ પર રહેશે. એમને આગામી તા.૧૩-૫-૨૦૨૫ના રોજ ઉંમરના ૬૫ વર્ષ પૂરાં થાય છે (જન્મ તા. ૧૪-૫-૧૯૬૦) એટલે તેમને બદલે તા.૧૪-૫-૨૦૨૫થી નવા ચીફ જસ્ટીસ ભૂષણ રામકૃષ્ણ ગવઈ ફરજ પર આવશે !

વર્તમાન ચીફ જસ્ટીસ સંજીવ ખન્ના ગત તા. ૧૧-૧૧-૨૦૨૪ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ તરીકે ફરજ બજાવી રહ્યા છે. આમ, તેઓ આગામી તા.૧૩-૫-૨૦૨૫ના રોજ નિવૃત્ત થશે ત્યારે એમની (ચીફ જસ્ટીસ તરીકે) નોકરી ૧૬૩ દિવસની રહી એમ સમજી શકાય !

**દેશની આઝાદીનો અમૃતમહોત્સવ ઉજવાઈ ગયો પણ, દેશની સુપ્રીમ કોર્ટમાં હજુ સુધી CJI તરીકે કોઈ મહિલા નહિ ! ઈ.સ. ૨૦૨૭ના વર્ષમાં કેવળ ૩૬ દિવસ માટે જસ્ટીસ બી.વી. નાગરત્ના દેશની સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ બનવાના છે !**

આપણો દેશ પ્રજાસત્તાક બન્યો તે દિવસથી એટલે કે, તા. ૨૬-૦૧-૧૯૫૦ના રોજથી દેશની સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયાધીશનું પદ અસ્તિત્વમાં આવ્યું. દેશના પહેલા ચીફ જસ્ટીસ હતા, હરિલાલ જેકીશનદાસ કણીયા ! તેઓ દેશના સીજેઆઈ તરીકે ફરજ પર હતા ત્યારે જ એમનું મૃત્યુ થયેલું એટલે એમની એક સીજેઆઈ તરીકે એમની નોકરી ૧ વર્ષ-૨૮૪ દિવસની રહી એમ ગણાય.

**સૌથી ઓછા કાર્યકાળ માટે મશહૂર એવા જસ્ટીસ કમલ નરેન સિંઘ ભારતની સુપ્રીમ કોર્ટમાં સૌથી ઓછી મુદત માટે ચીફ જસ્ટીસ તરીકેનો વિક્રમ ધરાવે છે. કદાચ આ વિશ્વવિક્રમ પણ હોઈ શકે ! દુનિયાની બીજી કોઈ વ્યક્તિ માત્ર ૧૭ દિવસ એટલે કે બે અઠવાડિયા માટે કોઈ દેશના ચીફ જસ્ટીસ તરીકે રહી હશે ખરી ?**



આપણે અહિ એવા તમામ સીજેઆઈ ઉપર નજર ફેરવી લેવી છે જેમણે ૧ વર્ષ કરતાં ઓછા સમયગાળા માટે દેશની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ તરીકે ફરજ નિભાવી !...

## ગણતરીના દિવસો માટે Chief Justice of India

જસ્ટીસ કમલ નરેન સિંઘ માત્ર ૧૭ દિવસ માટે ભારતની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બન્યા હતા ! તેઓ આપણા દેશના બાવીશમા ચીફ જસ્ટીસ હતા. ૧૯૯૧ની સાલમાં ૨૫ નવેમ્બરે જસ્ટીસ કમલ નરેન સિંઘનો શપથવિધિ થયો હતો અને, તા.૧૨-૧૨-૧૯૯૧ના રોજ તેઓ નિવૃત્ત થઈ ગયા હતા ! હમણાં ૨૦૨૨માં જ જસ્ટીસ કમલ નરેન સિંઘનું (૯૬ વર્ષની ઉંમરે) મૃત્યુ થયું. સૌથી ઓછા કાર્યકાળ માટે મશહૂર એવા જસ્ટીસ કમલ નરેન સિંઘ ભારતની સુપ્રીમ કોર્ટમાં સૌથી ઓછી મુદત માટે ચીફ જસ્ટીસ તરીકેનો વિક્રમ ધરાવે છે...કદાચ આ વિશ્વવિક્રમ પણ હોઈ શકે ! દુનિયાની બીજી કોઈ વ્યક્તિ માત્ર ૧૭ દિવસ એટલે કે બે અઠવાડિયા માટે કોઈ દેશના ચીફ જસ્ટીસ તરીકે રહી હશે ખરી ?

કમલ નરેન સિંહ સીજેઆઈ હતા ત્યારે માત્ર ૧૭ દિવસના સાવ ટૂંકા કાર્યકાળ દરમ્યાન પણ એમણે બે મહત્વપૂર્ણ ફેસલા આપ્યા હતા. એક તો, ઉત્તર પ્રદેશમાં ચર્મ-ઉદ્યોગ દ્વારા જે ગંગા નદીને પ્રદુષિત કરવામાં આવતી હતી તે બાબત એમનો ફેસલો હતો કે ઉદ્યોગજનિત ગંદકીના નિકાલ માટે (ગંગા નદીને પ્રદુષિત કર્યા વગર) પર્યાપ્ત વ્યવસ્થા નહિ હોય તેવા સંસ્થાનોને ઉદ્યોગનું લાઈસન્સ આપવામાં નહિ આવે ! અને, બીજો સૌથી મોટો ફેસલો ભારતના બંધારણ વિષયક હતો. ફાંસીની સજા રદ કરવા માટે કાનૂની પ્રક્રિયા સુપ્રીમ કોર્ટમાં ચાલી રહી હતી, જસ્ટીસ કમલ નરેન સિંઘ તરફથી આખરી ફેસલો જાહેર કરીને ફાંસીની સજાને રદ કરવાને બદલે બરકરાર રાખવામાં આવી હતી !

એસ. રાજેન્દ્ર બાબુ માત્ર ૨૯ દિવસ માટે ભારતની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બન્યા હતા ! એસ. રાજેન્દ્ર બાબુ હજુ હયાત છે અને તેમની ઉંમર હાલ ૮૫ વર્ષ છે ! તા.૦૨-૦૫-૨૦૦૪ થી તા.૦૧-૦૬-૨૦૦૪ સુધી એસ. રાજેન્દ્ર બાબુ દેશના ચીફ જસ્ટીસ હતા તે દરમ્યાન દેશના રાષ્ટ્રપતિ તરીકે જેપીજી અબ્દુલ કલામ સેવા આપી રહ્યા હતા !

સીજેઆઈના પદ પરથી નિવૃત્ત થયા તેના બીજા જ વર્ષે કર્ણાટક યુનિવર્સિટી દ્વારા જસ્ટીસ એસ. રાજેન્દ્ર બાબુને પી.એચ.ડી.ની માનદ પદવી એનાયત કરવામાં આવી હતી.

અમદાવાદમાં તા. ૨૨-૦૧-૧૯૦૬ના રોજ જન્મેલા જસ્ટીસ જયંતીલાલ છોટાલાલ શાહ ભારતની સુપ્રીમ કોર્ટમાં ૩૫ દિવસ માટે ચીફ જસ્ટીસની ખુરસી પર બેઠા હતા ! તેઓ તા. ૧૭-૧૨-૧૯૭૦ થી તા. ૨૧-૦૧-૧૯૭૧ સુધી દેશની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ હતા. જયંતીલાલ શાહ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ પદ પરથી નિવૃત્ત થયા બાદ બરાબર વીસ વર્ષ જીવ્યા. ઈન્દિરા ગાંધીને ચૂંટણીમાં હરાવ્યા બાદ જ્યારે મોરારજી દેસાઈ દેશના વડા પ્રધાન થયા ત્યારે તેમની સરકારે ૧૯૭૭ની સાલમાં ઈન્દિરા ગાંધી દ્વારા લાદવામાં આવેલી કટોકટી ગેરકાયદેસર અને અનૈતિક હતી કે નહિ તેની તપાસ માટે એક પંચ નીમ્યું હતું જેના વડા આ જયંતીલાલ શાહ હતા. શાહ પંચ દ્વારા એવાં તારણ જાહેર કરવામાં આવ્યાં હતાં કે, ઈન્દિરા ગાંધીએ લાદેલી કટોકટી ભારતીય કાયદાની વિરુદ્ધ હતી તેમજ વિરોધ પક્ષોને નુકસાન પહોંચાડવાનો આશય ધરાવતી હતી.

**કૌશિક કુમાર દીક્ષિત**

માત્ર ૪૦ દિવસ માટે ભારતની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ પદે ફરજ નિભાવી ચૂકેલા (ઓરિસ્સાના) ગોપાલ બલ્લવ પટ્ટનાયક હજુ હયાત છે અને, હાલ તેઓ ૮૭ વર્ષના છે ! તા. ૦૮-૧૧-૨૦૦૨ થી તા.૧૮-૧૨-૨૦૦૨ સુધી આપણી સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ આ ગોપાલ બલ્લવ પટ્ટનાયક હતા. ભારતીય સાહિત્ય સર્જન માટે અપાતા 'સરસ્વતી સમ્માન'ની પસંદગી સમિતિના તેઓ વર્ષો સુધી એક સભ્ય હતા. ગોપાલ બલ્લવ પટ્ટનાયકે પોતાની માતૃભાષા ઉડિયામાં પોતાની આત્મકથા લખી છે જેનું નામ 'માને અચી જેટકી' (મને જે યાદ છે) લખી છે. એમની એક આત્મકથા અંગ્રેજીમાં પણ પ્રગટ થઈ છે જેનું નામ 'ધી ગાઉન એન્ડ ધી ગવલ' છે.

યુ.યુ.લલિત નામે જાણીતા ઉદય ઉમેશ લલિત માત્ર ૭૩ દિવસ માટે આપણા દેશની સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ હતા. ૨૭-૮-૨૦૨૨ થી ૮-૧-૨૦૨૨ સુધી દેશની સુપ્રીમ કોર્ટમાં ૪૯મા ચીફ જસ્ટીસ તરીકે ફરજ બજાવનાર યુ.યુ.લલિત દ્વારા એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી કે, તે દરમ્યાન સુપ્રીમ કોર્ટના ન્યાયધીશોએ દરેકે કામ આપવાની પોતપોતાની મહત્તમ ક્ષમતા દેશને દેખાડી ! અનેક હાઈ પ્રોફાઈલ કેસોમાં (જેમ કે, અયોધ્યા રામ મંદિર કેસ) આ યુ.યુ.લલિતે પોતાની જાતને ન્યાય જોખનાર બેન્ચથી દૂર કરી દીધી હતી...!

ઈન્દિરા ગાંધીના સમયગાળામાં એટર્ની જનરલ ઓફ ઈન્ડિયા તેમજ સોલીસીટર જનરલ ઓફ ઈન્ડિયા તરીકે ફરજો બજાવનાર લલિત મોહન શર્મા દેશની સુપ્રીમ કોર્ટના ૨૪મા ચીફ જસ્ટીસ હતા. હાલ, એમનો દીકરો (જસ્ટીસ પાર્થસારથી) પટના હાઈકોર્ટમાં જજ છે. લલિત મોહન શર્માએ દેશની સર્વોચ્ચ અદાલતમાં સર્વોચ્ચ ન્યાયધીશ તરીકે તા. ૧૮-૧૧-૧૯૯૨ થી તા. ૧૧-૨-૧૯૯૩ સુધી એમ કરીને ૮૫ દિવસ ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયા તરીકેનું સ્થાન શોભાવ્યું. ઘણી લાંબી પીડાદાયક માંદગી ભોગવી મૃત્યુ પામનાર દેશના ન્યાયાધીશોમાં તેઓ પ્રથમ ક્રમે આવે...!

### એવા Chief Justice of India જેમનો કાર્યકાળ ૩ મહિનાથી વધુ, પરંતુ ૬ મહિનાથી ઓછો રહ્યો

જેમનો કાર્યકાળ ૩ મહિનાથી વધુ પરંતુ, ૬ મહિનાથી ઓછો રહ્યો હોય તેવા ચીફ જસ્ટીસ ઓફ ઈન્ડિયામાં ૩ નામો જોવા મળી રહ્યાં છે. અમલ કુમાર સરકાર (૧૦૫ દિવસ) તેમજ રાજેન્દ્રમલ લોઢા (૧૫૩ દિવસ) તેમજ વર્તમાન સીજેઆઈ સંજીવ ખન્ના(૧૬૩ દિવસ)

પૂરાં ૧૦૦ વરસ અને ઉપર ૬ મહિનાનું આવરદા ભોગવનાર અમલ કુમાર સરકાર દેશની સુપ્રીમ કોર્ટના ૮મા ચીફ જસ્ટીસ હતા. ૧૯૬૬ની સાલમાં ૧૬ માર્ચથી ૨૯ જૂન સુધી અમલ કુમાર સરકાર સીજેઆઈ રહ્યા ત્યારે દેશના રાષ્ટ્રપતિ સર્વપલ્લી રાધાકૃષ્ણન્ હતા. દેશની અંદર ગાયોના રક્ષણ માટે છેક ૧૯૬૬માં (વડાપ્રધાન ઈન્દિરા ગાંધી હતાં !) સરકારે એક પંચ બનાવેલું જેમાં આ અમલ કુમાર સરકાર અધ્યક્ષ હતા !

રાજેન્દ્રમલ લોઢા હાલ ૭૫ વર્ષના છે અને, તેઓએ દેશના સીજેઆઈ તરીકે તા. ૨૭-૪-૨૦૧૪ થી તા. ૨૭-૯-૨૦૧૪ સુધી સેવાઓ આપી. જસ્ટીસ લોઢાએ ત્રણ-ત્રણ લો યુનિવર્સિટીઓમાં કુલપતિ તરીકે પણ સેવાઓ આપી છે. ચાણક્ય નેશનલ લો યુનિવર્સિટી-પશ્ચિમ બંગાળ નેશનલ લો યુનિવર્સિટી-નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી બેંગ્લોર...જસ્ટીસ લોઢા સીજેઆઈ બન્યા ત્યારે એમણે સૌથી પહેલી એ વાત જાહેરમાં કરી હતી કે, ભારતીય ન્યાયતંત્રમાં પારદર્શકતા લઈ આવવી તેમજ ૩૩,૦૦,૦૦૦ પડતર કેસોનો જલ્દી નિકાલ લઈ આવવો એ પોતાની ટોપ પ્રાયોરીટી છે !

દેશની સુપ્રીમ કોર્ટમાં હાલ ફરજ બજાવી રહેલા જસ્ટીસ સંજીવ ખન્ના માત્ર ૧૬૩ દિવસ માટે આ સ્થાન પર રહેવાના છે ! તેઓ આગામી ૧૩-૫-૨૦૨૫ના રોજ નિવૃત્ત થઈ જશે. તેઓ દેશના ૫૧મા સીજેઆઈ છે ધર્મ પરિવર્તન સંબંધી કાયદાઓને પડકારતી એક પીઆઈએલની મહત્વપૂર્ણ સુનાવણી જસ્ટીસ સંજીવ ખન્ના પોતાના નિવૃત્તિના દિવસે કરવાના છે !

### ૬ મહિનાથી વધુ, પરંતુ ૧ વર્ષથી ઓછો કાર્યકાળ ધરાવતા Chief Justice of India

જેમનો કાર્યકાળ ૬ મહિનાથી તો વધુ રહ્યો પણ, ૧ વર્ષ કરતાં ઓછો રહ્યો તેવા ૧૨ સીજેઆઈ સુપ્રીમ કોર્ટના તખ્ત પર જોવા મળે છે. ઈ.એસ. વેંકટરમૈયા (૧૮૧ દિવસ), ભૂપેન્દ્ર કૃપાલ (૧૮૫ દિવસ), સામ પીરોજ ભરૂચા (૧૮૫ દિવસ), જગદીશ ખેહર (૨૩૫ દિવસ), મદન મોહન પુન્છી (૨૬૪ દિવસ), પલની સામી સદાશિવ (૨૮૧ દિવસ), સવ્યસાચી મુખર્જી (૨૮૨ દિવસ), કોકા સુબ્બારાવ (૨૮૫ દિવસ), અમલતાસ કબીર (૨૯૨ દિવસ), જગદીશ વર્મા (૨૯૮ દિવસ), કૈલાસનાથ વાસુ (૩૧૮ દિવસ),મહેર ચંદ મહાજન (૩૫૨ દિવસ)

### ભવિષ્યમાં સાવ અલ્પ સમયગાળા માટે Chief Justice of India બનવાના છે તેવા ન્યાયાધીશો પર એક નજર

વર્તમાન સીજેઆઈ સંજીવ ખન્ના નિવૃત્ત થયા બાદ, જસ્ટીસ ભૂષણ રામકૃષ્ણ ગવઈ સીજેઆઈ તરીકે શપથ લેશે જેઓ તા. ૧૪-૫-૨૦૨૫ થી તા.૨૩-૧૧-૨૦૨૫ સુધી દેશના બાવનમા સીજેઆઈ (૨૨૪ દિવસ માટે) રહેશે. જસ્ટીસ બી.આર.ગવઈ નિવૃત્ત થતાં જસ્ટીસ સૂર્યકાન્ત તા.૨૪-૧૧-૨૦૨૫ના રોજ ૫૩મા સીજેઆઈ તરીકે સોગંદ લેશે.જસ્ટીસ સૂર્યકાંત તા.૯-૨-૨૦૨૭ના રોજ નિવૃત્ત થશે એટલે કે એમનો કાર્યકાળ ૪૪૩ દિવસનો રહેશે...જસ્ટીસ સૂર્યકાન્ત નિવૃત્ત થતાંની સાથે જસ્ટીસ વિક્રમ નાથ તા.૭-૨-૨૦૨૭ના રોજ સીજેઆઈ બનશે જેઓ તા. ૨૩-૯-૨૦૨૭ સુધી ભારતના સીજેઆઈ તરીકે હોદ્દા પર રહેશે. જસ્ટીસ વિક્રમનાથના નિવૃત્ત થયા બાદ જસ્ટીસ બી.વી.નાગરત્ના તા. ૨૪-૯-૨૦૨૭ થી તા. ૨૯-૧૦-૨૦૨૭ સુધી એમ માત્ર ૩૬ દિવસ માટે દેશના ચીફ જસ્ટીસ બનશે. જસ્ટીસ બી.વી. નાગરત્ના ભારતના પ્રથમ મહિલા ચીફ જસ્ટીસ હશે ! જસ્ટીસ નાગરત્ના બાદ, તા. ૩૦-૧૦-૨૦૨૭ થી તા. ૩-૫-૨૦૨૮ સુધી આપણી સુપ્રીમ કોર્ટમાં જસ્ટીસ પી.એસ. નરસિંહા ચીફ જસ્ટીસ તરીકે ફરજ બજાવી રહ્યા હશે. જસ્ટીસ પી.એસ.નરસિંહા નિવૃત્ત થશે એટલે, તા.૩-૫-૨૦૨૮ થી તા.૧૧-૮-૨૦૩૦ સુધી જે.બી.પારડીવાલા (વલસાડની કે.એમ.લો કોલેજમાં ભણ્યા હતા !) ભારતના ચીફ જસ્ટીસ બનશે.જસ્ટીસ કે.વી.વિશ્વનાથન્ તા. ૧૧-૮-૨૦૩૦ થી તા.૨૫-૫-૨૦૩૧ સુધી સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે સેવા બજાવશે. આપણી સુપ્રીમ કોર્ટે કે.વી. વિશ્વનાથન્ બાદ બનનારા ચીફ જસ્ટીસની યાદી હજુ નક્કી કરી નથી.

---

# એંસી ડબલામાં એક-એક પંચાલ?

**હવામાં ગોળીબાર**

**મન્નુ શેખચલ્લી**

બનાસકાંઠા જિલ્લામાં અમારું ડીસા નામનું નાનકડું ટાઉન છે. એમાં એક 'એસ.સી. ડબલ્યુ. હાઈસ્કૂલ' નામની નિશાળ હતી. (આજે પણ છે.) આ એસ.સી. ડબલ્યુ. નામ ક્યાંથી આવ્યું? તો કહે છે કે એક 'સર ચાર્લ્સ વોટસન' નામના અંગ્રેજે આ નિશાળની સ્થાપના કરેલી !

એમ તો ડીસામાં એક 'જ્યોર્જ ટોકિઝ' પણ છે ! હવે આ જ્યોર્જ તો રાણી એલિઝાબેથનો કયા નંબરનો દિકરો થાય કે રાણીનો શું સગો થાય તે ખબર નથી. પરંતુ અંગ્રેજોની એ નિશાની તો ખરી !

વાત જોકે એસસીડબલ્યુ સ્કૂલના એ સમયના પ્રિન્સિપાલ એસસી પંચાલની છે. તે વખતે નિશાળનાં છોકરાંઓમાં એક જોડકણું પ્રખ્યાત હતું કે 'એંસીડબલું'માં એસસી પંચાલ... એકેક ડબલામાં એકેક પંચાલ !

નિશાળમાં જે.એ. પંચાલ એમ.એમ. પંચાલ, ડી.કે. પંચાલ એમ ત્રણ ચાર પંચાલ સાહેબો તો હતા, પણ 'એંશી' પંચાલ ? છતાં જોડકણું મશહૂર હતું !

અમારા આ એંસસી પંચાલ સાહેબ બહુ કડક સ્વભાવના ! છોકરાંઓ એવી વાતો કરતા કે સાહેબ જ્યારે કોટ પહેરીને આવ્યા હોય તો અંદર એક નેતરની સોટી જરૂર હોય ! અમુક તોફાની બારકસોએ આ નેતરની સોટીનો સ્વાદ પણ ચાખેલો !

આજે એ પંચાલ સાહેબના થોડા કિસ્સા મમળાવીએ. પહેલો કિસ્સો એવો છે કે એ જ નિશાળમાં એક જે.એ. ઠક્કર સાહેબ પણ હતા. શી ખબર ક્યા કારણસર પણ એમના મોં ઉપર કદી સ્માઈલ જોવા જ ના મળે ! ઉલ્ટું સાવ દિવેલ પીધું હોય એવું કડવું મોં હોય ! આ કારણસર છોકરાંઓ એમની પીઠ પાછળ એમને 'દિવેલિયા' સાહેબ કહેતા હતા.

હવે થયું એવું કે નિશાળમાં અમદાવાદથી એક નવો છોકરો ભણવા આવ્યો. (પપ્પાની બદલી થવાને કારણે) આ છોકરાને તો ખબર જ ક્યાંથી હોય કે 'દિવેલિયા' કોઈ 'નિક-નેમ' છે ? કેમકે છોકરાંઓ નોર્મલ ટોનમાં બોલતાં હોય કે 'આજે દિવેલિયા' સાહેબનું લેસન પતાવવાનું છે. ચોથો પિરિયડ દિવેલિયા સાહેબનો છે. વગેરે.

આમાં એક દિવસ પેલા ઠક્કર સાહેબ હતા ગેરહાજર! ક્લાસમાં કલબલાટ અને ધમાલ મસ્તી ચાલી રહ્યાં હતાં. એવામાં અમારા પંચાલ સાહેબ રાઉન્ડમાં નીકળ્યા !

એમણે દાખલ થતાં જ પહેલી બેન્ચ પર બેઠેલા પેલા નવા છોકરાને ઊભો કરીને પૂછ્યું કોનો કલાસ છે ?

છોકરાએ કહ્યું, 'દિવેલિયા સાહેબનો !'

એ સાથે જ છોકરાના ગાલ ઉપર પંચાલ સાહેબનો લાફો પડ્યો !

છોકરો હતો ભણવામાં હોંશિયાર, એટલે કોન્ફીડન્સથી બોલ્યો : 'મારો છો શેના ? જવાબ તો આપ્યો !'

'શું જવાબ આપ્યો ?'

'કહ્યું તો ખરું, દિવેલિયા સાહેબ !'

એ સાથે જ બીજો લાફો પડ્યો ! ત્યાં જ છોકરાંઓ સમજી ગયા કે અહીં લોચો છે ! બધાં મોટમોટેથી કહેવા લાગ્યા : 'સાહેબ, એ નવો છે ! એ નવો છે ! એને ખબર નથી !'

ખેર, એ પછી પંચાલ સાહેબને જાણવા મળ્યું કે બનાસ નદી ઉપરના દાંતીવાડા ડેમના એક્ઝિક્યુટીવ એન્જિનિયર તરીકે જે લાડ સાહેબ બદલી થઈને આવ્યા છે એનો આ દિકરો છે !

પેલા છોકરાએ એના પપ્પાને લાફાવાળી વાત કરી નહોતી. પરંતુ બીજા દિવસે પંચાલ સાહેબે એ છોકરાંને પોતાની કેબિનમાં બોલાવ્યો. જોકે, 'સૉરી-બોરી' કશું ના કીધું, પણ એમ કહ્યું કે 'કંઈ પણ કામ હોય, કંઈ તકલીફ હોય તો મને કહેવાનું. સમજી ગયો ને ?'

એ છોકરાંનું નામ લલિત. ભણવામાં હોંશિયાર ખરો પણ શરીરે નબળો. કલાસના બીજા છોકરાઓ બહુ જબરા દેખાય. (ઓન્લી બોયઝ સ્કૂલ હતી. સવારની પાળીમાં છોકરીઓ આવતી.) આના કારણે આ લલિત કુમારને સતત ઈન્ફીરીયર ફીલ થયા કરે.

એવામાં એ બાબલાએ જોયું કે સાંજ પડે અહીં એનસીસીની તાલીમ ચાલે છે ! છોકરાઓ સરસ મજાની કડક, ઈસ્ત્રીદાર ખાખી વરદી પહેરીને, મસ્ત ત્રાંસી ટોપી પહેરીને લેફ્ટ-રાઈટ...લેફ્ટ-રાઈટ કસરતો કરે છે !

આ લલિત નામના ભણેશ્રીને પણ એનસીસીમાં જોડાવાનું મન થયું ! એ ગયો દવે સાહેબ નામના પીટી શિક્ષક પાસે. પણ દવે સાહેબ એક જ નજર એના શરીર સોંસરી નાંખીને 'ના' પાડી દીધી.

હવે આ છોકરાને પંચાલ સાહેબે આપેલું 'અભયવચન' યાદ આવ્યું ! એ ગયો સીધો પ્રિન્સિપાલ સાહેબની કેબિનમાં, અને કીધું કે મારે એનસીસીમાં જોડાવું છે, પણ દવે સાહેબ ના પાડે છે!

પંચાલ સાહેબે કહ્યું, 'બેટા રહેવા દે, આમાં તારું કામ નહીં.'



છતાં 'લાડ સાહેબ'ના દિકરાએ જીદ કરી ! તો હવે થાય શું ? પંચાલ સાહેબે દવે સાહેબને બોલાવીને 'આ છોકરાને એનસીસીમાં રાખવાનો છે' એવી ભલામણ તો કરી દીધી પણ છોકરો કેબિનમાંથી બહાર ગયો પછી દવે સાહેબને ફૂંક મારી 'બે પરેડથી વધારે ના ખેંચતા !'

થયું એવું કે બરોબર ત્રીજી જ પરેડે દવે સાહેબે નવો ઓર્ડર છોડ્યો : 'બધાએ વારાફરતી બે હાથમાં રાઈફલ ઊંચકીને આખા ગ્રાઉન્ડનાં બબ્બે રાઉન્ડ મારવાનાં છે!'

સીધી વાત છે, પેલા લાડ સાહેબના બેટાની 'ફેંફેં' થઈ ગઈ ! ચોથી પરેડ પહેલાં તે પોતાનો ખાખી યુનિફોર્મ 'સાભાર પરત' કરી ગયેલો !

બીજો એક કિસ્સો તો બહુ જોરદાર છે. આગળ કહ્યું તેમ અમારી તો 'ઓલ બોયઝ' સ્કૂલ હતી. પણ સવારની પાળીમાં છોકરીઓની કન્યાશાળા ત્યાં જ ચાલે. હવે થાય શું, કે અમુક છોકરાઓ સ્કૂલના ઝાંપે વહેલા વહેલા આવી જાય ! જેથી સ્કૂલમાંથી નીકળતી છોકરીઓને 'ઝાંખવા' મળે!

આમાં અમુક લફંગા છોકરાઓનું ગ્રુપ જરા લિમિટ બહાર જઈને છોકરીઓ પર મોટે મોટેથી ભલતી-સલતી કોમેન્ટો કરે. 'એય ચંપાડી, તારા ચોટલામાં ફૂલ ખોસી આલું ?' 'ઓ ગીતાડી, હેંડ તને પિચ્ચર બતાડું!'અલી કોક દા'ડો તો પતંગની સ્હેલ ખાવા દે ?' વગેરે.

પંચાલ સાહેબને આની ખબર પડી. એમણે શું કર્યું કે ચૂપચાપ એ છોકરાઓની ટોળી પાછળ જઈને ઊભા રહ્યા! છોકરાઓની નજર તો બહાર નીકળી રહેલી છોકરીઓ તરફ હતી ને? એવામાં પંચાલ સાહેબે જરા અવાજ બદલીને પૂછવા માંડ્યું 'અલ્યા, પેલી બે ચોટલાવાળી કોણ છે ?' 'પેલી ટુંકા વાળવાળી આજે નથી આઈ ?' 'આ લાલ રિબીનવાળીનું શું નામ, અલ્યા ?'

છોકરાઓ પીઠ ફેરવ્યા વિના જવાબ આપતા રહ્યા ! એવામાં પંચાલ સાહેબે ઊંચો અવાજ કરીને પૂછ્યું : 'અલ્યાઓ, આમાં તમારી એકે બહેન કેમ નથી દેખાતી?'

છોકરાઓએ પાછળ વળીને જોયું કે તરત એમના ટાંટિયા ઢીલા થઈ ગયા ! કહેવાની જરૂર નથી કે સાહેબની કેબિનમાં નેતરની સોટીઓ વડે એમની કેવી 'સર્વિસ' થયેલી !

**છોકરાઓએ પાછળ વળીને જોયું કે તરત એમના ટાંટિયા ઢીલા થઈ ગયા ! કહેવાની જરૂર નથી કે સાહેબની કેબિનમાં નેતરની સોટીઓ વડે એમની કેવી 'સર્વિસ' થયેલી !**

પંચાલ સાહેબનો ત્રીજો કિસ્સો એમના અનોખી સેન્સ ઓફ હ્યુમરનો છે. બન્યું એવું કે અમારી ડીસા ગામની 'જ્યોર્જ ટોકિઝ'માં દિલીપકુમારનું 'રામ ઔર શ્યામ' પિક્ચર આવેલું. આમેય નિશાળમાં મુસ્લિમ સ્ટુડન્ટોની સંખ્યા ખાસ્સી એટલે નવમા ધોરણના એક વર્ગમાં નક્કી થયું કે કાલે બધા ગુટલી મારીને 'રામ ઔર શ્યામ' જોવા જઈશું !

એ વખતે પિક્ચરની ટિકિટ પણ ૪૫ પૈસા જેવી મામુલી હતી. એ જ કલાસમાં પેલો લલિત પણ ખરો ! એ પણ 'સામૂહિક ગુટલી અભિયાન'માં જોડાયો હતો.

આ બાજુ ત્રણ વાગ્યાના શોમાં આખો કલાસ 'રામ ઔર શ્યામ' જોવા બેઠો છે અને પેલી બાજુ પંચાલ સાહેબને આ પરાક્રમની ખબર પડી ! અહીં જ્યોર્જ ટોકિઝમાં પહેલો ઈન્ટરવલ તો સુખેરૂપે પતી ગયો. (એ વખતે ત્રણ ઈન્ટરવલ પડતા) પણ બીજો ઈન્ટરવલ પડે છે અને છોકરાંઓ જ્યાં એકી-પાણી કરવા નીકળે છે ત્યાં દરવાજે ઊભા છે પંચાલ સાહેબ !

'સ્સાલાઓ' પિચ્ચર જોવા આયા છો ?' એમ કરીને એ સટાસટ નેતરની સોટી મારતા જાય અને બધાને એક સાઈડમાં ઊભા કરતા જાય !

અપર સ્ટોલના દરવાજાની બહાર આ સનસનાટી મચી રહી છે તેની પેલા લલિતને તો ખબર જ નહીં ! એ રહી રહીને પગ છૂટો કરવા માટે બહાર નીકળ્યો ત્યાં પંચાલ સાહેબે ઝડપી લીધો : 'અલ્યા, તું પણ છે ?'

એને સોટી તો ના મારી, પણ લાઈનમાં બધા જોડે ઊભો રાખ્યો. છતાં, હવે 'એ છોકરાની હિંમત જુઓ...એણે ધીમે રહીને કહ્યું : સાહેબ, આમે ય અડધું બાકી રહેલું પિચ્ચર જોવા માટે ફરીથી ટિકિટો લેવી પડશે! એના કરતાં આજે પતાવી લેવા દો ને ?'

જવાબમાં પંચાલ સાહેબ શું કહે છે ખબર છે ? 'તું બહુ હોશિંયાર છે ને ? તને બહુ યાદ રહે છે ને ? તો તું અંદર જઈને બાકીનું પિચ્ચર જો. પછી કાલે બધાને સ્ટોરી કહેજે!'

આવા હતા એસ સી પંચાલ સાહેબ...

**વાચકમિત્રો, આપના ધ્યાનમાં આ પ્રકારના રમૂજી કિસ્સા હોય તો પત્ર દ્વારા અથવા ઈમેલ કરીને મોકલી શકો છો.**
**ઈમેલ : havamagolibar@gujaratsamachar.com**
**પત્ર માટે :** ગુજરાત સમાચાર કાર્યાલય, ખાનપુર, અમદાવાદ -૧.

---

## સ્કવેર કટ

**અધીર અમદાવાદી**

● તમે જ્યાં પ્રોફેસર છો તે કોલેજમાં એડમિશન લેવું છે, કોલેજનું નામ શું છે?
- અરુણ વ્યોમ, અમદાવાદ
**- અમદાવાદ કોલેજ ઑફ હ્યુમર એન્ડ સાર્કાઝમ.**

● પંખામાં ત્રણ પાંખ કેમ હોય છે?
- શશિકાંત દેસલે, ડીંડોલી, સુરત
**- ભલાઈ માટે. બે કરતાં ત્રણ ભલી.**

● સ્વધર્મ નિજધર્મ ન નિભાવે અને અન્યને સુફિયાણી સલાહ આપે એને શું કહેવાય ?
- જિતેન્દ્રકુમાર એમ. ટાંક, ડીસા
**- સંસ્કૃતમાં એને પરોપદેશે પાણ્જિત્યં કહ્યું છે.**

● સાયન્સ લેવાય કે કોમર્સ?
- અંકિત સોલંકી, મોરબી
**- કેમ, આર્ટસ સાથે કઈ અંટસ છે?**

● મહિલા હેલ્પલાઈન ૧૮૧ની માફક પત્ની-પીડિત પતિઓ માટે કોઈ હેલ્પલાઈન છે?
- ડૉ. કવિ રાજેન્દ્ર કે. હાથી, વડોદરા
**- ૧૨ છે ને.**

● ફૂડ ડિલિવરીના ડબ્બાઓ અને બીજી ડિસ્પોઝેબલ વસ્તુઓ ફરી-ફરી કેમ ઉપયોગમાં લેવાય છે?
- ધ્રુવ પરીખ, રાજપીપળા
**- આપણી કસ-કાઢો સંસ્કૃતિને કારણે.**

● છત્રી કાગડો જ કેમ થાય છે, કબૂતર કેમ નહીં?
- અમરત સોલંકી, બોટાદ
**- કબૂતર સામાન્યતઃ કાળા કલરના નથી હોતાં એટલે.**

● નાની હાઈટ અને નાની ગાડીઓવાળા વધારે ટણી કેમ કરતા હશે ?
- તુષાર પરમાર, અમદાવાદ
**- એ નાના પાટેકરના ફેન હશે.**

● બે વત્તા બે કેટલા થાય?
- તીર્થ દોશી, ભાવનગર
**- બબ્બે.**

● રૂપિયો રૂપિયાને કેમ ખેંચે છે?
- એલ. એમ. જૈન, પાલનપુર
**- એક જ સમાજના હોવાથી.**

● જો ગુજરાતમાંથી દારૂબંધી ઉઠાવી લેવાય તો?
- મયુર લોડાયા, મુંબઈ
**- તો દોરીલોટો લઈને મુંબઈ ગયેલા ગ્લાસ લઈને ગુજરાત પાછાં આવે.**

● પહેલાના જમાનાની જેમ પુરુષો હવે માથામાં તેલ કેમ નથી ઠપકારતા?
- રવિ પરીખ, અમરેલી
**- હવે પહેલાંની જેમ બાપા અને શિક્ષકો વાળ પકડીને ફટકારતા નથી..**

● મારી કુંડળીમાં છૂટાછેડા યોગ છે, શું કરવું જોઈએ?
- સચિન કાલે, વડોદરા
**- બચત.**

● કાશ્મીર સમસ્યાનું સમાધાન શું છે? - કલ્પેશ પુજારા, રાજકોટ
**- પાનના ગલ્લે જઈને પંદર મિનિટ ઊભા રહો, મળી જશે.**

● મારો બોયફ્રેન્ડ મને હથેળીમાં ચાંદ દેખાડે છે, એને કેવી ટ્રીટમેન્ટ અપાય?
- વિની ટેલર, સુરત
**- એની હથેળીને એશ ટ્રે તરીકે ટ્રીટ કરો.**

● ૮૮% લોકોની આવક દસ લાખનું ફોર-વ્હીલર લઈ શકે એવી નથી, તો રસ્તા ઉપર આટલી બધી ગાડીઓ છે કોની?
- જેનિષ જેઠવા, સુરત
**- થપ્પીધારકોની. ગાંધીજીના ફોટાવાળી.**

● સુખ અને દુઃખ સિક્કાની બે બાજુ હોય તો સુખ જ પડે એના માટે શું કરવું?
- કૃપા દેસાઈ, આણંદ
**- બે સિક્કાને દુઃખ બાજુએથી ચોંટાડીને ઉછાળો.**

● સ્ત્રીની હથેળી અને ખંજનને દરિયાની ઉપમા આપતાં કવિઓ વિષે બે શબ્દ કહેશો?
- સંજીવ મહેતા, અમદાવાદ
**- સાહસિક દરિયાખેડુ.**

● માણસ ભોજનના બદલે પેટ્રોલ કે ડીઝલ લે તો?
- હર્ષદ માધુ, વાવ
**- તાપણાં પાસે ઓડકાર ના ખવાય.**

● પાકિસ્તાનનું શું થશે?
- પી. કે. ભટ્ટ, અમદાવાદ
**- સુપડાસાફ.**

**તમારા સવાલો આ ઈમેઈલ આઈડી પર મોકલી આપો**
**squarecut@gujaratsamachar.com**




# આવો તો સંવાદ રચીશું સપનામાં

**અંતરનેટની કવિતા**

**અનિલ ચાવડા**

**લોગઇન :**

**આવો તો સંવાદ રચીશું સપનામાં**
**ઊંઘ અમે રાખી છે નહિતર અથવામાં.**
**ધીમે ધીમે એની આદત થઈ ગઈ છે**
**વર્ષોથી છું ખાલીપાના કબજામાં.**
**લોકો વચ્ચે જલદી વહેતાં કરવા'તા,**
**તેથી સત્યો ફરતાં કીધાં અફવામાં.**
**કૂંપળ ફૂટું ફૂટું થાતી જોઈને**
**પીળા પાને વાર ન કીધી ખરવામાં**
**સહેલો ક્યાં છે સતરંગી દુનિયાનો ત્યાગ?**
**કંઈક તો આકર્ષણ હોવાનું ભગવામાં.**
**એની સામે કાયમ સાચુ રહેવું છે**
**દુનિયા સામે છો ને દંભી પડદામાં.**
**તેથી અમને લગની લાગી ગઝલોની**
**આપ રહ્યા છો હરદમ એના મત્લામાં.**

**- શબનમ ખોજા**

ગુજરાતી ગઝલ સાથે સંવાદ કરતી કવયિત્રી શબનમ ખોજા 'તસ્બીહના બે પારા વચ્ચે' પોતાનું તેજ મૂકે છે. એ શબ્દનું તેજ ભાવકને પણ પ્રકાશિત કરે છે. સરળ બાનીમાં સહજ કાવ્ય રચતી તેમની કલમ વર્તમાન ગુજરાતી કવયિત્રીઓમાં પોતાની આગવી છાપ ઉપસાવે છે.

આપણે હંમેશાં શબ્દોની સડક પર ચાલીને સંવાદ રચવા ટેવાયેલા છીએ, પણ નજરથી બંધાતા પુલ ક્યારેક શબ્દમાંથી નીકળતા અર્થને ઓળંગી જાય છે. વાણીના વહેણ કરતાં મૌનનું કહેણ વધારે ધારદાર હોય છે. કવિને અહીં સંવાદ તો રચવો છે, પણ સપનામાં. જો પ્રિયતમ આવે તો સ્વપ્નમાં સંવાદની સાખે બેસીશું, વાતો કરીશું, પણ જો ન આવે તો આરામથી ઊંઘી જઈશું. તમે આવશો એવી પ્રતીક્ષાનું પોટલું ઊંચકીને શું કામ ઊભા રહીએ? અમે તો એ જ પોટલાને ઓશીકું બનાવી નિરાંતે પોઢીશું. પણ હા, જો તમે આવશો તો જાગીને સંવાદની રંગોળી પૂરીશું એમાં ના નહીં.

આપણે હંમેશાં શબ્દોની સડક પર ચાલીને સંવાદ રચવા ટેવાયેલા છીએ, પણ નજરથી બંધાતા પુલ ક્યારેક શબ્દમાંથી નીકળતા અર્થને ઓળંગી જાય છે

ગાલિબે કહેલું, **दर्द का हद से गुज़रना है दवा हो जाना,** વ્યથા વધી જાય ત્યારે એ પોતે જ ઈલાજનું સ્વરૂપ લઈ લે છે, જેમ પાણીનું એક ટીપું સમંદરમાં ભળીને સમંદરનું રૂપ લઈ લે છે! અહીં કવિના જીવનમાં વ્યથા દરિયાની જેમ મોટી થઈ ગઈ છે એમ નથી, પણ ખાલીપાની બેડીઓ એટલાં વર્ષોથી જડાઈ છે કે હવે તે એક ટેવમાં પરિણમી ગઈ છે - આદત બની ગઈ છે. જેમ હાથીના નાના બચ્ચાને જન્મથી એક નાના દોરડાથી બાંધી દેવામાં આવે, તે ગમે તેટલું છૂટવા પ્રયત્ન કરે, તો પણ છૂટી નથી શકતું, પછી જ્યારે તે મોટા હાથીનું સ્વરૂપ ધારણ કરે - દોરડાને એક ઝાટકે તોડી નાખવાની ક્ષમતા પામી લે, છતાં દોરડું તોડતો નથી, કેમ કે એ દોરડું એની આદત બની ગયું છે. કવિ ખાલીપાના દોરડે વર્ષોથી બંધાઈ ગયેલા છે, અને હવે એ ખાલીપો આદત બની ગયો છે.

માર્ક ટ્વેઈને કહેલું, 'જ્યાં સુધીમાં સત્ય પોતાનાં પગરખાં પહેરી રહે, ત્યાં સુધીમાં તો જૂઠ આખી દુનિયામાં ફરી વળ્યું હોય છે.' હિટલરના મંત્રી ગોબેલ્સે પણ કહેલું કે, એક જુઠાણું સો વાર બોલવામાં આવે તો તે સાચું થઈ જાય છે.

લોકો વારંવાર જે સાંભળે છે તે સત્ય માની લે છે. ભાગ્યે જ કોઈ હકીકતની પુષ્ટિ કરે છે. બધા એમ જ માને છે કે આટલા બધા લોકો તો ખોટું ના જ બોલતા હોયને? ઈસપની એક કથા સરસ કથા છે, તેમાં નવ્વાણું પૂંછડી વગરના વાંદરા એક પૂંછડીવાળા વાંદરા પર હસતા હતા. અરે આને તો પૂંછડી છે, કેવો વિચિત્ર વાંદરો છે આ! પણ પૂંછડી એ વાંદરાનો મુખ્ય આધાર છે - લાંબી છલાંગો મારવા અને કૂદવા માટે, એ પેલા નવ્વાણું વાંદરા ભૂલી જાય છે. એ પોતાના બાંડિયાપણાને જ સત્ય માની લે છે. આપણે પણ બહુમતીને જ ખરી સમજવાની ભૂલ કરી બેસીએ છીએ. સત્ય એકલું હોય કે ટોળામાં સત્ય સત્ય જ રહે છે. પણ સત્યની ચાલ બહુ ધીમી હોય છે, એના માર્ગમાં અનેક શંકાના પથ્થરો પડ્યા હોય છે, એને હટાવતાં હટાવતાં એણે આગળ વધવું પડે છે, પણ અફવા તો પર્વતોને ઓળંગીને પણ પળમાં પહોંચી જાય છે. આ વાત કવિ સારી રીતે સમજે છે, એટલે તેમણે સત્યનું મોતી જ અફવાના ધાગામાં પરોવી દીધું.

શબનમ ખોજાની ગઝલ અર્થસભર છે, તેના અન્ય શેર ભાવકના આનંદને સમર્પીને લોગાઉટ કરીએ, તેમના જ બે શેરથી-

**લોગઆઉટ**

**વાત સુધરી શકે, વાત જો થાય તો,**
**આટલી વાત બંનેને સમજાય તો!**
**આપ સીધા જ રસ્તે જતા હો અને**
**માર્ગ સામે ચડી જાતે ફંટાય તો?**

**- શબનમ ખોજા**

# સ્ફટિકની બારીવાળી ટ્રોલી

**વિન્ડો સીટ**

**ઉદયન ઠક્કર**

વાંગ મંગ (જન્મ ૧૯૩૪) જાણીતા ચીની લેખક છે. તેમની નવલિકા 'શિયાળુ વરસાદ'નો ગુજરાતી અનુવાદ પારસી લેખિકા શિરીન કુડચેડકરે કર્યો છે.

કોઈ શિક્ષક ટ્રોલીબસની રાહ જોઈ રહ્યા હતા. વરસાદી સાંજ. સખત ઠંડી. બે દિવસ પહેલાં બરફ પડેલો. છત્રી હતી નહિ. વાળ, ગરદન, કપડાં, બધું ભીનું. જમણા પગમાં સાંધાનો દુખાવો. શિક્ષકના મનમાં નિશાળના વિચારો ઘુમરાયા કરે. ન તેમને વિદ્યાર્થીઓ પ્રત્યે પ્રેમ જાગ્યો હતો, ન વિદ્યાર્થીઓ તેમને પસંદ કરતા હતા. આ કારણે તેઓ પ્રિન્સિપાલની ટીકાનો ભોગ પણ બન્યા હતા.

ટ્રોલીબસ આવતાં લોકોનું ટોળું હુડુડુ કરતું અંદર ધસ્યું. ગડબડમાં શિક્ષકનો પગ કોઈ જુવાનિયાના બૂટ પર પડી ગયો. 'તમે કેમ લોકોના પગ પર પગ મૂકીને ચાલો છો?' પેલો તાડૂક્યો. શિક્ષકે માફી માગી. જુવાન અસભ્યતાથી બોલ્યો, 'જોતા નથી? નવા બૂટ છે!' વાતાવરણ તંગ થતું ચાલ્યું. તેટલામાં ટ્રોલીને બીજે છેડેથી તાળીઓનો અવાજ. લોકો વાંકા વળીને બારીઓ તરફ જોતા હતા અને હસતા હતા. શિક્ષક તે તરફ સરક્યા. જુએ તો ટૂંકા ચોટલાવાળી એક છોકરી ઘૂંટણભર બેસીને બારીના કાચ પર કશું ચીતરે છે. વરાળનું પડ બારીઓ પર છવાયું છે અને છોકરી આંગળી વડે ઘર દોરી રહી છે. એની પાસે ઘૂંટણભર બેઠેલો નાનો છોકરો નવા નવા વિષય સૂચવે છે, 'ઝાડ દોર, હા, નાનું ઝાડ, હવે ફૂલ, ફૂલ.' ડાબી તરફની બધી બારીઓ એનાં ચિત્રોથી ભરાઈ ગઈ છે : બતકનું બચ્ચું, પાણી દર્શાવતી ત્રણ લીટી, વાવટાવાળી સ્ટીમર, પાંચ નાના તારા, પર્વતમાળા... એક જાડી સ્ત્રી કહે છે, 'આ વધારે સરસ છે,' કોઈ વૃદ્ધા કહે છે, 'ડાહી છોકરી, તારા હાથમાં આવડત છે.'

ગાંગવાશીનું બસ સ્ટોપ આવ્યું. ટ્રોલી પરથી હારબંધ ઊતરતા લોકો નાની કલાકારને વખાણતા ચાલ્યા. સાંભળ્યું ન સાંભળ્યું કરી, જમણી તરફની બારીઓ તરફ જતી છોકરી બોલી, 'ચાલ ભઈલા, બીજું એક દોરીએ.' બધાંએ તેમને ગરદીમાંથી માર્ગ કરી આપ્યો.

બસ પિંગાન સ્ટ્રીટ આગળ પહોંચે છે. ટ્રોલીની દરેક બારી પર નાની કલાકાર પોતાની કલાકૃતિ મૂકી ગઈ છે... લોકો તેનું નામ પૂછે છે.. તે માત્ર સ્મિત કરે છે. છોકરીની નજર શિક્ષક પર પડી. બસમાંથી ઊતરતાં પહેલાં તે નીચી નમી, 'મારા ગુરુજી...' તેના ભાઈએ પણ નમન કર્યું. સૌની નજર હવે શિક્ષક પર. 'આ તમારી શિષ્યા?' 'તમે સારું કામ કર્યું છે.' બધાંએ શિક્ષક તરફ મૈત્રીભરી દ્રષ્ટિથી જોયું. પેલા જુવાનિયાના ચહેરે ભોંઠપ વર્તાઈ. કન્ડક્ટરે લાઈટ ચાલુ કરી. દીવા નીચે કાચ-ચિત્રો જીવંત બન્યાં. ઉતારુઓએ એકમેકને ઉષ્માથી નિહાળ્યા, અને પરસ્પર સ્મિત કર્યું. આ હવે રિંગ રોડની ટ્રોલી રહી નહોતી. આ હતી સ્ફટિકની બારીઓવાળી ટ્રોલી. આગળની બેઠક પર બે પ્રેમીઓ નિકટ સરક્યાં. આ સામાન્ય જૂની ટ્રોલીમાં કોઈ જાદુ ફેલાઈ ગયો...



આ વાર્તા જાણે બે વિભાગમાં વહેંચાયેલી છે : છોકરીએ ચિત્રો કર્યાં તે પહેલાંનું વાતાવરણ અને ચિત્રો કર્યાં પછીનું. પહેલાંનો પરિસર ઉદાસ કરી મૂકનારો હતો : બરફવર્ષા પછીની ટાઢ, વરસાદ, છત્રીનું ન હોવું, પલળેલાં કપડાં, બસની લાંબી કતાર. વળી શિક્ષકને શારીરિક પીડા હતી (સાંધાનો દુખાવો) અને માનસિક ઉદ્વેગ હતો (શિક્ષક તરીકેની કારકીર્દિથી અસંતોષ અને પ્રિન્સિપાલનો ઠપકો). જુવાનિયા સાથેની ચડભડથી શિક્ષકના મનમાં (અન્ય ઉતારુઓના મનમાં પણ) ખિન્નતા ફેલાઈ હતી. એવામાં હાસ્યના અને તાળીના અવાજ પ્રસરવા લાગ્યા. કુદરતને-પ્રકૃતિને ન બદલી શકાય પણ આપણે પોતાની પ્રકૃતિને તો બદલી શકીએ. નાની છોકરીએ કલાનો કરતબ દેખાડ્યો. સૌંદર્યો પી ઉરઝરણ ગાતું થયું. ઉતારુઓ પ્રસન્ન થતાં ચાલ્યાં. બાળકમાં આમેય ચૈતન્ય વધારે હોય, સૌમાં ચૈતન્યસંચાર થયો. મનુષ્યનો સ્થાયી ભાવ આનંદનો છે. એને આવશ્યક ઉદ્દીપન પૂરું પાડ્યું બાળકલાકારે. છોકરીને પહેલવહેલી કોણે વખાણી? જાડી બાઈએ અને વૃદ્ધાએ. આવી સ્ત્રીઓ સાધારણપણે સમાજની ઉપેક્ષા પામતી હોય. છોકરીએ કોઈની પ્રશંસા કાને ન ધરી. વાહ વાહને અવગણે, પોતાની મસ્તીમાં રાચે, તે કલાકાર સાચો.

શિક્ષક પર કોઈનું ધ્યાન નહોતું, પણ છોકરીએ તેમને નમન કર્યું એટલે સૌને આદરભાવ ઊપજ્યો. આચરેકરને સૌ તેંડુલકરના ગુરુ તરીકે જ જાણે છે. શિક્ષકને આત્મસન્માન પાછું મળ્યું. પારસી ધર્મમાં શીખવે છે કે મનુષ્યમાત્રમાં એક ઘેટું અને એક વરુ વસે છે. આપણે સામેની વ્યક્તિમાં રહેલું વરુ નહિ પણ ઘેટું બહાર આવે તેવી વર્તણૂક કરવી જોઈએ. છોકરીની રમતિયાળ વર્તણૂકને લીધે ઉતારુ પરસ્પર સ્મિત કરવા લાગ્યા. ખખડધજ બસ જાણે સ્ફટિકમય થઈ ગઈ. બસની બારી પરનું ચિત્રસૌંદર્ય ટકે પળ-બે પળ.

પરંતુ પળ-બે પળ શું ઓછી છે? ■

# ચાલો, જગતના ઘોંઘાટ વચ્ચે પણ જાતને સાંભળીએ

**લેન્ડસ્કેપ**

**સુભાષ ભટ્ટ**

**આપણું દર્શન સ્પષ્ટ ત્યારે જ થાય છે જ્યારે આપણે સ્વયંના હૃદયમાં જોઈએ છીએ. જે બહાર જુએ છે તે સ્વપ્નો જુએ છે, જે અંદર જુએ છે તે જાગે છે.**

***- કાર્લ ગુસ્તાવ યુંગ***

કદાચ આપણે માનવી જ તેથી છીએ કે આપણે અંર્તમુખ થઈ શકીએ છીએ. આપણે આત્મવેદન અને આત્મનિવેદન, આત્મપરીક્ષણ અને આત્મ નિરીક્ષણ કરી શકીએ છીએ. કમાલ તો એ છે કે આપણે એક સાથે અંદર અને બહાર જોઈ શકીએ છીએ અને તે જોનારને પણ કોઈ ત્રીજા ખૂણાથી નિરખી શકીએ છીએ. આ જોનાર અને જાણનાર વિશે, આ નિરખનાર અને માણનાર વિશે એક અદભુત કથા પોલો કોએલો કહે છે. તે કંઈક આવી છે.

આજથી સદીઓ પૂર્વે પૃથ્વી પરના અઢળક પ્રાકૃતિક ખજાનાને હાથવગો કરવા શ્વેત પ્રજા આફ્રિકાની અશ્વેત પ્રજાની મદદ લઈને નીકળી પડેલી. તે કાળનો એક પ્રસંગ છે. એક શ્વેત ખોજી અશ્વેત મજૂરો-ગુલામોના એક જૂથને ક્યાંક ઉતાવળે પહોંચીને બધું હાથવગું કરવા માટે દોડાવી રહ્યો હતો. તે માટે તે વધુ નાણા ચૂકવતો હતો અને લલચાવતો પણ હતો.

એક દઝાડતી બપોરે બધા ગુલામો થાક્યા અને હાંફ્યા હતા. બધાએ ખભેથી બોજ ઉતારી ફેંક્યો. તેમાંના એકે કહ્યું, 'ગમે તેટલું મહેનતાણું આપો તો પણ હવે એક પગલું પણ નહીં ભરીએ.' પેલા શ્વેતે કારણ પૂછ્યું તો તે બોલ્યો આપણે એટલું ઉતાવળે ચાલી રહ્યા છીએ કે અમે આ બધું શું અને શેની માટે કરી રહ્યા છીએ તેની પણ ખબર નથી પડતી. અમારે હવે અહીં રાહ જોવાની જરૂર છે. અમારો પાછળ રહી ગયેલ આત્મા અમને આંબી જાય અને સાથે થઈ જાય ત્યાં સુધી રાહ જોઈએ.'

દરેક માણસના જીવનમાં આવી આત્મવાન કટોકટીની નિર્ણાયક પળ આવતી હોય છે. જીવનની ભાગ-દોડ, સ્થળ-કાળની ખેંચતાણ, મન અને હૃદયની દોરડા ખેંચ, વસ્તુઓના બોજ અને વિચારોની ભીંસને લીધે, આત્મ-કેન્દ્ર સાથેનો સંપર્ક છૂટે છે અને સંવાદ તૂટે છે. આવી પળે-

થોભવાનું અને જાણવાનું હોય છે, વિશ્રામ લઈને વિચારવાનું હોય છે, અને પાછળ છૂટી ગયેલ મન, બુદ્ધિ, વિવેક, આત્મા આપણી સાથે થઈ જાય ત્યાં સુધી રાહ જોવાની હોય છે.

આપણું યુગ-લક્ષણ છે; દિશાહીન ગતિ. સૌને ક્યાંક પહોંચવું અને પકડવું છે, સૌને કશુંક હાથવગું અને ખિસ્સા ભેગું કરવું છે. કમનસીબે આપણે-

નામનાની દોડમાં માંહ્યલો ખોયો,
સંબંધોની દોડમાં પ્રેમ ખોયો,
સંપત્તિની દોડમાં ચારિત્ર્ય ખોયું,
સત્તાની દોડમાં સત્ય ખોય નાખ્યું છે...

આપણો સમગ્ર જીવન-વ્યાપાર ફડચામાં જાય તે પહેલા.. આવો, સ્થિર અને શાંત થઈએ. બેસુરા બનીએ તે પહેલા અંદરના-બહારના સ્વર અને સૂર મેળવી લઈએ, જગતના ઘોંઘાટ વચ્ચે પણ જાતને સાંભળીએ. અસંખ્ય દિશાઓમાં ઘૂમરાતા વૈશ્વિક વાવાઝોડા વચ્ચે પણ સ્વસ્થ, આત્મસ્થ, કેન્દ્રસ્થ બની રહીએ... ■

## Sports ફન્ડા

અનુસંધાન

હાંગઝુ એશિયન ગેમ્સમાં અભયે ત્યાર બાદ ભારતની અનાહિતા સિંઘની સાથે મળીને કાંસ્ય ચંદ્રક પણ જીત્યો હતો. અભયની કારકિર્દીને સફળતાના આકાશમાં ગત વર્ષે છવાઈ ગઈ. તેણે ૨૦૨૪માં એશિયન સ્કવોશ ચેમ્પિયનશિપની ડબલ્સ ઈવેન્ટમાં બે સુવર્ણચંદ્રક જીત્યા. આ ઉપરાંત વર્લ્ડ સ્કવોશ ટુરમાં ત્રણ મેજર ટાઈટલ પણ પોતાના નામે કર્યા. હવે ચાલુ વર્ષે ન્યૂયોર્કમાં મેળવેલી સફળતા બાદ હવે અભયની નજર આગામી વર્લ્ડ ચેમ્પિયનશિપ છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે, ૨૦૨૮ના લોસ એંજલસ ઓલિમ્પિકમાં પણ સ્કવોશનો સમાવેશ કરવામાં આવ્યો છે, ત્યારે ભારતનો આ યુવા સિતારો વિશ્વભરમાં છવાઈ જવાની સાથે સાથે તેની રમતને દેશવાસીઓમાં વધુ લોકપ્રિય બનાવવા માટે કમર કસી રહ્યો છે. ■

## સમાંતર

અનુસંધાન

અનિકેતને ઝારા એટલી પ્રિય હતી કે એ અહીં નથી તો પણ જાણે બાજુના ઓરડામાં કિલકિલાટ કરતી હોય એવો હમણાં ભાસ થયો હતો...

અનિકેત ફટાફટ તૈયાર થઈને ફોરેન્સિક સાઈકિએટ્રિક વિંગ પહોંચી ગયો. ટીમના સભ્યો અમુક ડિપાર્ટમેન્ટ્સનું શૂટિંગ પૂરું કરીને સીધા ત્યાં પહોંચી જવાના હતા. અનિકેતે જઈને જોયું કે શિલ્પા એના કમ્પ્યુટર પર કામ કરી રહી છે અને આખી ટીમ બહાર એન્ટ્રેન્સ હૉલમાં બેઠી છે. સખારામ દેખાતા નહોતા.

'તમે લોકો અહીં શું કરો છો?' અનિકેતે ટીમને પૂછ્યું, 'હજુ કેમેરા સેટઅપ કર્યો નથી?'

'સર, આજે કાનજીનું શૂટિંગ નહીં થઈ શકે,' ચતુર્વેદીએ જવાબ આપ્યો, 'એ ઘેનમાં છે. સવારથી એની તબિયત ઠીક નથી.'

'ઓહ... તો પછી તમે લોકો હવે રૂમ પર જઈને રિલેક્સ કરો.'

'અનિકેત સર, તમે સહેજ રોકાઈ શકશો?' શિલ્પાએ કહ્યું, 'તમારા માટે કાનજીના પોલીસ કબૂલાતનો વીડિયો મેં શોધી રાખ્યો છે. તમારે અહીં જ જોવો પડશે. આ વીડિયોને પેન ડ્રાઈવમાં ડાઉનલોડ કરવાની મને પરમિશન નથી.'

ટીમ સામાન સાથે રવાના થઈ. અનિકેત અને શિલ્પા એકલાં પડ્યાં. અનિકેતની નજર શિલ્પાના ડાર્ક બ્લુ ટોપ પર ચોંટી ગઈ હતી. આ ટોપ...

શિલ્પાએ એક રિવોલ્વિંગ ચેર પોતાની નજીક ખેંચી. 'અહીં આવી જાઓ, સર...'

અનિકેત બેઠો. શિલ્પાએ કમ્પ્યુટરની સ્ક્રીનને અનિકેત તરફ એડજસ્ટ કરી. શિલ્પાના માંસલ હોઠ અને હોઠના ખૂણા પાસે પેલો કાળો તલ...

શિલ્પાએ કહ્યું, 'તમે ત્યારે મધરાતે કાનજીને મળવા આવ્યા હતા એ વાત હું કોઈને કહેવાની નથી. તમારી એ મુલાકાતનો રેકોર્ડ જ મેં ડિલીટ કરી નાખ્યો છે.'

'ઓકે...' અનિકેતને વધારે શું બોલવું તે સમજાયું નહીં.

શિલ્પાએ મસ્તીથી અનિકેતની આંખોમાં આંખો પરોવી. પછી અનિકેતના સાથળ પર હળવેથી આંગળી સરકાવી. અનિકેતના હૃદયના ધબકારા વધી ગયા. શિકારને દંશ દેતાં પહેલાં સર્પની જીભ લબકારા મારતી હોય એમ શિલ્પા ઝેરીલા અવાજે બોલી, 'તમને ખરેખર કશું જ યાદ નથી... અનિકેત?'

અનિકેત થીજી ગયો.

(ક્રમશઃ)

## શોધ સંશોધન

અનુસંધાન

આ ઉપરાંત ફૉક્સવેગન આઈડી.૩, પોર્શ ટેકાન, વોક્ઝલની કોરસા, મિની ઈલેક્ટ્રિક, બીએમ ડબ્લ્યુ સીઈ૩, મર્સિડીઝ ઈક્યુસી, હોન્ડા ઈ પણ વૈશ્વિક કક્ષાએ ધૂમ મચાવતી ટોપ-૧૦ કાર છે.

ભારતમાં પણ બેત્રણ કંપનીઓ ઈ-કાર લઈને આવી રહી છે. કોગા, મહિન્દ્ર વેરિટો, ઈ-શી, ટાટા ટિગોર વગેરે ઈલેક્ટ્રિક કાર મોંઘી હોવા છતાં પર્યાવરણપ્રેમીઓ અપનાવશે. મહિન્દ્ર અને ટાટાની ઈલેક્ટ્રિક ૧૦ લાખની અંદર હોવાથી એના તરફ લોકોનું ધ્યાન વધુ રહેશે. છતાં હ્યુન્ડાઈ બ્રાન્ડે જે મજબુત પકડ આપી છે તે જોતાં યુવાનો કોના પ્રત્યે વિશેષ ઝુકે તે કહેવાય નહીં! ■

## કેમ છે, દોસ્ત

અનુસંધાન

સૌજન્યએ તૃષ્ણાના જીવનને પ્રેમ અને લાગણીથી સિંચવાની સતત કોશિશ કરી, પણ તૃષ્ણાને લાગણીની જરૂર જ નહોતી. લગ્ન પછી તૃષ્ણાની દરેક વાતમાં ટકોર કરવાની આદતથી સૌજન્ય ગંભીર બની ગયો હતો. સૌજન્યએ તૃષ્ણા સાથે સંઘર્ષમાં ઉતરવાને બદલે 'ગુસ્સો પી જાઓ અને ક્ષમા આપો'ની ઉદાર નીતિ અપનાવી હતી.

તૃષ્ણાને મન પૈસો, પૈસાજન્ય સુખો અને અહં સર્વસ્વ હતાં. સૌજન્ય પર પણ એ એકાધિકાર ઈચ્છતી હતી. સૌજન્ય પોતાની લાગણી પપ્પાજી તરફ વહાવીને તેમના જીવનને સુખમય બનાવે એ તૃષ્ણાથી સહન થતું નહોતું. એટલે તૃષ્ણાએ પપ્પાજીને સૌજન્યથી અલગ કરવા પપ્પાજીને વૃધ્ધાશ્રમમાં મોકલવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. ત્યારે ખુદ સૌજન્યએ એનો વિરોધ કરતાં કહ્યું હતું : 'તૃષ્ણા, પપ્પાજીને અલગ કરવાની વાત ન કરીશ. તેમના જીવનની આથમતી સંધ્યાએ આપણું પણ તેમના પ્રત્યેનું કાંઈક કર્તવ્ય છે. દરેક વ્યક્તિ પોતાના જ સુખનો વિચાર કરી, પારિવારિક જવાબદારીઓથી પલાયન કરશે, તો આખરે સમાજ ટકશે કેવી રીતે ? તૃષ્ણા સાંભળ, મારે મારા દામ્પત્યજીવનને સીમિત અને સંકીર્ણ નથી બનાવવું. પપ્પાજીએ અત્યાર સુધી એમની ફરજ બજાવી. હવે એમની સેવા કરવાની આપણી ફરજ છે. મમ્મીજીના ગુજરી ગયા પછી એકલા હાથે પપ્પાજીએ તને મોટી કરી. એમના ઉપકારો તને લેશમાત્ર યાદ નથી ?'

સૌજન્ય વાક્ય પૂરું કરે એ પહેલાં સટાક કરતો એક લાફો સૌજન્યના ગાલ પર તૃષ્ણાની ક્રૂરતાની છાપ છોડી ચૂક્યો હતો. અને તૃષ્ણા ઉશ્કેરાઈને બોલવા લાગી હતી : 'ઈડિયટ, કોલેજમાં ભણ્યો પણ ગમાર અને ગામડિયો જ રહ્યો. સંસ્કાર અને આદર્શોનું ભૂત તો નારીમાં હોય, પુરુષમાં ના હોય. તારામાં જમાઈ કરતાં પુત્રવધૂ બનવાના ગુણો વધારે છે... મને પહેલેથી આવી ખબર હોત તો હું તારી સાથે લગ્ન જ ન કરત. કોલેજમાં કેટલા બધા 'મોડર્ન' છોકરાઓ આવતા હતા. મને એમ હતું કે લગ્ન પછી હું અને તું જલસા કરીશું, પણ તું ડફોળ નીકળ્યો... તને મારી ઈચ્છાની પડી જ નથી. પપ્પાજીની ભાવનાનું રક્ષણ કરવા જતાં મારી જવાનીનાં રોમેન્ટિક વર્ષો તેં સહારાના રણ જેવાં બનાવી દીધા છે. મારા પપ્પાજીને હું વૃધ્ધાશ્રમમાં મોકલી દઈશ, આ મારો ફેંસલો છે. આ મારું ઘર છે, તારું નહીં. તારે પણ મારી સાથે રહેવા માટે બદલાવું પડશે. તારા વેવલાવેડા મારી જિંદગીને બરબાદ કરી રહ્યાં છે.'

અને સૌજન્યની ઈચ્છા વિરુદ્ધ તૃષ્ણા તેના પપ્પાજીને વૃધ્ધાશ્રમમાં મૂકી આવી. એટલું જ નહીં, સૌજન્યને પપ્પાજીને મળવા જવાની પણ મનાઈ ફરમાવી હતી.

અને વૈભવકુમારના જીવનમાં એક નવીન વળાંક શરૂ થયો. કાલ સુધી માનપાન પામતા વૈભવકુમાર આજે કોડીના બની ગયા હતા. આંખોની રોશની ઓછી થવાને કારણે ચીજવસ્તુઓ અડફેટે આવતી હતી. ઝાડા-પેશાબ પરનું નિયંત્રણ ગુમાવી બેસવાને કારણે પથારી બગડી જતી હતી. વૃધ્ધાશ્રમનો નોકર આવે નહીં ત્યાં સુધી થયેલી ઊલટી પર માખો બણબણ્યા કરતી... કંઠ સૂકાતો હોય પણ નોકર પાસે પાણી માંગવાની એમની હિંમત નહોતી ચાલતી.

વૃધ્ધાશ્રમના રેક્ટરના તૃષ્ણા પરના ટેલિફોનના શબ્દો વારંવાર સૌજન્યને કાને પડતા હતા : 'તૃષ્ણાબેન, તમારા પપ્પાજીને અહીંથી પાછા લઈ જાઓ. અહીં નોકરો પણ તેમની સેવા કરીને કંટાળી ગયા છે.' પણ તૃષ્ણા રેક્ટરની વાત પર ધ્યાન આપતી નહોતી અને વૃધ્ધાશ્રમમાં વધુ ડોનેશન આપવાની લાલચ આપતી હતી.

અને એક દિવસ વૃધ્ધાશ્રમના રેક્ટરનો ફોન આવ્યો : 'વૈભવકુમાર સિરીયસ છે, જલ્દીથી આવો.' તૃષ્ણા અને સૌજન્ય બન્ને વૃધ્ધાશ્રમ દોડી ગયાં. બેહોશીમાં વૈભવકુમારના મોંઢેથી એક જ શબ્દ નીકળતો હતો - સૌજન્ય... બેટા સૌજન્ય... જાણે સૌજન્યના અંતિમ મિલનની પ્રતીક્ષા ના કરતા હોય ! સૌજન્યની આંખમાંથી ચોધાર વહેતાં આંસુનું ટીંપું વૈભવકુમારના ગાલ પર પડતાં જ વૈભવકુમારે છેલ્લીવાર કહ્યું હતું : 'બેટા, સૌજન્ય, તું આવી ગયો ? તારા અંતિમ દર્શનથી મને સ્વર્ગ મળશે.' અને તેમનાં નેત્રો સદા માટે બિડાઈ ગયાં હતાં.

પપ્પાજીના અવસાન બાદ મરણોત્તર ક્રિયા સંપન્ન થઈ ગયા પછી એક દિવસ સૌજન્યએ તૃષ્ણાને કહ્યું : 'તૃષ્ણા, હું તારી સંપત્તિ માણવા નહીં પણ એક વત્સલ લાચાર પિતાની સેવા કરવા અહીં આવ્યો હતો. હું તારા દરેક સત્કાર્યમાં સાથ આપવા બંધાયેલો છું પણ દુષ્કૃત્યોમાં તો નહીં જ. જેના માટે હું આવ્યો હતો એ જ હવે નથી રહ્યા, પછી તારી સંપત્તિના ખડકલા વચ્ચે રહીને હું શું કરીશ ? તને મોડર્ન પતિ મળે તે માટે તારો માર્ગ મોકળો કરી આપું છું. અહંકારી અને છીછરી પત્નીના પતિ બનવા કરતાં છૂટાછેડા લેવા વધુ સારા. હું તને આઝાદ કરું છું.'

...અને સૌજન્યએ કોરા સ્ટેમ્પ પેપર સહી કરી આપી હતી. પથ્થર દિલ ઈન્સાન કરતાં પથ્થરો સારા. કોઈના કામમાં તો આવે. અને સૌજન્ય તથા તૃષ્ણાના માર્ગો સદા માટે ફંટાઈ ગયા હતા. ■

## સ્પેક્ટ્રોમીટર

અનુસંધાન

લેટેસ્ટ ટેકનોલોજીથી રક્ષિત ને સાયન્સથી શિક્ષિત છે. પતિઓનું બુરખાબંધ ઘરમાં નજરકેદ પગલૂછણિયું નથી. એ આપણે બતાવી દીધું.

અને એક મેલો મનસૂબો હતો ત્રાસવાદીઓનો, જે પારખી આગળના લેખોમાં પણ ચેતવેલા કે એ તો કાશ્મીરમાં ઘુસી હુમલા કરી શકે છે, પણ દાવ એ છે કે ધર્મના નામે રોષ ફાટી નીકળે અને દેશમાં હિંદુ મુસ્લિમ રમખાણો ફાટી નીકળે. એટલે ચેઈન રિએકશન આવે ને કશું કર્યા વિના ભારતની એકતા તૂટે, જાનમાલને હાનિ થાય. આર્થિક ફટકા પડે, જગતમાં થૂ થૂ થાય. આમે દરેક વાતે નવરા બેઠા રોજ સવારે ઉઠીને હિંદુ-મુસ્લિમની માળા તસ્બી ફેરવ્યા કરતા ફાંકાઠોક ફોલ્ડરિયાઓની જમાત વધી છે, ત્યારે ભડકો કરવા ચિંગારી જ જોઈએ ખાલી. સમજ્યા વગર મુસ્લિમ બહિષ્કારના ને એવા અવિશ્વાસના મેસેજીઝ પણ ચાલુ થઈ ગયેલા. આ વખતે તો કલાકારોથી મૌલવીઓ સુધી, વિપક્ષો પણ એકમત હતા પહેલગામ એટેકને વખોડવામાં. ત્યારે ધીરજ ને સંયમથી વ્યુહાત્મક કામ લેતા વડાપ્રધાને એક સટલ મેસેજ આપ્યો કે હમ એક હૈ, નેક હૈ, તભી સેફ હૈ.

દુનિયાને દેખાડ્યું કે ભારત પાકિસ્તાનમાં આર્મીનો આસિફ મુનિર આજે પણ જે ટુ-નેશન થિયરીના ફાટેલ તુંબડા વગાડે છે, એ ખોટી હતી. ગાંધી સાચા હતા. જિન્નાહના જીન્ન નહિ. ભારતમાં હિંદુ-મુસ્લિમ સાથે સુખેથી રહી શકે છે, ને અગાઉ પણ અનેક ઉદાહરણ છે એમ દેશની સેનામાં કે સ્પોર્ટ્સમાં ટીમ તરીકે એક બનીને દુશ્મનો સામે લડી શકે છે. સહઅસ્તિત્વનો ઉત્સવ પણ ત્રાસવાદ સામેનું એક યુદ્ધ છે. આપણે બધા એના યોદ્ધા છીએ. જાહેર વ્યવહારમાં મોડર્ન બનો, ધર્મને અંગત આસ્થા તરીકે જાત પુરતો રાખો. બીજા પર ના થોપો. એમાંથી માનવતાના મૂલ્યો શીખો, એને પોતાની મર્યાદા ના બનવા દો.

સોફિયા વ્યોમિકા પણ લોહીનું એક ટીપું પણ રેડ્યા વિનાની, પરદેશનાં શસ્ત્રોના સોદાગરોને નિરાશ કરતી આપણી એક સ્ટ્રાઈક જ હતી, કે ભારત આ છે, આ હતું અને આ રહેશે. અહીં દેશવિરોધી માનસિકતા ધરાવતા મુસ્લિમોને રસ્તો બતાડવામાં આવશે પણ પાકિસ્તાનને બદલે અહીં રહીને ભારતના સંસ્કારવારસાને આદર આપવાનું નક્કી કર્યું, એને દુનિયા સામે ચહેરો પણ બનાવવામાં આવશે. મેટ ગાલામાં જતો શાહરૂખ હોય, ઓપરેશન સિંદૂરને ફત્તેહ કહેતો મોહમ્મદ શમી હોય કે સુપ્રીમ કોર્ટે ૨૦૨૦માં જેનું આર્મીમાં મહિલાઓ માટે ઉદાહરણ આપેલું એવી ત્રણ પેઢીથી સેનાને સમર્પિત બાયોકેમિસ્ટ્રી ભણીને વિશ્વકક્ષાએ આર્મીનું નામ રોશન કરતી કર્નલ સોફિયા કુરેશી હોય. વડોદરાની બે સોફિયા ઈસ્લામિક કટ્ટરવાદી સોચને જવાબ છે, બુરખા ફગાવી બિન્દાસ ટૂંકા વસ્ત્રો પહેરી ડાન્સ કરતી મોડલ સોફિયા અન્સારી અને સેનાનું ખમીર ને ખુમારીનું પ્રતીક સોફિયા કુરેશી. બેઉ મુલ્લાઘેલા પાકિસ્તાનના ડાબા જમણા ગાલ પર પડેલા ગુજરાતી તમાચા છે !

આ યુદ્ધ હજુ તો લાંબુ ચાલશે. એમ તો ઈઝરાયેલ પણ એટેક કરી જીતી નથી શક્યું રાતોરાત અને અમરિકા પણ. આ લડાઈ સહેલી નથી. આંતરરાષ્ટ્રીય સમીકરણો પણ છે. પાકિસ્તાનને તો ગુમાવવાનું કશું નથી, પણ આપને વિકાસ પર ફોકસ પણ કરવાનું છે. હજુ તો નવા અધ્યાય ઉમેરાશે. સિંદૂર પછી મહેંદી આવી તો આપણી ભવ્ય સેના નાપાક ધરતી પર નિર્દોષોને રંજાડયા વિના બાંગ્લાદેશની જેમ એના ટુકડા કરીને ત્રાસવાદીઓની ગોબરી સંકુચિત વિચારધારાનાં ઉછેર કેન્દ્રોનો ખાત્મો કરી સુહાગરાત પણ ઉજવે એ સામના બધા દેશવાસીઓના હોય પણ એ વિષે વિસ્તારથી પછી વાત. અત્યારે તો આપને અનુશાસનમાં રહીને સંયમથી નિયમ પાલન કરીએ. ભલે ચર્ચા કરીએ, ઝગડીએ, પણ એ જ બતાવે છે કે આપણે અંતે એક પરિવાર છીએ. ભારતનો પરિવાર. જ્યાં આઝાદીનું આસમાન પણ છે અને અને એને રોકવા માંગતા દુશ્મનોને પાતાળમાં દફન કરવાનો સામાન પણ છે. સલામ જય હિન્દ કી સેના.

**ફાસ્ટ ફોરવર્ડ**

**'પ્રહારાય સન્નિહિતા. જયાય પ્રશિક્ષિતા' : પ્રહાર માટે તૈયાર, વિજય માટે તાલીમબદ્ધ !**

**(ઓપરેશન સિંદૂર વખતનું ટવીટ)**

# ફાયરસેટ : અગ્નિદેવને અટકાવતું વિજ્ઞાન

ફ્યુચર સાયન્સ

કે.આર.ચૌધરી

## ૨૦ મિનિટમાં આગ પર નિયંત્રણ

**વિશ્વભરમાં** વનમાં લાગતી આગની સમસ્યા આબોહવા પરિવર્તન, વધતા તાપમાન, શુષ્કતા અને માનવીય ભૂલોને કારણે ગંભીર બની છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૦માં ઑસ્ટ્રેલિયામાં લાગેલી આગે ૧૮ મિલિયન હેક્ટર જમીન બાળી નાખી, જ્યારે ૨૦૨૩માં કેલિફોર્નિયામાં થયેલી આગે અબજો ડૉલરનું નુકસાન કર્યું. જાન્યુઆરી, ૨૦૨૫માં લાગેલાં દાવાનળના કારણે ઈ૫૦ બિલિયનથી ઈ૧૫૦ બિલિયનની વચ્ચે આર્થિક નુકસાન થયું હોવાનો અંદાજ મુકવામાં આવે છે. આવી ઘટનાઓને રોકવા ઝડપી ટેક્નોલોજીની જરૂર હતી. પરંપરાગત રીતે આગ શોધવા માટે ગ્રાઉન્ડ સેન્સર્સ, ટાવર્સ અને હેલિકોપ્ટર્સનો ઉપયોગ થતો હતો, પરંતુ આ પદ્ધતિઓ ધીમી, મર્યાદિત અને ખર્ચાળ હતી.

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીએ માનવ જીવનને સુરક્ષિત અને સરળ બનાવવામાં અદ્ભુત યોગદાન આપ્યું છે. આવી જ એક નવીન પહેલ છે : 'ફાયરસેટ' (FireSat), જે વનમાં લાગતી આગને ઝડપથી શોધવા અને તેનું નિવારણ કરવા માટેની અદ્યતન સેટેલાઇટ સિસ્ટમ છે. જેનો મુખ્ય હેતુ વિશ્વભરના જંગલોમાં લાગતી આગને ઝડપથી શોધવી અને તેનું નિરીક્ષણ કરવાનો અને ચેતવણી આપવાનો છે. ફાયરસેટની જરૂરિયાત એટલા માટે છે કારણ કે તે વૈશ્વિક સ્તરે રિયલ-ટાઈમ ડેટા પૂરો પાડી શકે છે અને આગ નાની હોય ત્યારે જ તેનું નિયંત્રણ શક્ય બને. આ ક્ષેત્રે સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે કામ કરતા જુલિયટ રોથેનબર્ગે AI આધારિત આગ શોધની પદ્ધતિઓ વિકસાવી છે. તેઓ સ્ટેનફોર્ડ, કેલિફોર્નિયામાં સ્થિત છે અને તેમનું સંશોધન પર્યાવરણીય ડેટા વિશ્લેષણ અને મશીન લર્નિંગ પર કેન્દ્રિત છે. આ પ્રોજેક્ટ ગૂગલ રિસર્ચના સહયોગથી વિકસાવવામાં આવ્યો છે. તેમાં ૫૦થી વધુ સેટેલાઇટ્સનું નેટવર્ક સામેલ છે. આ સેટેલાઇટ્સનું નેટવર્ક અને પ્રણાલી એટલી શક્તિશાળી છે કે તે 5x5 મીટરના નાના આગના વિસ્તારને ૨૦ મિનિટની અંદર શોધી શકે છે. આ સિસ્ટમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ થાય છે, જે ઉચ્ચ રિઝોલ્યુશનની થર્મલ અને ઈન્ફ્રારેડ છબીઓનું વિશ્લેષણ કરીને આગની સ્થિતિ, તીવ્રતા અને ફેલાવાની ગતિ જણાવે છે. આ પ્રોજેક્ટનો પ્રથમ સેટેલાઇટ માર્ચ ૨૦૨૫માં લોન્ચ થયો હતો.

પેસિફિક પેલિસેડ્સ ફાયર તરીકે ઓળખાતી આગ ૭ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે પેસિફિક પેલિસેડ્સમાં લાગી હતી. સાન્તા મોનિકા પર્વતોમાં શરૂ થઈ અને ઝડપથી મલિબુના દરિયાકાંઠા સુધી ફેલાઈ હતી. સાથે સાથે પેસિફિક કોસ્ટ હાઈવે (PCH) અને ટોપંગા કેન્યોનની વચ્ચેના વિસ્તારને પણ અસર કરી હતી. આ આગે ૨૩,૭૦૭ એકર (૯,૫૯૫ હેક્ટર) જમીન બાળી નાખી, જે લોસ એન્જલસના ઈતિહાસમાં સૌથી વિનાશક આગમાંની એક બની ચુકી હતી. ૧,૦૦૦થી વધુ માળખાઓ (ઘરો, વ્યવસાયો, અને ઐતિહાસિક ઈમારતો) નષ્ટ થયા, જેમાં મલિબુનાં બીચફ્રન્ટ મકાનો અને પેલિસેડ્સની પ્રખ્યાત હસ્તીઓનાં ઘરો (જેમ કે બિલી ક્રિસ્ટલ, જેમી લી કર્ટિસ) શામેલ હતા. અહીંથી થોડા દૂર , બીજી આગ ૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ સાંજે ૬:૦૪ વાગ્યે હોલિવુડ હિલ્સમાં, રનયોન કેન્યોન અને વૉટલ્સ પાર્કની નજીક, સોલાર ડ્રાઈવ પાસે શરૂ થઈ હતી. આ વિસ્તાર હોલીવુડ બુલેવાર્ડના વૉક ઑફ ફેમ અને TCL ચાઈનીઝ થિયેટર જેવા પ્રખ્યાત સ્થળોથી નજીક છે. આગે ૬૦ એકર (૨૪ હેક્ટર) જમીનને અસર કરી હતી. આગ શરૂ થયાના થોડા કલાકોમાં જ લૉરેલ કેન્યોન બુલેવાર્ડથી મલ્હોલેન્ડ ડ્રાઈવ અને હોલીવુડ બુલેવાર્ડ સુધીના વિસ્તારમાં ફેલાઈ ગઈ. અહીં સવાલ એ થાય કે અમેરિકામાં વારંવાર લાગતી આગથી બચવાનો કોઈ ઉપાય નથી?



## ફાયરસેટનું પૃથ્વી બચાવવાનું અભિયાન

**ફાયરસેટનો** વિચાર સૌપ્રથમ ૧૯૯૦ના દાયકામાં 'સ્પેસ મિશન એનાલિસિસ એન્ડ ડિઝાઈન' (SMAD) નામના પુસ્તકમાં રજૂ થયો હતો, જે જેમ્સ વર્ટ્ઝ અને વિલી લાર્સન દ્વારા લખાયું હતું. આ પુસ્તકમાં વનમાં આગ શોધવા માટે સેટેલાઇટનો ઉપયોગ કરવાની કલ્પના હતી, પરંતુ તે સમયે ટેક્નોલોજીનો અભાવ હતો. જેમ્સ વર્ટ્ઝ માઈક્રોકોસ્મ ઈન્ક. (Microcosm Inc.), એલ સેગુન્ડો, કેલિફોર્નિયા સાથે પણ સંકળાયેલા છે. જે એક એરોસ્પેસ કંપની છે જે સ્પેસ મિશન ડિઝાઈન અને લો-કોસ્ટ સેટેલાઇટ ટેક્નોલોજીમાં નિષ્ણાત છે. ડૉ. વિલી જે. લાર્સન એક પ્રખ્યાત એરોસ્પેસ એન્જિનિયર અને શિક્ષણવિદ છે, જે SMAD પુસ્તકના સહ-લેખક અને સંપાદક છે. તેઓ સ્પેસ સિસ્ટમ્સ એન્જિનીયરિંગમાં તેમના યોગદાન માટે જાણીતા છે. લાર્સન સ્ટીવન્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, ન્યૂ જર્સી ખાતે સ્પેસ સિસ્ટમ્સ એન્જિનીયરિંગ માસ્ટર્સ પ્રોગ્રામના ડિરેક્ટર અને ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ પ્રોફેસર છે. તેમણે ડેલ્ફ્ટ ટેકનિકલ યુનિવર્સિટી, નેધરલેન્ડ્સ અને ઈન્ટરનેશનલ સ્પેસ યુનિવર્સિટી, સ્ટ્રાસબર્ગ, ફ્રાન્સમાં પણ કામ કર્યું છે.

૨૦૦૦ના દાયકામાં રિમોટ સેન્સિંગ અને AIનો વિકાસ થતાં, આગ શોધવા માટે સેટેલાઇટનો ઉપયોગ કરવાનો વિચારને ફરીથી ધ્યાનમાં લેવાયો. ૨૦૨૦ના દાયકામાં આબોહવા પરિવર્તનની અસરો વધતાં, ગૂગલ રિસર્ચે આ વિચારને વાસ્તવિક્તામાં ફેરવવાનું નક્કી કર્યું. ૨૦૨૪માં પ્રોજેક્ટની જાહેરાત થઈ અને માર્ચ ૨૦૨૫માં પ્રથમ સેટેલાઇટ લોન્ચ થયો. આ પ્રોજેક્ટનો ઈતિહાસ દર્શાવે છે કે કેવી રીતે એક કાલ્પનિક વિચાર દાયકાઓ પછી વાસ્તવિક ઉકેલ બન્યો. આ અત્યાધુનિક ટેક્નોલોજીનો પાયો કેલિફોર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (Caltech) ખાતે કામ કરતા વિજ્ઞાની જેમ્સ વર્ટ્ઝે નાખ્યો છે. તેઓ પેસાડેના, કેલિફોર્નિયામાં રહે છે. તેમણે સ્પેસ મિશન ડિઝાઈન અને સ્મોલ સેટેલાઇટ ટેક્નોલોજી પર વર્ષો સુધી સંશોધન કર્યું, જે ફાયરસેટના વિકાસમાં મદદરૂપ થયું. MIT (મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી) ખાતે કામ કરતા ડેવિડ મિલરે સ્મોલ સેટેલાઇટ ટેક્નોલોજી પર સંશોધન કર્યું છે. તેઓ કેમ્બ્રિજ, મેસેચ્યુસેટ્સમાં સ્થિત છે. તેમનું કાર્ય સેટેલાઇટ કોન્સ્ટેલેશન ડિઝાઈન પર કેન્દ્રિત છે.

## ચોવીસ કલાક જાગતી આંખો

**ફાયરસેટ** એ બહુસંસ્થાકીય સહયોગનું પરિણામ છે. તેના મુખ્ય ભાગીદારોમાં ગૂગલ રિસર્ચ, મ્યુઓન સ્પેસ (Muon Space), અર્થ ફાયર એલાયન્સ (Earth Fire Alliance) અને મૂર ફાઉન્ડેશન (Moore Foundation) શામેલ છે. ગૂગલ રિસર્ચ આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરે છે અને AI તથા ડેટા વિશ્લેષણની શક્તિ પૂરી પાડે છે. મ્યુઓન સ્પેસ સેટેલાઇટનું નિર્માણ અને પ્રક્ષેપણ કરે છે, જે એક સ્ટાર્ટઅપ છે. જે સ્પેસ ટેક્નોલોજીમાં નિષ્ણાત છે. અર્થ ફાયર એલાયન્સ આગ નિવારણના નિષ્ણાતોને એકત્ર કરે છે, જ્યારે મૂર ફાઉન્ડેશન નાણાકીય સહાય આપે છે. આ ઉપરાંત, કેલિફોર્નિયા યુનિવર્સિટી, બર્કલી ખાતે કામ કરતા રોબર્ટ યોર્કે આગના નિરીક્ષણ અને પર્યાવરણીય અભ્યાસમાં યોગદાન આપ્યું છે. તેઓ બર્કલી, કેલિફોર્નિયામાં સ્થિત છે અને તેમનું સંશોધન જંગલોની આગની પેટર્ન અને તેના ઈકોલોજિકલ પરિણામો પર કેન્દ્રિત છે.

ગૂગલનું 'ક્લાઈમેટ AI' પ્રોજેક્ટ આબોહવા પરિવર્તનના ડેટાને વિશ્લેષણ કરે છે. અને ફાયરસેટ સાથે ડેટા શેર કરે છે. નાસાનું 'ફાયર ઈન્ફર્મેશન ફોર રિસોર્સ મેનેજમેન્ટ સિસ્ટમ' (FIRMS) આગનું નિરીક્ષણ કરે છે, અને ફાયરસેટ સાથે સહયોગ કરી શકે છે. મ્યુઓન સ્પેસના અન્ય સેટેલાઇટ પ્રોજેક્ટ્સ, જેમ કે હવામાન નિરીક્ષણ માટેના મિશન, ફાયરસેટની ક્ષમતા વધારશે. યુરોપિયન સ્પેસ એજન્સીનું 'કોપરનિક્સ પ્રોગ્રામ' પણ પર્યાવરણીય દેખરેખમાં સમાન ઉદ્દેશ્ય ધરાવે છે. ફાયરસેટ સાથે ડેટા એક્સચેન્જ કરી શકે છે. આ ક્ષેત્રે યુનિવર્સિટી ઑફ મેરીલેન્ડ ખાતે કામ કરતા ક્રિસ જસ્ટિસે ફાયર મોનિટરિંગ સિસ્ટમ્સ પર સંશોધન કર્યું છે. તેઓ કોલેજ પાર્ક, મેરીલેન્ડમાં સ્થિત છે, તેમનું કાર્ય રિમોટ સેન્સિંગ અને આગના ડેટા મેપિંગ પર કેન્દ્રિત છે.

ફાયરસેટ પ્રોજેક્ટનો કુલ ખર્ચ અંદાજે ૫૦૦ મિલિયનથી ૧ બિલિયન ડોલરની વચ્ચે હોવાનું માનવામાં આવે છે. આ ખર્ચમાં સેટેલાઇટ નિર્માણ (લગભગ $૨૦૦ મિલિયન), પ્રક્ષેપણ ($૧૫૦ મિલિયન), AI સોફ્ટવેર ડેવલપમેન્ટ ($૧૦૦ મિલિયન) અને દસ વર્ષની જાળવણી ($૨૫૦ મિલિયન)નો સમાવેશ થાય છે.

## આગથી આઝાદી : અંતરિક્ષ થકી નવી ક્રાંતિ

**વર્તમાનમાં** ફાયરસેટ આગના જોખમવાળા વિસ્તારો જેમ કે કેલિફોર્નિયા, ઑસ્ટ્રેલિયા અને બ્રાઝિલમાં તાત્કાલિક રાહત પૂરી પાડશે. તે સરકારોને નીતિ ઘડવામાં મદદ કરશે, જેમ કે આગ નિવારણ માટે વધુ સંસાધનો ફાળવવા. ભવિષ્યમાં, ૫૦થી વધુ સેટેલાઇટ્સનું નેટવર્ક પૂર્ણ થતાં, વૈશ્વિક સ્તરે આગનું નિવારણ અને પર્યાવરણીય સંરક્ષણ સુધરશે. આ ટેક્નોલોજી આબોહવા પરિવર્તન સામે લડવા, CO2 ઉત્સર્જન ઘટાડવા, જંગલોનું રક્ષણ કરવાં મહત્વની ભૂમિકા ભજવશે. ખેડૂતોને તેમની જમીન અને પાકની સુરક્ષા મળશે, જ્યારે ગ્રામીણ વિસ્તારના રહેવાસીઓને ઘરો અને જીવનનું રક્ષણ થશે. ઉદાહરણ તરીકે, એક નાની આગને શરૂઆતમાં શોધીને લાખો રૂપિયાનું નુકસાન અટકાવી શકાય છે. આ પ્રોજેક્ટની લાંબા ગાળાની બચત, જેમ કે આગથી થતું $10 બિલિયનનું વાર્ષિક નુકસાન ઘટાડવું, તેને આર્થિક રીતે યોગ્ય બનાવે છે. આ ક્ષેત્રે હાર્વર્ડ યુનિવર્સિટી ખાતે કામ કરતા માર્ટિન વેઈટ્ઝમેને ખર્ચ-લાભ વિશ્લેષણ પર સંશોધન કર્યું છે. તેઓ કેમ્બ્રિજ, મેસેચ્યુસેટ્સમાં કાર્યરત છે. તેમનું કાર્ય પર્યાવરણીય રોકાણોની આર્થિક અસરો પર કેન્દ્રિત છે.

ફાયરસેટનો સૌથી મોટો ફાયદો એ છે કે તે આગને ઝડપથી શોધીને જાનમાલનું નુકસાન ઘટાડશે. સામાન્ય માણસને સુરક્ષિત રહેઠાણ, ઓછું આર્થિક નુકસાન અને પર્યાવરણીય સંતુલનનો લાભ મળશે. વધુમાં, સેટેલાઇટ ડેટાનો દુરુપયોગ અથવા ગોપનીયતાનો ભંગ થવાની શંકા પણ રહે છે. જેમ કે ખાનગી જમીનની માહિતી લીક થવી. ફાયરસેટ પ્રોજેક્ટ એ વિજ્ઞાન, ટેક્નોલોજી અને પર્યાવરણીય સંરક્ષણનું અદ્ભુત સંયોજન છે. તેની સફળતા વિજ્ઞાનીઓ જેમ કે જેમ્સ વર્ટ્ઝ (Caltech), જુલિયટ રોથેનબર્ગ (Stanford), ડેવિડ મિલર (MIT), રોબર્ટ યોર્ક (UC Berkeley), થોમસ પેઈન્ટર (NASA JPL), માર્ટિન વેઈટ્ઝમેન (Harvard), ક્રિસ જસ્ટિસ (University of Maryland), ડેનિયલ એલ્ડર (Yale) અને માઈકલ ઓપેનહાઈમર (Princeton)ના સંશોધન પર આધારિત છે.

# જયકાર બોલીશું નહીં !

આજકાલ

પ્રીતિ શાહ

દિલ્હીથી ગુજરાત સુધી ફેલાયેલી અરવલ્લી પર્વતમાળાનો પૂર્વ છેડો હરિયાણા થઈને છેક દિલ્હી નજીક પૂર્ણ થાય છે. હરિયાણાના ફરીદાબાદ જિલ્લામાં અરવલ્લી પહાડી પાસે આવેલા મંગર ગામમાં રહેતા સુનીલ હરસાના મંગલ બાનીના સાતસો એકરથી વધુ વિસ્તારમાં ફેલાયેલા જંગલની સમૃદ્ધિની સુરક્ષાનું મહત્ત્વનું કાર્ય કરે છે. તેમણે માસ કૉમ્યુનિકેશનનો અભ્યાસ કર્યો છે અને માનવશાસ્ત્રમાં એમ.એ. કર્યુ છે, પણ શહેરમાં જઈને નોકરી કરવામાં રસ નથી. તેમનું બાળપણ જંગલમાં વીત્યું હોવાથી જંગલની પ્રત્યેક ચીજ પશુ-પક્ષી, કીડી-મકોડા, છોડ, વેલા કે વૃક્ષ - આ બધું જ તેમને આકર્ષિત કરે છે. ગામનાં બાળકોને પર્યાવરણ સંરક્ષણ માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી તેમણે ૨૦૧૫માં મંગલ ઈકો ક્લબની સ્થાપના કરી અને દર અઠવાડિયે બાળકો માટે મંગલબાની જંગલમાં પર્યાવરણને લગતા કાર્યક્રમો કરે છે. આ પ્રવૃત્તિને કારણે ઘણા પક્ષીવિદોના સંપર્કમાં આવવાનું બન્યું. પક્ષીજીવનને જાણવાની તક મળી. પક્ષીઓ અને તેમની વિશિષ્ટ જીવનશૈલી જાણવાની જિજ્ઞાસા વધતી ગઈ. પક્ષીઓ કેવી રીતે ભોજન લાવે છે, કઈ રીતે ભોજન કરે છે, માળો બનાવે છે અને પોતાના સાથીને શોધી લાવે છે - આ બધી જાણકારી સુનીલ હરસાનાના કામમાં મદદરૂપ થઈ. તેઓ માને છે કે પક્ષી વિશેનું જ્ઞાન પર્યાવરણ માટે મહત્ત્વની ચાવી છે. તેઓ બાળકો પાસે 'પક્ષીજીવન - એક સંઘર્ષ' નામે કાર્યક્રમ કરાવે છે. તેમાં બાળકોએ પક્ષીનું પાત્ર ભજવવાનું હોય છે. મિમિક્રી કરતાં કરતાં તેના જીવનની વાસ્તવિકતા દર્શાવવાની હોય છે. તોફાન દરમિયાન, વાતાવરણમાં પરિવર્તન થાય ત્યારે કે પછી પક્ષીઓને તેમનું રહેઠાણ ગુમાવવું પડે તે સમયે અથવા તો શિકારી તેમનો શિકાર કરવા આવે ત્યારે પક્ષીઓને શું થતું હશે? માનવીઓ દ્વારા વપરાતાં ઝેરી રસાયણો કે વૃક્ષછેદનથી થતી અસર સમજાવીને બાળકોની સંવેદના જગાડવામાં આવે છે. પર્યાવરણનું રક્ષણ કરવું શા માટે જરૂરી છે તે સમજાવીને બાળકોને પ્રકૃતિ સાથેના સંબંધનું મહત્ત્વ દર્શાવવામાં આવે છે. મંગર ગામ દિલ્હીની સીમા પર આવેલું છે અને ચોપાસ જંગલથી ઘેરાયેલું છે. સરકાર દ્વારા જાહેર થયેલી વિકાસ યોજનાથી ૨૦૧૧માં આ વનક્ષેત્રને બચાવવાનું અભિયાન શરૂ થયું તે દરમિયાન તેમને અનેક લોકોને મળવાની તક મળી કે જેઓ જંગલ વિશે ઘણું જ્ઞાન ધરાવતા હતા. તેઓ કહે છે કે જંગલ વિશે વધુ જાણવાની જિજ્ઞાસા ક્યારે તેમની આદત બની ગઈ, તેની ખબર જ ન રહી.



તેઓ બાળકોને પર્યાવરણનું શિક્ષણ આપે છે, કારણ કે તેઓ માને છે કે બાળક જે કંઈ જુએ છે, સમજે છે અને શીખે છે, તેની ગાઢ અસર તેના સમગ્ર જીવન પર રહેતી હોય છે, તેથી તેમને પ્રકૃતિના બધા આયામો સાથે જોડવું જોઈએ. ઉપભોક્તાવાદના અતિક્રમથી આજની પેઢીને બચાવવા માટે પર્યાવરણનું શિક્ષણ મહત્ત્વનું છે. તેઓ એમ પણ માને છે કે બાળકનું મન ચંચળ છે અને કોઈ બાળકને પર્યાવરણમાં રુચિ હોય તોપણ માતા-પિતા બહુ પ્રોત્સાહન આપતા નથી, કારણ કે તેઓ પુસ્તકના જ્ઞાનને વિશેષ મહત્ત્વ આપે છે. આ કારણોસર સુનીલ હરસાના અલગ અલગ કાર્યક્રમો યોજીને બાળકોનો રસ ટકાવી રાખે છે. તેને માટે તેઓ ફિલ્ડ ગાઈડ, પોકેટ ગાઈડ, બુકલેટ, રમત રમાડવી, પક્ષી નિરીક્ષણ, ચિત્રકલા, સાહિત્ય, વાર્તાઓ જેવાં અનેક માધ્યમો અપનાવે છે.

તેમણે અત્યાર સુધીમાં આશરે સો જેટલા બાળકોને પ્રોત્સાહિત કર્યા છે અને તેઓ અત્યારે સુનીલ હરસાનાને સંશોધનમાં તેમજ સોશિયલ મીડિયા દ્વારા અભિયાન ચલાવવામાં મદદ કરી રહ્યા છે. સાતમા ધોરણમાં અભ્યાસ કરતો નિખિલ અને તેમના મિત્રો નિયમિત રીતે જંગલમાં જતા અને પક્ષીનિરીક્ષણ કરતા. તેઓ ઘણા પક્ષીઓને ચકલી તરીકે જ ઓળખતા, પરંતુ હવે તેઓ દરેક જાતની ચકલીઓને અને પક્ષીને ઓળખે છે. આજે ત્રેવીસ વર્ષની ઉંમરે તે સુનીલ હરસાનાની દરેક પ્રવૃત્તિમાં પછી તે કેમ્પનું આયોજન હોય, પક્ષીનિરીક્ષણ શીખવવાનું હોય કે ચેક ડેમ બાંધવાનું કામ હોય, તેમાં મદદ કરે છે. જંગલમાં રહેતાં પશુ-પક્ષીઓને તકલીફ ન થાય તે માટે સુનીલ હરસાના બાળકોને જંગલમાં અવાજ ન કરવાનું શીખવે છે. બન્યું એવું કે એક વખત સરકાર દ્વારા સ્કૂલોને વૃક્ષારોપણનું કામ સોંપાયું હતું. તેથી વિદ્યાર્થીઓ સાથે શિક્ષકો અને આચાર્ય પણ આવ્યા હતા. કાર્યક્રમ અંતે આચાર્યે જયકાર બોલાવવા કહ્યું, પરંતુ વિદ્યાર્થીઓએ શિક્ષકોને જણાવ્યું કે આવા મોટા અવાજ કરવાથી પક્ષીઓને પરેશાની થશે. શિક્ષકો આ સાંભળી આશ્ચર્યમાં પડી ગયા. સુનીલ હરસાના કહે છે કે આ ક્ષણ એમના જીવનની અણમોલ ક્ષણ બની રહી.

**સુનીલ હરસાના માને છે કે બાળકનું મન ચંચળ છે અને કોઈ બાળકને પર્યાવરણમાં રુચિ હોય તોપણ માતા-પિતા બહુ પ્રોત્સાહન આપતા નથી**

સુનીલ હરસાના જંગલના સંરક્ષણની સાથે સાથે જૈવ વિવિધતાનું દસ્તાવેજીકરણ કરે છે. તેઓ ગ્રામજનો, નાગરિક સમૂહો અને સરકારના સત્તાધારીઓ સાથે મળીને જાગરૂકતાનું કામ કરે છે. તેઓ વૃક્ષારોપણમાં માનતા નથી. તેમનું કહેવું છે કે જે વૃક્ષો છે તેને પહેલાં સાચવો પછી નવાં વૃક્ષો વાવવાની વાત કરો. વૃક્ષારોપણના કાર્યક્રમ પછી તે વૃક્ષની કોઈ સંભાળ લેતું નથી. જે છે તેને જાળવવું અને મજબૂત કરવું જોઈએ માણસે તેમાં વિક્ષેપ ન કરવો જોઈએ. તેમને સહુ પ્રકૃતિ શિક્ષક કહે છે, પણ તેઓ કહે છે કે, 'હું પ્રકૃતિ શિક્ષક નથી, કારણ કે બાળકો સાથે હું ઘણું શીખ્યો છું અને હજી શીખી રહ્યો છું. હું વિદ્યાર્થી જ છું. બસ, એમનાથી થોડો મોટો વિદ્યાર્થી.' ■

# 'હું છું મારું ગીત'

સમાજસુધારકો અને શિક્ષણવિદોએ હંમેશા સ્ત્રીશિક્ષણને પ્રધાનતા આપી છે અને એમ પણ કહેવાય છે કે દેશની પ્રગતિનો આધાર સ્ત્રીની પ્રગતિ પર રહેલો છે. ઘણા પ્રયત્ન પછી પણ આજે સ્ત્રી કરતાં પુરુષોનો સાક્ષરતા દર વધારે છે. એના મૂળમાં દીકરીને સ્કૂલે ન મોકલવાની માનસિક્તા, અજ્ઞાન, ગરીબી, બાળલગ્ન જેવાં અનેક કારણો પણ છે, પરંતુ જ્યાં સ્ત્રી-શિક્ષણ પર જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય તેનું ભવિષ્ય શું? અફઘાનિસ્તાનમાં ૨૦૨૧માં તાલિબાનોએ સત્તા સંભાળતા જ સ્ત્રીઓ પર ઘણા પ્રતિબંધ લગાવ્યા. ૧૪ વર્ષની નીલા ઈબ્રાહિમી માટે આવો પ્રતિબંધ સ્વીકારવાનું પીડાદાયક હતું, કારણ કે નીલાનો જ્યારે જન્મ થયો, ત્યારે અફઘાનિસ્તાન તાલિબાનોની પકડમાંથી આઝાદ થઈ ચૂક્યું હતું અને ત્યાં નવનિર્માણની હવા વહેવા લાગી હતી. છોકરીઓ સ્કૂલે જવા લાગી હતી અને કેટલીક સ્ત્રીઓ પોતાનો વ્યવસાય પણ કરતી હતી.

હામિદ કરજઈના નેતૃત્વમાં કાબુલ વિકાસના પથ પર આગળ વધી રહ્યું હતું. નીલા ઈબ્રાહિમીના જીવનની દુ:ખદ ઘટના એ હતી કે તે એક મહિનાની હતી, ત્યારે જ તેના પિતાનું મૃત્યુ થયું હતું, તેથી તેના મોટોભાઈ મુર્તજા અને નીલાના ઉછેરની જવાબદારી તેની માતા પર આવી પડી હતી. માતાએ તેમના ઉછેરમાં કોઈ કમી રહેવા દીધી નહીં. નીલા કાબુલની મારફત હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી હતી અને બધી રીતે સ્વતંત્ર હતી. સ્કૂલના દિવસોમાં તે 'સાઉન્ડ ઑફ અફઘાનિસ્તાન'ની સક્રિય સભ્ય બની ચૂકી હતી. 'સાઉન્ડ ઑફ અફઘાનિસ્તાન' બેન્ડ દ્વારા તેઓ શાંતિ, માનવઅધિકારો અને લૈંગિક ભેદભાવના વિરોધમાં ગીત ગાતાં હતાં. નીલાએ તાલિબાનોની સત્તાનો સમય જોયો નહોતો, પરંતુ તેમના જુલમની વાતો તો સાંભળી હતી. અફઘાનિસ્તાનની જનતાને પણ એમ લાગતું હતું કે હવે એવો કપરો સમય પાછો નહીં આવે અને એ સઘળું ઈતિહાસ બનીને રહી જશે, પરંતુ અમેરિકાએ કાબુલ છોડયું અને તાલિબાનોએ સત્તા સંભાળી. ૨૦૨૧ના માર્ચ મહિનામાં શિક્ષણ વિભાગે જાહેરાત કરીને બાર વર્ષથી મોટી ઉંમરની છોકરીઓ માટે જાહેરમાં ગીત ગાવા પર કે સંગીતની પ્રસ્તુતિ પર પ્રતિબંધ મૂકી દીધો. નીલા ઈબ્રાહિમીની ઉંમર તે સમયે ૧૪ વર્ષની હતી. નવમા ધોરણમાં અભ્યાસ કરતી નીલાએ આ આદેશની ઉપેક્ષા કરીને એક ગીત રેકોર્ડ કર્યું અને તેના ભાઈએ સોશિયલ મીડિયામાં મૂક્યું. નીલાના 'આઈ એમ માય સોંગ' ગીતમાં અફઘાનિસ્તાનની છોકરીઓને પોતાના હક માટે અવાજ ઉઠાવવાનું કહેવામાં આવ્યું હતું. જોતજોતામાં નીલાના આ ગીતનો વીડિયો વાયરલ થયો અને ઠેર ઠેર સરકારના આ પ્રતિબંધ સામે સરઘસ નીકળવા લાગ્યાં. છેવટે સરકારે ત્રણ મહિનામાં પોતાનો આદેશ પાછો ખેંચવો પડયો. આ સફળતાએ નીલાની હિંમત વધારી, પરંતુ દેશની પરિસ્થિતિ કથળતી જતી હતી. એવામાં તેની પાડોશીએ આવીને સમાચાર આપ્યા કે તાલિબાનોએ કાબુલ પર સંપૂર્ણ કબજો મેળવી લીધો છે. એ દિવસ હતો ૧૫ ઑગસ્ટ, ૨૦૨૧! એવા સમાચાર પણ મળ્યા કે તેઓ દરેક ઘરની તપાસ કરશે અને પહેલાંના સરકારી કર્મચારીની ઓળખ કરશે. આ સમાચારથી નીલાની માતા મૂંઝાઈ ગઈ. આંખોમાં ભય, શરીરમાં ધ્રૂજારી સાથે પતિના બધા દસ્તાવેજ શોધ્યા અને અત્યંત પીડા સાથે એ સઘળી છેલ્લી યાદગીરી અગ્નિમાં હોમી દીધી. નીલાના પરિવારે અફઘાનિસ્તાન છોડવાનો નિર્ણય કર્યો અને ત્યાંથી જમીન માર્ગે પાકિસ્તાનના ક્વેટામાં ચાલતી શરણાર્થી શિબિરમાં પહોંચ્યા. ત્યાંથી તેઓ કરાંચી ગયા, પરંતુ ત્યાં તેમને ન તો સ્કૂલમાં પ્રવેશ મળે તેમ હતો કે ન તો અધિકાર! એક વર્ષ પછી ૩૦ બર્ડસ ફાઉન્ડેશન નામના સંગઠનની મદદથી કેનેડા પહોંચ્યા. કેનેડા આવીને સ્વતંત્રતાનો શ્વાસ લીધો. કેનેડાથી તેણે 'હર સ્ટોરી' નામના ઑનલાઈન મંચની સ્થાપના કરી. જેમાં અફઘાન છોકરીઓને પોતાની વાત કહેવા માટે પ્રોત્સાહિત કરે છે.

**નીલા ઇબ્રાહિમી માને છે કે અફઘાનિસ્તાનની દરેક સ્ત્રીમાં આવી શક્તિ છે, જરૂર છે માત્ર તકની. સત્તર વર્ષની નીલા આજે અફઘાન સ્ત્રીઓનો અવાજ બની રહી છે**



નીલા ઈબ્રાહિમી દાખવેલી હિંમત અને સાહસ માટે કિડ્સ રાઈટ ફાઉન્ડેશન દ્વારા અપાતા ચિલ્ડ્રન્સ પીસ પ્રાઈઝથી સન્માનવામાં આવી. સમગ્ર વિશ્વના ૧૬૫ નામાંકનોમાંથી નીલાની પસંદગી કરવામાં આવી. નીલાએ જિનીવા શિખર સંમેલનમાં પોતાના ભાષણમાં કહ્યું કે તે દરરોજ અફઘાનિસ્તાનમાં રહેતી છોકરીઓ વિશે વિચારે છે. બાર વર્ષથી વધુ ઉંમરની છોકરીઓ માટે શિક્ષણનાં દ્વાર બંધ છે. આજે તે તેના સંગીતના ગ્રૂપ સાથે જોડાઈ છે. પોતાના અનુભવની વાત કરે છે, ત્યારે તેની વક્તૃત્વ શક્તિ અને સમજ જોઈને લોકોને આશ્ચર્ય થાય છે. નીલા માને છે કે અફઘાનિસ્તાનની દરેક સ્ત્રીમાં આવી શક્તિ છે, જરૂર છે માત્ર તકની. સત્તર વર્ષની નીલા આજે અફઘાન સ્ત્રીઓનો અવાજ બની રહી છે. ■

# તૉર તૉરીલા તડકા એટલે...

આજમાં ગઈકાલ

ભગીરથ બ્રહ્મભટ્ટ

ઉનાળાની આંખોમાંથી ધોધમાર આંસુ નહિ, તડકો વરસે છે. હજુ તો વૈશાખના આંગણામાં પગ મૂકવો છે. ઉંબરોય ઠેક્યો નથી અને અગમઝાળ પ્રસ્વેદનાં પ્રવાહી તોરણ બનીને આવકારે છે. હજુ ઓસરી અને ઓરડામાં પહોંચવાનું બાકી છે. ઉનાળાના દિવસની ડાળીઓ તાપમાં તપેલા લોખંડ જેવી છે અને ઉનાળાની કાયા પણ તપેલા રણ જેવી છે. ઉનાળાની કૂખમાં તાપનું સર્જન થાય છે. તડકો એ તાપનું પ્રવાહી સ્વરૂપ છે. જળ પ્રલય કરતાં વધારે ભયાનક તડકાનો પ્રલય છે. તડકીલા પૂરમાં સૃષ્ટિના પદાર્થો તણાતા નથી શેકાય છે. આગનું કોઈ ઠેકાણું હોય તો એને હોલવી શકાય આ તો ઉનાળાની આગ ! આકાશમાં લાગે અને પૃથ્વી ઉપર તોબાહ તોબાહ ! તડકાના તાકેતાકા પૃથ્વીને વીંટળાય છે ત્હોય પૃથ્વી અનાવૃત !!

સમયના શ્વાસ હાંફી રહ્યા છે. વૃક્ષો તડકા સાથે બાથ ભીડીને અણનમ ઊભાં છે. વેલીઓ તડકાને સમર્પિત થઈ ગઈ છે. ખેતરોમાં ઊભેલ બાજરીના છોડ લીલાછમ હોવા છતાં તડકાની અસર તળે વિમુખ થઈને ઉભા છે. ખેડૂતોને પ્રભાતમાં પરસેવો છૂટે છે. પ્રાચીમાંથી પ્રગટેલાં પૂર ચારે દિશાઓને ડૂબાડી રહ્યાં છે. કૃષિકો, વટેમારગુ રસ્તે ચાલતાં ચાલતાં લીમડાની છાયાની છાસ ગટગટાવે છે. બપોરે મહોલ્લા વચ્ચે ઝાડ નીચે આડે પડખે થયેલા જીવને નિદ્રા ઘેરી વળે છે. તડકાના ત્રાસના પ્રભાવથી અવાજ ખોઈ બેઠેલો શ્વાન સમૂહ જિહ્વા નૃત્યથી તડકાનો મુજરો ભરે છે. ભેંસો તળાવને ઘર સમજે છે અને પંખી બખોલમાં ભરાઈ જાય છે. ટૌકા જંપી જાય છે અને સજીવ સૃષ્ટિ કંપી જાય છે. તડકાના વરસાદમાં બધી લીલીછમ્મ વનસ્પતિ આકરી કસોટીમાં મુકાય છે અને નાગરવેલ જેવી કુંમળી વેલ તો ઉનાળાનો જવાસો બની જાય છે ! અબોલ જીવને તડકાના ચાબખા વસમા લાગે છે. તોતિંગ દીવાલો ઉપર તડકો પડતો નથી, દદડે છે. રાજમારગની રેતમાં જુવારના કણ વેરાઈ જાય તો એની મેળે ધાણી ફૂટે છે જાણે ! આમ તડકાની તાવડીમાં સૃષ્ટિ શેકાય છે.

ઉનાળાની સવાર પણ આકરી અને સાંજ પણ આકરી. બપોર તો દુશ્મન જેવી. ઉનાળાના તડકાની પડખે ભરાઈ રહેવાનું કોઈને ગમતું નથી. તડકો મારે છે અને બાળે પણ છે. તડકો એટલે શું ? સૂર્યની પાંખોમાંથી ખરતું તેજ? વ્હેતી આગ? નીકળતો લાવા ? કે આકાશના ગર્ભમાંથી પ્રસવતી ઊર્જા? ઉષ્ણતામાનના પારાની ઊંચાઈ સર કરવાનો યશ એકલો ઉનાળાને પ્રાપ્ત થયો છે. સમજણું બાળક યુવાન દેખાય એમ ઉનાળાની સવારમાં જ પુષ્પ બપોરનાં દર્શન થાય છે. તડકો એટલો પ્રભાવી છે કે એને હાજરીથી ઘણાં ડરે છે - કોઈ એની સામે જોતું નથી પછી સામે થવાની વાત જ ક્યાં ? એકચક્રી શાસન ચલાવનાર શાસક છે તડકો ! પૃથ્વી ઉપર ચિરંજીવ શાસનમાં શમણાં લઈને નીકળી પડ્યો છે - કોઈનેય ક્યાં ગાંઠે છે ? વૃક્ષોની કુમાશને પણ લૂંટે છે. લતાના સૌંદર્યને પણ છિન્નભિન્ન કરી નાખે છે. આખલાની જેમ એ ભૂરાંટો થઈને પૃથ્વીના અણુએ અણુને એ બીવડાવે છે. ઉનાળાની સવારમાં આગના અંકુર હોય છે, બપોરે આગની જ્વાળાઓ અને સાંજે ઠરવા જતાં અંગારા ! મોડી રાત્રે શબ બાળ્યા પછીની ટાઢી વળાતી હોય એવો અનુભવ થાય છે. વૈશાખના દિવસોમાં તડકાનો પનો ઘણો લાંબો હોય છે. તડકાને હું તપોદય કહું છું. જટાળો જોગી નિષ્ફિકર રઝળ્યા કરે એવું છે. આ તડકાદેવનું ! તડકાને ઉગારવા કરતાં મારવાની મજા પડે છે. ધૂળની ડમરીઓ તડકાને આંતરીને પોતીકો કરવા પ્રયત્ન કરે છે ત્યારે પણ તડકો વરણાગી વરરાજાનો રૉફ જ મારતો હોય છે. વૈશાખની ડાળ ઉપર લટકીને તડકો જે વિરાટ હિંચકા ખાય છે - એની પ્રભાવક વ્યાપકતાની અસરો દૂરદૂર સુધી વ્યાપી વળે છે. તડકીલા રંગની જાજમ જાણે સોનલવર્ણી !



તડકાના કોરડા વૃક્ષો કરતાં પર્વતો ઉપર વધારે વીંઝાતા હોય છે. પર્વતોની કાયા શ્યામ હોવાનું એ એક જ કારણ છે. તડકો વૃક્ષોની લીલાશને હટાવી ત્યાં પણ શ્યામલતા સ્થાપવાનું પ્રણ લઈને બેટો હોય એવું લાગે છે! વૃક્ષો તડકાના મિજાજને ટાઢો પાડનારાં સ્પીડબ્રેકરો છે. રાજમારગ અને કેડી સુમસામ થઈ જાય છે જાણે કરફ્યૂ પડ્યો! જીરું, વરિયાળી, રાજગરો, ધાણી, મેથી અને રાઈની રઢિયાળી ગંધ તડકાના સ્પર્શમાંથી જન્મે છે. મોગરાની માદકતા તડકાને આભારી છે. કેરી અને ચીકુમાં મીઠાસ તડકાને કારણે આવે છે. ઉનાળામાં તાપોદય થાય છે એ નિયતિના શુભાશિષ છે. લીલાછમ્મ લીમડાને પૂછવા જેવું છે કે કાળઝાળ તડકામાં તારી પાસે આટલી લીલીછમ્મ ઘટા આવી ક્યાંથી ? આંબાને પૂછવા જેવું છે કે કાળઝાળ તડકામાં તારી કાયા ઉપર મંજરીનો મલકાટ ક્યાંથી ? કાચી-લીલી કેરીને પૂછવા જેવું છે તારામાં પીળાશ અને મીઠાશ આવ્યાં ક્યાંથી? અરણી, કરમદી, રાયણને પણ પોતાની પ્રસવ પ્રાપ્તિનું રહસ્ય પ્રગટ કરવા અંગે પૂછવા જેવું છે - આ બધા પ્રશ્નોના ઉત્તરમાં ઉનાળાના તડકાની કૃપા છે. સમગ્ર પૃથ્વીને ગર્ભવતી બનાવવાનું કામ જ ઉનાળાનું છે તડકાનું છે - ચોમાસુ એ ઉનાળાનું પરિણામ છે. આમ્રવૃક્ષની કુંજમાં છુપાઈને કોકિલ ટહુકા થાય છે તે તડકાનાં ગાણાં છે. ગરમાળાનાં પીળાં પુષ્પો એ તોરણમાળા છે. તડકાના સ્વાગતની! જાંબુને સારા દિવસો બેસે છે-એમાંય તડકાની સર્જક્તા છે. તોર તુમાખીભર્યો તડકો ઋષિના શુભાશિષ જેવો છે. આપણે તડકાની આરતીના મંગલ કાર્યક્રમના સહભાગી થઈએ. ■

**તડકો એટલે શું? સૂર્યની પાંખોમાંથી ખરતું તેજ? કે આકાશના ગર્ભમાંથી પ્રસવતી ઊર્જા? ઉષ્ણતામાનના પારાની ઊંચાઈ સર કરવાનો યશ એકલો ઉનાળાને પ્રાપ્ત થયો છે**

# વલ્લભભાઈએ ખુમારી અને આત્મનિર્ભરતા વિદ્યાર્થીકાળે પોષી હતી

**સરદાર @150**

**હસિત મહેતા**

હવે એ વાત બહુ જાણીતી છે કે જેમ વલ્લભભાઈનાં જાહેર જીવનકાર્યના કેન્દ્રો અમદાવાદ, મુંબઈ અને દિલ્લી રહ્યાં હતા, જેમ વલ્લભભાઈના વકીલાતકાર્યનાં કેન્દ્રો ગોધરા, આણંદ અને બોરસદ રહ્યાં હતા, તેમ વલ્લભભાઈના શાળાજીવનનાં વર્ષો નડિયાદ, પેટલાદ અને વડોદરામાં વીત્યાં હતાં.

શાળાજીવનનાં આ વર્ષોમાં વલ્લભભાઈની જીવનનેમ જાહેરજીવનમાં પડી લોકસેવા કરવાની હશે કે થશે, એવો અણસાર સુદ્ધાં આવ્યો નથી. તેમની વિચક્ષણ બુદ્ધિ, સામા માણસને તાગી લેવાની શક્તિ, પ્રશ્નોના નિકાલનો તાત્કાલિક નિર્ણય, સફળ થવા માટે કરવી પડતી મહેનત, આ બધા વિશેષો વિદ્યાર્થી વલ્લભભાઈના સમગ્ર વ્યક્તિત્વમાં ત્યારથી જ પડ્યા હતા. એટલું જ નહીં, એ વખત આવે ખીલ્યા પણ હતા.

મતલબ કે દેશ અને દુનિયાએ જે વલ્લભભાઈને પાકટવયે, સ્વાતંત્ર્યસંગ્રામ સેનાની કે સરકારના નાયબ વડાપ્રધાન કે રજવાડાના એકત્રિકરણનું ઐતિહાસિક કાર્ય કરતાં જોયા-જાણ્યાં છે, એ જ વલ્લભભાઈ બાળપણમાં પણ પોતાની વિચક્ષણતા અને વિશિષ્ટતાને પોષી રહ્યાં હતા, જેના અનેક દાખલાઓ-પ્રસંગો મોજૂદ છે.

પારણામાં ઝૂલતું બાળક ભાવિ સમાજપુરુષના પિતા હોય છે, એ તો પાકટવયે સકલપુરુષની પ્રતિભા પામનારનું બાળપણ તપાસીએ તો તેના અણસાર મળી રહે છે. વલ્લભભાઈના પૂર્વજીવનની બાબતમાં પણ આ વાત એટલી જ ખરી છે. સ્વતંત્ર મિજાજ, કોઈના પણ તાબે ન થવાની અડગતા, પરવશતા તો જાણે પરભવનો વેરી હોય તેવી ખુમારી, જાત મહેનત અને સ્વઘડતરનો પુરુષાર્થ તથા દ્રઢ નિશ્ચય, એવા ગુણ આભૂષણો પાચમા-સાતમા ધોરણમાં કરમસદના ઝવેરબાના લાડકા દીકરાએ પોતાના મિત્રો અને પરિવારજનોને ક્યારનાય બતાવી દીધા હતા.

ખમીર, પુરુષાર્થ અને અનુભવી પ્રજ્ઞાનું ફળ હતું એમના વિચારો અને કાર્યોમાં, એટલે જ તેઓ કોઈપણ અનિષ્ટ, કુરિવાજ કે પ્રસ્થાપિત પરંપરા સામે નિર્ભય બનીને માથું ઊંચકી શક્તા. મૂળે તો તેઓ ખેડૂતપુત્ર, તેમાંય પાટીદારી ખેડૂત. એટલે સમાજના કુધારાઓ માટે જરૂરી સુધારાઓ વિશે તેમને વારેવારે કડવા વેણ કાઢવા પડતાં. તે સમયે પોતાની જ્ઞાતિમાં દહેજ-પહેરામણી-પૈઠણનો કુરિવાજ જડમૂળ કરી ગયેલો. તેની સામે રોષે ભરાયેલા આ કર્મવીર સમાજપુરુષે પોતાના જ પરિવારમાં એક લગ્નસંબંધી વાતચીતો દરમ્યાન કોરડો વિંઝેલો કે 'આ બધી ભાંજગડ છોડીને એ છોકરાને શુક્કરવારીમાં જ મૂકો ને!' તો બીજા એક પ્રસંગે તેમણે જ્ઞાતિજનોને એટલે સુધી સંભળાવી દીધું હતું કે '(તમારા એ) આખલાના પાંચ હજાર ઉપજ્યાં કે સાત હજાર?'


વડોદરાના ભણતર વખતે સરદાર જ્યાં રહ્યા હતા તે રામજી મંદિર

> **“સરદારે પોતાના જ પરિવારમાં એક લગ્નસંબંધી વાતચીત દરમ્યાન કોરડો વિંઝેલો કે 'આ બધી ભાંજગડ છોડીને એ છોકરાને શુક્કરવારીમાં જ મૂકો ને!'**

આવો સ્વતંત્ર મિજાજ એમણે ત્રીજી અંગ્રેજી ભણતા હતા ત્યારે, ઈ.સ.૧૮૯૩-૯૪ના વર્ષોમાં પણ દાખવ્યો હતો. તે સમયે તેમની ઉંમર માત્ર ૧૪ વર્ષની. હઠ કરીને તેઓ કરમસદની નવીસવી શરૂ થયેલી અંગ્રેજી નિશાળમાં બેઠા અને પોતાના શિક્ષકો સુદ્ધાંની અવગણના કરીને જાતે જ અંગ્રેજી પુસ્તકો વાંચવા લાગ્યા. ત્યાંથી તેઓ પેટલાદની અંગ્રેજી નિશાળમાં પહોંચ્યા. આમ તો કરમસદ અને પેટલાદ વચ્ચે થોડાક માઈલનું જ અંતર હતું, તેથી ખડતલ બાળકો ચાલતાં જ બે ગામ વચ્ચે અવરજવર કરતાં. પરંતુ સ્વતંત્ર મિજાજી વલ્લભભાઈ પેટલાદમાં એક નાનકડા મકાનને ભાડે રાખીને રહ્યાં, પોતાની સાથે કરમસદના બીજા છ છોકરાઓને રાખ્યાં, સાફસફાઈ અને રાંધવાનાં દૈનિક કાર્યો બધા વચ્ચે સરખે ભાગે વહેંચ્યા. આટલી નાની ઉંમરે તેઓ નાનકડી ટોળકીના આગેવાન બન્યા.

પેટલાદનું ભણતર પૂરું થયું ત્યારે નડિયાદની ગર્વમેન્ટ હાઈસ્કૂલમાં આવવાનું થયું. અહીં ભાથીખત્રી-દેસાઈવગા વિસ્તારમાં એમનું મોસાળ હતું, અને મા પિરસનાર હોય તેવું ઉમળકાભર્યું વાતાવરણ પણ ખરું. પરંતુ સગામામા ડુંગરભાઈ જીજીભાઈના માથે પડીને ભણવું નથી, એવું તેમણે પાંચમા ધોરણે જ વિચારી લીધું હતું. નડિયાદના મોગલકોટ વિસ્તારમાં વળી એક મકાન ભાડે રાખીને બોર્ડિંગ કે ક્લબ જેવું શરૂ કર્યું, જેમાં થોડા મિત્રોને સાથે રાખીને રહેવા-જમવાની વ્યવસ્થાઓ કરી.

નડિયાદમાં મેટ્રિકનો અભ્યાસ ચાલતો હતો તે વર્ષોમાં તેમને સારું અંગ્રેજી ભણી શકાય તેવા વિચારે, વડોદરાની ઈંગ્લીશ સ્કૂલમાં ફેરબદલી કરવાનો વિચાર આવ્યો. તેને તરત જ અમલમાં મૂક્યો. વડોદરે પણ તેમણે કમાટીબાગ નજીકના રામજી મંદિરમાં છાત્રાલય ખોલ્યું. ત્યાં પણ બીજા વિદ્યાર્થીઓને માટેની રહેવા-જમવાની સગવડો ઊભી કરી.

આ રીતે, સ્વતંત્ર અને આત્મનિર્ભર થવાની હાડોહાડ પ્રકૃતિ વલ્લભભાઈએ પોતાના બાળપણમાં જ બતાવી દીધી હતી. પેટલાદ હોય, નડિયાદ હોય કે વડોદરા, તેઓ કદી બીજા કોઈની ઉપર નિર્ભર રહ્યા નથી. આ ખેડૂતપુત્ર કોઈને સાચુ કહેવાનું હોય કે પછી પોતાના માટેનો શિસ્તનકશો આંકવાનો હોય, ખુમારી અને સ્વતંત્ર વિચારશક્તિના તેઓ હંમેશા માલદાર ધણી રહ્યા છે. ■

# શું મનસ્વી અને સ્વચ્છંદી પત્ની એ જીવનનો અભિશાપ છે? સ્વચ્છંદી પતિની જેમ?

**કેમ છે, દોસ્ત**

**ડૉ. ચન્દ્રકાન્ત મહેતા**

તૃષ્ણાને હજી યાદ છે, પાંચ વર્ષ પહેલાંના પ્રસંગો, જ્યારે તે પપ્પા વૈભવકુમાર સાથે ઓફિસે આવતી. ઓફિસનો સ્ટાફ ખુરશીમાં બેઠે-બેઠે જ 'નમસ્તે શેઠજી' કરી બીજી જ ક્ષણે પોતાના કામમાં પરોવાઈ જતો. તરુણ વયની તૃષ્ણાના મનમાં થતું 'પપ્પા, ઓફિસ કેમ ચલાવવી જાણતા જ નથી ! બોસનું આગમન થતાં કર્મચારી ફફડી ના ઊઠે, તો બોસ થવાનો અર્થ શો? એક દિવસ આ ઓફિસની રોનક હું બદલી નાખીશ. મારાં પગલાંના અવાજથી ચાર દીવાલો વચ્ચેની હવા પણ થંભી જશે અને પપ્પાએ પંપાળી-પંપાળીને પોરો ચઢાવી રાખેલા એમના 'પોઠિયા' પણ સીધાદોર થઈ જશે... નમસ્તે શેઠજી કેવી જુનવાણી-હોપલેસ સ્ટાઈલ છે !'

અને તૃષ્ણાના આ અહંવાદી સ્વપ્નને ફળવામાં કુદરતે પણ મદદ કરી. વૈભવકુમાર ભયંકર માંદગીમાં પટકાયા. એટલે ઓફિસનાં અધિકાર સૂત્રો અનાયાસે જ તૃષ્ણાના હાથમાં સરી પડ્યાં... આર્થિક સત્તા હાથમાં આવી એટલે તૃષ્ણાએ બેફામ ખર્ચા કરવા માંડ્યાં. મોંઘાં આરસપહાણ, આકર્ષક ટાઈલ્સ, ખાસ ફરમાઈશથી મંગાવેલી કારપેટ, આયોજનપૂર્વકની પ્રકાશ વ્યવસ્થા, અફલાતૂન બંગલામાં અફલાતૂન ફર્નિચર... શાહી ઠાઠથી તૃષ્ણા રહેવા લાગી, .ઓફિસનો સ્ટાફ પણ તેનાથી ફફડતો હતો.

તૃષ્ણા ચાર વર્ષની હતી, ત્યારથી વિધુર પિતા વૈભવકુમારે તેને આંખની કીકીની જેમ સાચવી હતી. માતૃપ્રેમની ખોટ ના સાલે એ દ્રષ્ટિએ પોતાના સિધ્ધાંતપ્રિય સ્વભાવ સાથે ઉદારતાભરી બાંધછોડ કરીને તૃષ્ણાને પોતાની રીતે જીવવાની સ્વતંત્રતા આપી હતી.

પણ તૃષ્ણાના ઉડાઉ ખર્ચાને રોકવા વૈભવકુમારના મનમાં એક વિચાર સ્ફુર્યો હતો... તેનાં લગ્ન કરી દેવાનો. તૃષ્ણાને મનગમતો જીવનસાથી શોધી લેવાનો તેમણે પોતે આગ્રહ કર્યો હતો.

તૃષ્ણા મોકાની રાહ જ જોતી હતી. સૌજન્યને એણે કહી રાખ્યું હતું કે ઓફિસ મારા હાથમાં આવે, એટલે ગૌરવ સાથે તારો મારા ઘરમાં પ્રવેશ કરાવીશ. મારા કહ્યા મુજબ વર્તીશ તો તું સુખી થઈશ.

સૌજન્ય શાંત અને સૌમ્ય હતો. તૃષ્ણાના પપ્પા વૈભવકુમારની તબિયતને ધ્યાનમાં રાખીને એ ઘરજમાઈ થવા તૈયાર થયો હતો. સૌજન્યએ તૃષ્ણાને કહ્યું હતું : 'જો તૃષ્ણા, તું તારા પપ્પાની એકની એક દીકરી છે, એટલે સેવા કરવી એ તારી ફરજ છે. પપ્પાજી સારા થઈ જાય ત્યાં સુધી અહીં તારી સાથે રહીશ. પપ્પાજીની જવાબદારી મારી અને તું છુટ્ટી.'



અને તૃષ્ણા તાડૂકી ઊઠી હતી : 'જવાબદારી, જવાબદારી... જવાબદારી... સૌજન્ય, પપ્પા બે વર્ષની પથારીવશ છે. એમાં કોલેજકાળને મસ્તીપૂર્વક માણવાનાં મારા સ્વપ્નો રોળાઈ ગયાં એ જવાબદારીઓમાં ગળાડૂબ રહેવાને કારણે જ તારો અને મારો સંબંધ 'પરિચય' કરતાં વિશેષરૂપ ધારણ ન કરી શક્યો. હવે નિરાંતે જીવવાની તક મળી છે, પણ પપ્પાની જવાબદારી સદા માટે લમણે લખાઈ છે. મારા આઝાદ જીવનમાં કુદરતે આટલી કસર રાખી છે. સૌજન્ય, તારે જે કરવું હોય તે કરજે, પણ મને મારી રીતે જીવવાની ટેવ છે.'

સૌજન્યએ ગંભીર થઈને કહ્યું : ''તૃષ્ણા, તું કેવી વાત કરે છે ? વૈભવકુમાર તો તારા પિતા છે. તારા પાલનકર્તા છે. તેઓ આફત ગણાય જ નહીં. સામાજિક જવાબદારીઓને તું નફરતની નજરે શા માટે જુએ છે?'

પણ સૌજન્યની વાત સાંભળવા તૃષ્ણા તૈયાર નહોતી. એક દિવસ સૌજન્ય ઓચિંતો તૃષ્ણાના બંગલે ગયો. તૃષ્ણા તો સૌજન્યને પોતાના બંગલાના શાહી ઠાઠની નોંધ લેવડાવવા ઉત્સુક હતી... પરંતુ સૌજન્યની આંખો તો તૃષ્ણાના પપ્પાજીને શોધતી હતી. ત્યાં જ એની નજર એક નાનકડા રૂમ પર પડી. ત્યાં વૈભવકુમાર સૂતા હતા. સૌજન્ય તેમને મળવા દોડી ગયો. 'પપ્પાજી, હું સૌજન્ય, તમારો ભાવિ જમાઈ. હું તમને મળવા આવ્યો છું.' વૈભવકુમારે સૌજન્યનો હાથ પકડીને બેઠા થવાની કોશિશ કરી. સૌજન્યને જોઈને એમની આંખોમાં એકદમ ચમક આવી ગઈ હતી.

એટલામાં તૃષ્ણા ત્યાં આવી પહોંચી. એણે સૌજન્યને કહ્યું : 'સૌજન્ય, મારા પપ્પાને બહુ માથે ના ચઢાવીશ. નહીં તો આપણા લગ્ન પછી તેઓ તારે માથે ચઢી વાગશે. શરૂઆતથી જેવી ટેવ પાડીશ, તેવું જ વાતાવરણ ઉભું થશે. ઘડપણ આવે તોય માણસ હક ભોગવવાનો ચસ્કો કેમ જતો કરતો નથી. જવાનીના દિવસોમાં કર્તવ્યોના બોજથી પુત્રી-જમાઈને ગૂંગળાવી મારવાં એ યોગ્ય કહેવાય ખરું ? કર્તવ્યના નામે શું એ શોષણ ન કહેવાય ? પણ મારા ઈન્ડિઅન ફાધરને એ બધું નહીં સમજાય. ચાલ સૌજન્ય, ઊભો થા, આપણે ડિનર માટે બહાર જવાનું છે.'

સૌજન્યને તૃષ્ણાનું સ્વચ્છંદીપણું જરા પણ પસંદ ન આવ્યું. પરંતુ એની આંખો આગળ તરવરી રહી હતી પેલી બે ભોળી આંખો. વહાલભૂખી લાગણી માટે તડપતા તૃષ્ણાના પપ્પાજીની જિંદગી સુધરતી હોય, તો સૌજન્ય તૃષ્ણા જેવી અહંવાદી યુવતીને પત્ની બનાવવાનું જોખમ વહોરવા તૈયાર હતો.

અને સૌજન્ય તથા તૃષ્ણાના લગ્ન સાદગીથી સંપન્ન થયાં હતાં. લગ્ન પછી તૃષ્ણાએ ફરવા જવાનું નક્કી કર્યું હતું. ત્યારે સૌજન્યએ કહ્યું હતું : 'કૃષ્ણા, બીમાર પપ્પાજીને આમ એકલા મૂકીને ન જવાય. એમને થોડું સારું થાય પછી ફરવા જવાનું રાખીએ તો?' સૌજન્યનો જવાબ સાંભળી તૃષ્ણા ધુંઆંપુંઆં થઈ ગઈ હતી. તેણે ગુસ્સામાં જોરથી કહ્યું : 'સારું સારું, સૌજન્ય, હવે તારા લાગણીનાં નાટકો બંધ કર. આ તારા પપ્પા નથી પણ મારા પપ્પા છે. તું એમની સેવા નહીં કરે તો પણ તેમની મિલકત આપણને જ મળવાની છે. એટલે શોબાજી બંધ કર. અને હવે મારે પણ ફરવા નથી જવું. તારો નકારો નડે તો પાછી બીજી આફત આવે.' કહીને પગ પછાડતી તૃષ્ણા ઓફિસે જવા નીકળી ગઈ.

> **'તૃષ્ણા, તું પથ્થર દિલ છે તારા કરતાં પથ્થરો સારા. તેઓ કોઈના કામમાં તો આવે. આજથી તારા અને મારા જીવનના પ્રવાહો બદલાય છે. તારી સ્વચ્છંદતા તને મુબારક...'**

અનુસંધાન પાનાનં ૦૬ પર

# એઆઈ ટેકનોલોજીથી દુનિયામાં ગંભીર વીજ કટોકટી સર્જાશે

**સાઈન-ઈન**

**હર્ષ મેસવાણિયા**

આપણે આજે જેટલી ટેકનોલોજીનો ઉપભોગ કરીએ છીએ એની મૂળભૂત જરૂરિયાત છે વીજળી. સ્માર્ટફોન, લેપટોપ, ટેબ જેવા ડિવાઈસમાં બેટરી ચાર્જ કરવી પડે છે. આ બધી જ પ્રોડક્ટ્સ પાવરથી ચાલે છે એટલે એમાં વીજળીનો વપરાશ થાય છે. આ બેસિક વાત છે. વીજ પુરવઠો ન હોય તો આપણા એકેય ડિવાઈસ કામ આપતા નથી. બેટરી વગર બધું નકામું. સ્માર્ટફોનમાં બેટરી ન હોય તો આપણે બેચેન થઈ જઈએ છીએ. ગમે ત્યાંથી ચાર્જર મેળવીને કે પાવરનો સોર્સ મેળવીને તુરંત મોબાઈલ ચાર્જ થાય એ આપણી પ્રાયોરિટી બની જાય છે.

પણ વાત માત્ર આટલા વીજ પુરવઠાની નથી. ડિવાઈસમાં જેટલી બેટરી વપરાય છે એનાથી અનેક ગણી પાવરની જરૂર એ ટેકનોલોજી બનાવવા પાછળ ખર્ચાય છે. આપણે સૌએ નોંધ્યું છે કે ગેમ્સ રમીએ તો વધુ બેટરી જોઈએ. મૂવી જોઈએ તો વધુ બેટરી જોઈએ. ચેટમાં કે વોઈસ કોલમાં એટલી ઝડપથી ઉર્જા ખર્ચાતી નથી. હવે એ જ ગેમ્સ બનાવવા માટે ડેટા સેન્ટરની જરૂર પડે, ગ્રાફિક્સની જરૂર પડે અને એની પાછળ આપણી કલ્પના બહારની વીજળી ખર્ચાય છે. આપણે એપનો ઉપયોગ કરીએ તેમાં આપણાં મોબાઈલની બેટરી જ નથી ખર્ચાતી, એ એપ ચાલુ રાખવા માટે ડેટા સેન્ટર્સ, સર્વર્સ દિવસ-રાત એક્ટિવ રહે છે ને એ ચલાવવા માટે વીજળીની જરૂર પડે છે. એ જ એપ બને ત્યારે કમ્પ્યુટર્સમાં પાવર કન્ઝમ્પ્શન થાય છે. એ જ રીતે મોબાઈલનું ઉત્પાદન થાય ત્યારે એમાં જેટલા ફિચર્સ આપણને મળે છે એ બધાના સોફ્ટવેર બનાવવામાં પણ મોટો વીજ પુરવઠો વપરાય છે.

આવી જ રીતે વીજ પુરવઠો ઓહિયા કરી જતી નવી ટેકનોલોજી એટલે એઆઈ. આપણે ગણતરીની સેકન્ડમાં ચેટજીપીટી પાસેથી જિબલી ઈમેજ બનાવી નાખીએ છીએ, પરંતુ એની પ્રોસેસ પાછળ ડેટા સેન્ટરમાં વીજળીના 'ભૂક્કા' બોલે છે! ટેકનોલોજી જેમ જેમ વિકસી તેમ તેમ વીજળી ડિમાન્ડ વધી. સાધારણ મોબાઈલ ફોનના ઉત્પાદનમાં કે તેની બેટરીમાં વીજળીની એટલી જરૂર પડતી ન હતી જેટલી સ્માર્ટફોનમાં પડે છે. એ જ રીતે વિન્ડોઝમાં એટલી વીજળીની જરૂર નથી પડતી જેટલી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કે વર્ચ્યુઅલ રિઆલિટી (વીઆર) પાછળ ખર્ચાયય છે. એક તરફ એઆઈની ટેકનોલોજી તમામ ક્ષેત્રોમાં ઝડપભેર ફેલાઈ રહી છે તો બીજી તરફ એઆઈ ટેકનોલોજી બનાવવા પાછળ વીજળીની ડિમાન્ડ એટલી વધી રહી છે કે એને પહોંચી વળવાનું કામ અઘરું બનતું જાય છે.

■ ■ ■

આજની તારીખે ચેટજીપીટીના ૪૦ કરોડ ગ્લોબલ મન્થલી એક્ટિવ યુઝર્સ છે. દરરોજ ૨૦ કરોડ લોકો ચેટજીપીટીની કોઈને કોઈ પ્રકારે મદદ મેળવે છે. તેમની જરૂરિયાતને પહોંચી વળવા માટે જે પ્રક્રિયા જરૂરી છે એ પાછળ એક કલાકમાં પાંચ લાખ કિલોવોટ્સથી વધુ વીજળી ખર્ચાય છે. ડેઈલી યુઝર્સ ૪૦ કરોડ થશે તો કલાકમાં ૧૦ લાખ કિલોવોટ્સ વીજળીનો ખર્ચ થશે. અમેરિકામાં દરરોજ સરેરાશ એક ઘરમાં ૨૯ કિલોવોટ વીજળીની જરૂર પડે છે. એક એઆઈ ચેટબોટને ચલાવવા માટે પાંચ લાખ કિલોવોટ્સ વીજળીની ખપત થાય છે. ગણતરી માંડીએ તો ચેટજીપીટીને કલાકમાં એક અમેરિકન પરિવાર કરતાં ૧૭ હજાર ગણી વધારે વીજળીની જરૂર પડે છે. એવોય અંદાજ બાંધવામાં આવ્યો છે કે આજની તમામ ટેકનોલોજી કંપનીઓએ તેમની પ્રોડક્ટમાં એઆઈ ટૂલ ઉમેરે તો તેમને વર્ષે ૨૯ અબજ કિલોવોટ્સ વીજળીની જરૂર પડે. ૨૦૨૭ સુધીમાં મોટી ટેકનોલોજી કંપનીઓ જે વીજળીનો એઆઈ પાછળ વાર્ષિક ખર્ચ કરતી હશે એનો જથ્થો હશે - ૧૩૪ ટેરાવોટ્સ.



> **ચેટજીપીટી ચલાવવા માટે એક કલાકમાં જેટલો વીજ પુરવઠો જોઈએ એમાંથી ૧૭ હજાર ઘરોમાં એક દિવસની વીજળી પૂરી પાડી શકાય. એઆઈના કારણે સરેરાશ ચાર ટકા વીજળીની ડિમાન્ડ વધી**

ઈનફેક્ટ, અત્યારે જ ટેક-જાયન્ટ્સ વીજળીનો મોટો જથ્થો વાપરે છે. સેમસંગને વર્ષે ૨૩ ટેરાવોટ્સ વીજળીની જરૂર પડે છે. તો ગૂગલ ૧૦ ટેરાવોટ્સ વીજળી ખર્ચ કરે છે ને માઈક્રોસોફ્ટને ૧૨ ટેરાવોટ્સ વીજળીનો ખપ પડે છે. એ માન્યું કે ટેક-કંપનીઓ વીજળીની માતબર ડિમાન્ડની સાથે સાથે કરોડો નોકરીઓનું સર્જન કરે છે. કરોડો લોકોને ટેકનોલોજી કંપનીઓના કારણે સીધી કે આડકતરી રોજગારી મળે છે. પરંતુ એઆઈ પાછળ જે વીજળીનો જથ્થો ખર્ચાઈ જશે એના કારણે કરોડો લોકો વીજળીની ગંભીર અછતનો સામનો કરતાં હશે. એની શરૂઆત તો અત્યારથી જ થઈ ચૂકી છે. અમેરિકામાં મોટી ટેક-કંપનીઓના હેડક્વાર્ટ્સ અને ડેટા સેન્ટર્સ છે એટલે સૌથી પહેલી અસર અમેરિકાને જ થઈ છે.

અમેરિકામાં ભારતની જેમ અત્યારે ઉનાળો બેસી ગયો છે. જૂન અને ઓગસ્ટ સુધીમાં ગરમી ખૂબ વધે છે. ભારતની જેમ અમેરિકા સહિત ઘણાં દેશોમાં એપ્રિલથી ઓગસ્ટ સુધી ગરમીનો સમયગાળો છે. આ સમયે વીજળીની ડિમાન્ડ ખૂબ વધે છે. ભારતમાં પણ અત્યારે વીજળીની માગમાં ઉછાળો આવે છે અને ૨૪ કલાક વીજ પુરવઠો આપવાના પોકળ દાવા વચ્ચે હજુય ગામડામાં ભરબપોરે કલાકો સુધી વીજળી ડૂલ થઈ જાય છે. અમેરિકામાં ભારતની સરખામણીએ એટલી વિકટ સ્થિતિ નથી આવતી. વાવાઝોડું ફૂંકાયું હોય ત્યારે હજારો ઘરોમાં વીજળીની કટોકટી સર્જાય છે ખરી, પરંતુ જેવું વાવાઝોડું જાય કે કલાકોમાં વીજ પુરવઠો શરૂ પણ થઈ જાય છે.

પરંતુ આ વર્ષે તદ્દન જુદાં દૃશ્યો સર્જાયા છે. થોડા દિવસ પહેલાં અમેરિકાના અનેક રાજ્યોમાં વીજળીની અછત થતાં અંધારપટ્ટનું જોખમ સર્જાયું હતું. વીજ પૂરવઠાની કંપનીઓએ ખુલાસો કરેલો કે અમેરિકામાં આવી સ્થિતિ અગાઉ ક્યારેય થઈ નથી. ડેટા સેન્ટર અને ટેકનોલોજીની કંપનીઓમાં વીજળીની જરૂરિયાત વધતાં વીજળીની માગમાં ઉછાળો આવ્યો છે એમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની ટેકનોલોજી પાછળ જે વીજળી વપરાવા માંડી છે તેનો જથ્થો સૌથી વધારે છે.

■ ■ ■

ગૂગલ, મેટા, માઈક્રોસોફ્ટ, એમેઝોન સહિતની કેટલીય મોટી કંપનીઓમાં વીજળીની માગ અતિશય વધી છે. આ કંપનીઓને પોતાના પાવર પ્લાન્ટ બનાવવાની તાકીદ અમેરિકન સરકારે કરી છે, પણ એ શક્ય નથી. ટેક-કંપનીઓ માટે એ પ્રોજેક્ટ ખર્ચાળ સાહિત થાય તેથી આ કંપનીઓએ અન્ય દેશોમાં ડેટા સેન્ટર બનાવવા વિચારણા શરૂ કરી છે. વીજળી ઉત્પાદક કંપનીઓના કહેવા પ્રમાણે ક્રિપ્ટો માઈનિંગમાં પણ વીજળીની પુષ્કળ જરૂર પડે છે ને ડેટા સેન્ટર સતત ધમધમતા હોવાથી વીજળીનો પૂરવઠો જરૂરી બની જાય છે.

જ્યોર્જિયાના પબ્લિક સર્વિસ કમિશનના અધ્યક્ષ જેસન શોને ટાંકીને એક અહેવાલમાં કહેવાયું કે અમેરિકામાં અગાઉ ક્યારેય આવું થયું નથી. આટલી તીવ્ર વીજ કટોકટી સર્જાયાનું જોવા મળ્યું નથી. બરાબર ઉનાળો તપતો હશે ત્યારે કેટલાય રાજ્યોમાં વીજ કટોકટી સર્જાશે. જ્યોર્જિયામાં જ છેલ્લાં એક દશકામાં વીજળીની ડિમાન્ડ ૧૭ ગણી વધી ગઈ છે.

આ અછતને પહોંચી વળવા અમેરિકન વીજ ઉત્પાદક કંપનીઓને ટ્રમ્પની સરકારે તાકીદ કરી છે કે વીજળીનો જરૂરિયાત મુજબનો જથ્થો જ ટેકનોલોજીને આપો, પણ વીજ કંપનીઓ એવું કરતી નથી. યુનિટ દીઠ જે ભાવ કંપનીઓ આપે છે એવો ભાવ ઘરેલું ગ્રાહકો આપતા નથી. ભારત સહિત દુનિયાભરમાં કમર્શિયલ વીજળીનો યુનિટનો ભાવ ઊંચો હોય છે. કંપનીઓને એમાં સીધો ફાયદો હોય એટલે એ એક નહીં તો બીજું બહાનું કાઢીને ઘરેલું વીજ પુરવઠો ખોરવીને પણ કંપનીઓને વીજળી આપવાનું પસંદ કરે છે.

એઆઈ ટેકનોલોજીમાં વીજળીની ડિમાન્ડ વધશે એટલે સરવાળે વીજળી મોંઘી થશે. સામાન્ય નાગરિકોના ઘરનું બજેટ ખોરવાશે અને તેમને ઘરની વીજળીનું બિલ મોંઘું પડશે. એક શક્યતા એવીય છે કે ટેક-કંપનીઓમાં જે એઆઈ ટેકનોલોજી પર કામ કરે છે તેમના પર વીજળીમાં જુદો ટેક્સ લગાડવો. જો એમ થશે તો એઆઈ ટેકનોલોજી મોંઘી થશે. પણ કંપનીઓ વધારે ટેક્સ ચૂકવીને પણ વીજળીનો જથ્થો મેળવશે એટલે સામાન્ય નાગરિકોને મળતો જથ્થો ઘટશે. એઆઈ ટેકનોલોજી મોંઘી થશે એની ભરપાઈ કંપનીઓ સબક્રિપ્શનનો રેટ વધારીને કરશે. ક્યારેય સરકારોને, વીજકંપનીઓને કે ટેકનોલોજીની કંપનીઓને નુકસાન થવાનું નથી. બધો ભાર વહેલા મોડો આવશે તો યુઝર્સના ખભે જ. સામાન્ય લોકોને વીજળી મોંઘી નહીં પડે તો એઆઈ ટેકનોલોજી મોંઘી પડશે. સરવાળે આમ નાગરિકોના ખીસ્સા ખાલી થશે ને કંપનીઓની તિજોરીઓ છલકાશે .■

## ફુલ વીજળીનો છ ટકા હિસ્સો માત્ર ડેટા સેન્ટર પાછળ ખર્ચાય છે

ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના કહેવા પ્રમાણે ૨૦૨૩માં અમેરિકાના ૩૪૦૦ જેટલા ડેટા સેન્ટરમાં કુલ વીજળીનો ૪.૫ ટકા જથ્થો વપરાયો હતો. ૨૦૨૫ની શરૂઆતમાં ડેટા સેન્ટરની સંખ્યા વધીને ૪૫૦૦ થઈ ગઈ હતી અને વીજળીનો ૫ ટકા જથ્થો એની પાછળ ખર્ચાય છે. ૨૦૨૬ સુધીમાં આ જથ્થો વધીને છ ટકા થશે. ૨૦૩૫ સુધીમાં એકલા અમેરિકામાં એક લાખ ડેટા સેન્ટર ધમધમતા હશે અને તેમાં મોટી માત્રામાં વીજળી જોઈશે.

મોટી ટેક કંપનીઓ અત્યારે આર્થિક રીતે ઉભરતા દેશોમાં ડેટા સેન્ટર્સ અને સર્વર બનાવવાનું આયોજન કરી રહી છે. ભારત જેવા દેશો આ કંપનીઓ માટે બહુ જ અનુકૂળ છે. ભારતમાં જ ૧૫૦ જેટલા ડેટા સેન્ટર અત્યારે ચાલી રહ્યા છે. વિદેશી કંપનીઓને આવકારવાની ભારતની પૉલિસી છે અને તેના કારણે ભારતના ટેક-એક્સપટ્ર્સને નોકરીઓ મળશે, પરંતુ તેમાં વીજળીનો મોટો જથ્થો જોઈશે. અત્યારે દેશમાં ઉનાળો આવે છે ત્યારે વીજ વપરાશ વધી જાય છે અને ઘણાં શહેરોમાં વીજળીની અછત સર્જાય છે. ટેક-કંપનીઓ ભારત જેવા દેશોમાં એઆઈ ટેકનોલોજીના યુનિટ બનાવે તો આ અછત વિકટ સ્વરૂપ ધારણ કરી શકે છે. અત્યારે દુનિયામાં જેનો ક્રેઝ છે તે એઆઈ ટેકનોલોજી જગતમાં મોટી પાવર ક્રાઈસિસ નોતરે તો નવાઈ પામવા જેવું નહીં હોય.

**ઘણાં લેપટોપમાં હવે કેમેરાને ઢાંકી શકાય તેવું ફિઝિકલ શટર જોવા મળે છે - એ વિના કારણ નથી**

# ફોન/લેપટોપના કેમેરાથી કોઈ તમને સતત જોતું હોય તો?



આ આપણા સ્માર્ટફોન અને લેપટોપમાંના કેમેરા આપણે માટે જેટલા ઉપયોગી છે એટલા જ જોખમી પણ છે. સ્માર્ટફોનમાંનો કેમેરા ફોટોગ્રાફી, વીડિયોગ્રાફી ઉપરાંત ડોક્યુમેન્ટ/ક્યૂઆર કોડ સ્કેન કરવા તથા આપણી આસપાસ દેખાતી ચીજવસ્તુઓ વિશે ઇન્ટરનેટ પર સર્ચ કરવા માટે પણ ઉપયોગી છે. જ્યારે લેપટોપ પરના વેબકેમનો ઉપયોગ મોટા ભાગે ઓનલાઇન મીટિંગ કે પછી વીડિયો રેકોર્ડિંગ પૂરતો સીમિત હોય છે.

પરંતુ આ બંને સાધનમાંના કેમેરાનો કંટ્રોલ મેળવીને હેકર્સ આપણી જાસૂસી પણ કરી શકે છે. વધુ તકલીફદાયક વાત એ કે આવું આપણી જાણ બહાર પણ થઈ શકે છે.

હવેના સમયમાં આપણો સ્માર્ટફોન લગભગ સતત અથવા વારંવાર ઇન્ટરનેટ સાથે કનેક્ટ થતો હોય છે. એ જ એનું મુખ્ય કામ હોય છે, વાતચીતની વાત તો પછી આવે! એમ, પીસી કે લેપટોપ પણ હવે લગભગ સતત નેટ સાથે કનેક્ટેડ હોય છે. આથી બંનેમાં કોઈને કોઈ રીતે હેકિંગની શક્યતા રહે છે.

તમે ઇન્ટરનેટ સેફ્ટીની પૂરી કાળજી લેતા હો તો પણ, ક્યારેક એવું બની શકે કે કોઈ આપણી જાણ બહાર ફોન-પીસીમાં માલવેર ઘૂસાડે અને આપણો કેમેરા એક્ટિવેટ કરી દે - આપણી જાણ બહાર. નીચે એવા કેટલાક સંકેતોની વાત કરી છે જેની મદદથી આપણે જાણી શકીએ કે કોઈ આપણા ડિવાઇસના કેમેરાને હેક કરીને આપણને જોઈ રહ્યું છે કે કેમ?

> આપણો સ્માર્ટફોન અને લેપટોપ હવે લગભગ સતત ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ રહે છે, આથી હેકિંગની શક્યતા વધી જાય છે.

> જુદા જુદા પ્રકારના હેકિંગની જેમ, ફોન કે પીસીનો કેમેરા પણ હેક થઈ શકે છે - આપણી જાણ બહાર.

> અલબત્ત, કેટલાક સંકેતો પરથી આપણે આવું કંઈ ચાલી રહ્યું હોવાનું જાણી શકીએ છીએ. પછી માલવેર દૂર કરવો એ જ એક રસ્તો.










## કેમેરા ઇન્ડિકેટર લાઇટ અકારણ ઓન છે?

સ્માર્ટફોન અને લેપટોપ બંનેમાં કેમેરા ઓન હોય ત્યારે, તે ઓન હોવાનું દર્શાવતી એક ઇન્ડિકેટર લાઇટ જોવા મળે છે (સ્માર્ટફોનમાં માઇક્રોફોનથી વોઇસ કેપ્ચર થતો હોય ત્યારે પણ આવી ઇન્ડિકેટર લાઇટ જોવા મળે છે). આપણે કોઈ મીટિંગમાં જોડાયેલા હોઇએ ત્યારે દેખીતું છે કે કેમેરા ઓન હોવાનું ઇન્ડિકેશન જોવા મળે.

પરંતુ આપણે લેપટોપ કે સ્માર્ટફોનમાં બીજું કંઈ કામ કરી રહ્યા હોઇએ એ સમયે કેમેરા ઓન હોવાની લાઇટ જોવા મળે તો એ દેખીતી રીતે જોખમનો સંકેત છે. જો તમારા લેપટોપમાં વેબકેમ ઓન હોવાની ઇન્ડિકેટર લાઇટ ન હોય તો મોટા ભાગે સ્ક્રીન પર સિસ્ટમ ટ્રેમાં તે ઓન હોવાનું નોટિફિકેશન જોવા મળતું હોય છે. આપણે બીજું કોઈ કામ કરી રહ્યા હોઇએ ત્યારે કેમેરા ઓન હોવાનું ઇન્ડિકેશન જોવા મળે એનો અર્થ એ થઈ શકે કે કોઈ હેકરે લેપટોપ કે ફોનમાં ઘૂસાડેલા માલવેરની મદદથી આપણા ડિવાઇસના કેમેરાની રિમોટ એક્સેસ મેળવી છે.

### આ સંકેત ક્યારે ખોટો હોઈ શકે

આપણે પોતે પોતાના ડિવાઇસમાં કોઈ વીડિયો કોન્ફરન્સિંગ એપનો ઉપયોગ કરી રહ્યા હોઇએ, આપણે તેમાં કોઈ મીટિંગમાં જોડાયા હોઇએ અને તેને માટે કેમેરા ઓન કર્યો હોય તથા એવે સમયે એ મીટિંગ એપ બેકગ્રાઉન્ડમાં ઓપન રાખીને બીજા કોઈ પ્રોગ્રામમાં કામ પર વળી ગયા હોઇએ એવું બની શકે. એ સ્થિતિમાં આપણે પોતે ચાલુ કરેલો કેમેરા ઓન હોવાનું ઇન્ડિકેશન જોવા મળે, પરંતુ એ કોઈ હેકરની હરકત ન હોય!

## ડિવાઇસમાં અજાણી મીડિયા ફાઇલ્સ દેખાઈ?

લેપટોપ કે સ્માર્ટફોનના કેમેરાથી ઇમેજ કે વીડિયો કેપ્ચર કરવામાં આવે ત્યારે દેખીતી રીતે તે આપણા જે તે ડિવાઇસની ફોટો ગેલેરીમાં સેવ થાય છે. જો કોઈ હેકર આપણી જાણબહાર ડિવાઇસના કેમેરાથી ફોટો કે વીડિયો કેપ્ચર કરતો હોય, તો તે પણ ડિવાઇસની ફોટો ગેલેરી કે કોઈ ચોક્કસ ફોલ્ડરમાં સેવ થતું હોય.

જો હેકર સ્માર્ટ હોય તો એ આપણા વેબકેમથી ઇમેજ કે વીડિયો કેપ્ચર કર્યા પછી અને પોતાને ટ્રાન્સફર કર્યા પછી આપણા સ્ટોરેજમાંથી તેને ડિલીટ પણ કરે. પરંતુ તે થોડો ગાફેલ રહે તો આવી ફાઇલ્સ લેપટોપના રિસાઇકલ બિનમાં કે ફોનમાંની ગૂગલ ફોટોઝ જેવી એપમાં ટ્રેશ ફોલ્ડરમાં જોવા મળી શકે છે.

જો ફક્ત તમે તમારા લેપટોપ કે સ્માર્ટફોનનો ઉપયોગ કરતા હો અને તમે પોતે કેપ્ચર ન કર્યા હોય તેવા ફોટો-વીડિયો તમારા ફોટો ફોલ્ડર કે ફોટો ગેલેરી એપમાં અથવા રિસાઇકલ બિન કે ટ્રેશ ફોલ્ડરમાં જોવા મળે તો એવી પૂરી શક્યતા છે કે તમારો વેબકેમ હેક થયો હોય.

### આ સંકેત ક્યારે ખોટો હોઈ શકે

સ્માર્ટફોનના કિસ્સામાં તમે તમારા લાઇફ પાર્ટનર્સ સાથે લાઇવ શેરિંગ ઇનેબલ રાખ્યું હોય તો તેમણે લીધેલા ફોટો, વીડિયો તમારી ફોટોઝ એપમાં જોવા મળી શકે છે, જે તમે પોતે લીધા હોવાથી તમારે માટે અજાણ્યા હોઈ શકે. લેપટોપમાં તમે કોઈ વીડિયો કોન્ફરન્સિંગ એપને ઓટોમેટિક રેકોર્ડ કરવાની મંજૂરી આપી હોય તો પણ એ રીતે કેપ્ચર થયેલી ફાઇલ્સ ડિવાઇસમાં જોવા મળી શકે છે.

## સિક્યોરિટી સેટિંગ્સમાં ફેરફાર થયા છે?

જો હેકર ખરેખર સ્માર્ટ હોય તો એ આપણા ડિવાઇસનો કેમેરા હેક કરવાની સાથોસાથ ડિવાઇસના સિક્યોરિટી સેટિંગ્સમાં પણ ફેરફાર કરવાનું ચૂકે નહીં. એ સમયે તે આપણા પાસવર્ડ બદલવાની કે નવી એપ ઇન્સ્ટોલ કરવાની કોશિશ કરે છે.

એવું પણ બને કે આપણા ડિવાઇસમાં આપણે પોતે ઇન્સ્ટોલ કરેલી કોઈ એપ ડિવાઇસનો કેમેરા એક્સેસ કરી શકતી હોય, પરંતુ આપણે તેને એવી મંજૂરી આપી ન હોય. એવી સ્થિતિમાં હેકર ડિવાઇસમાં ઘૂસાડેલા માલવેરની મદદથી, આ પ્રકારની એપ શોધીને તેને કેમેરા એક્સેસ કરવાની પરમિશન આપવાની કોશિશ કરે છે.

આ બધાં કારણે આપણે લેપટોપ કે ફોનના સિક્યોરિટી સેટિંગમાં થતા કોઈ પણ ફેરફાર જાણવા સજાગ રહેવું પડે. મોટા ભાગે આવા ફેરફાર કે તેના પ્રયાસનાં નોટિફિકેશન આવતાં હોય છે. તેને અવગણવામાં જોખમ છે.

### આ સંકેત ક્યારે ખોટો હોઈ શકે

આપણા સિક્યોરિટી સેટિંગમાં ફેરફાર થયા હોવાનું નોટિફિકેશન જોવા મળે પરંતુ હેકરને બદલે એ ફેરફાર આપણે પોતે કર્યા હોય અને નોટિફિકેશન પ્રમાણમાં જૂનું હોય તેવું પણ બની શકે. આપણે પોતે ફેરફાર કર્યા હોય તો પણ આ પ્રકારનું નોટિફિકેશન મળે તેને તક ગણીને આપણે ડિવાઇસમાં ક્યા ક્યા પ્રોગ્રામ કે એપને કેમેરા એક્સેસ કરવાની પરમિશન આપી છે એ એક વાર શાંતિથી તપાસી લેવું જોઇએ. બિનજરૂરી એપ્સને આપેલી પરમિશન ચોક્કસપણે બંધ કરવી જોઇએ.

## હેકર તરફથી રકમની માગણી કરવામાં આવી?

ઘણા કિસ્સામાં લોકોને હેકર તરફથી મોટા ભાગે ઇમેઇલ અથવા વોટ્સએપ કે એસએમએસ દ્વારા રકમની માગણી કરતા મેસેજ મોકલવામાં આવે છે. આવા મેસેજમાં હેકર દાવો કરતા હોય છે કે તેમણે આપણા ડિવાઇસના કેમેરાની એક્સેસ મેળવી લીધી છે તથા આપણા 'વાંધાજનક' ફોટો કે વીડિયો કેપ્ચર કરી લીધા છે, આપણે જે સાઇટ્સ સર્ફ કરી હોય તેના સ્ક્રીનશોટ્સ આપણા વીડિયો સાથે કેપ્ચર કર્યા છે. એ બધું ડિલીટ કરવાના બદલામાં હેકર રકમની માગણી કરે. મોટા ભાગે આવી માગણી માટે ક્રિપ્ટોકરન્સીમાં રકમ ચૂકવવાનું કહેવામાં આવતું હોય છે. આ સ્થિતિમાં બે જ શક્યતા છે - એ હેકરે ખરેખર આપણા ડિવાઇસના કેમેરાનો પૂરેપૂરો કે આંશિક કંટ્રોલ મેળવી લીધો હોય અને તે ખરેખર આપણા ફોટો, વીડિયો કેપ્ચર કરતો હોય (એ પણ વાંધાજનક) અથવા પછી એ સાવ ખોટું બોલતો હોય!

### આ સંકેત ક્યારે ખોટો હોઈ શકે

ઉપરની બીજી શક્યતા મુજબ, હેકર સાવ ખોટું બોલીને આપણને ડરાવીને રકમની માગણી કરી રહ્યો હોય એવું બની શકે. તમે સોશિયલ મીડિયા પર શેર કરેલી સામાન્ય ઇમેજ કે વીડિયો જોયા પછી ફક્ત તેનું વર્ણન કરીને હેકર આપણને ડરાવી રહ્યો હોય તેવું પણ બને. હેકર સાચું બોલતો હોય અને તેણે ખરેખર વાંધાજનક વીડિયો-ફોટો કેપ્ચર કર્યા હોય, તેનો તે પુરાવો આપતો હોય તો પણ તેની રકમની માગણી સંતોષવાનો બદલે પોલીસ ફરિયાદ કરવી વધુ હિતાવહ છે.

# હવે AI ચેટિંગમાં પણ આવી રહી છે જાહેરાતો

*એઆઇનો જોરદાર પવન ફુંકાઈ રહ્યો છે, પણ એઆઇ કંપનીઓ માટે એમાં ચર્ચા વધુ ને કમાણી ઓછી છે. એ કારણે...*

પાછલાં બે-ચાર વર્ષમાં ઇન્ટરનેટ પર કંઈ પણ સર્ચ કરવાની આપણી વર્ષો જૂની આદતમાં ઘણો બદલાવ આવી ગયો છે. અત્યાર સુધી આપણે બધું ગૂગલને જ પૂછતા હતા. પછી એ ઢગલામોઢે વેબપેજીસ તરફ આંગળી ચીંધે અને આપણે તેમાં જોઇતા જવાબ શોધવા જતા.

હવે આ જૂની પદ્ધતિ બદલાઈ ગઈ છે. ઘણા લોકો ગૂગલને તડકે મૂકીને સીધેસીધું એઆઇ ચેટબોટને સવાલો પૂછે છે, જે વેબપેજીસને બદલે સીધેસીધા જવાબ આપે છે. ગૂગલે આટલાં વર્ષોમાં તેની લગભગ બધી કમાણીના રસ્તા સર્ચ એન્જિનની આસપાસ ગોઠવ્યા હતા. હવે એ ગરાસ લૂંટાવા લાગ્યો છે. જો તમે ગૂગલ સર્ચ એન્જિનમાં 'એઆઇ ઓવરવ્યૂ'નો ઓપ્શન ઇનેબલ રાખ્યો હોય તો ગૂગલ પોતે હવે સર્ચ રિઝલ્ટ પેજ પર વિવિધ વેબપેજ બતાવવા ઉપરાંત સીધેસીધા જવાબ આપે છે. અન્ય ચેટબોટની હરીફાઈમાં તેણ આમ કરવું પડ્યું છે. પરંતુ તેની અસર તેની પોતાની કમાણી પર થાય છે.

પાછલાં એક-બે વર્ષમાં ઓપનએઆઇ ચેટજીપીટી, માઇક્રોસોફ્ટ કો-પાયલટ, પરપ્લેક્સિટી, ચાઇનીઝ ડીપસીક, એક્સ ગ્રોક વગેરે એઆઇ ચેટબોટમાં ઉમેરાઈ ગયેલી સર્ચ સુવિધાથી ગૂગલની સર્ચમાંથી થતી આવક પર સીધી અસર પહોંચી છે.




આ બધાને કારણે હવે ગૂગલે એઆઇ ચેટબોટ સાથેની વાતચીતમાં જાહેરાતો ઉમેરવાની કોશિશ શરૂ કરી છે.

બહાર આવેલી વિગતો અનુસાર વિવિધ વેબસાઇટ, બ્લોગ, એપ, યુટ્યૂબ પરના વીડિયો વગેરેમાં જાહેરાતો દર્શાવતા ગૂગલના એડસેન્સ પ્રોગ્રામને વિસ્તારીને હવે તેમાં એઆઇ સ્ટાર્ટઅપ્સ દ્વારા ચલાવવામાં આવતા ચેટબોટને પણ આવરી લેવામાં આવશે.

અત્યારે ગૂગલની એઆઇ સર્વિસિસનો ઉપયોગ કરીને વિવિધ પ્રકારના એઆઇ ચેટિંગ કે ફીચર્સ આપતાં જુદાં જુદાં સ્ટાર્ટઅપ્સ વિકસી રહ્યાં છે. એઆઇનો હજી શરૂઆતી દોર હોવાથી આ સ્ટાર્ટઅપ્સ માટે કમાણીના રસ્તા શોધવા મુશ્કેલ છે.

આવાં સ્ટાર્ટઅપ ગૂગલના એડસેન્સ પ્રોગ્રામમાં જોડાઇને તેમના ચેટબોટમાં ગૂગલના એડવર્ટાઇઝિંગ નેટવર્ક તરફથી મળતી જાહેરાતો બતાવી શકશે. આ માટેનું પાયલોટ ટેસ્ટિંગ અત્યારે શરૂ થઈ ગયું છે. આ કારણે, અત્યારે જે રીતે આપણે વિવિધ વેબસાઇટ, બ્લોગ, એપ કે વીડિયોની મુલાકાત લઈએ ત્યારે વચ્ચે વચ્ચે જેમ જાહેરાતો જોવા મળે છે, બરાબર એ જ રીતે ચેટબોટ સાથેની વાતચીતમાં પણ વચ્ચે વચ્ચે જાહેરાતો જોવા મળશે.

દેખીતું છે કે આ વાતચીત વખતે આપણે જેના પર ક્લિક કરીએ તેવી વધુમાં વધુ શક્યતા હોય તેવી જાહેરાતો બતાવવામાં આવશે. મતલબ કે ચેટબોટ સાથેની આપણી વાતચીતનો ડેટા તપાસવામાં આવશે અને તેમાંથી ટાર્ગેટ કરીને આપણને જાહેરાતો બતાવવામાં આવશે. સર્ચ કે સોશિયલ મીડિયામાંથી કમાણીના ઇતિહાસનું પુનરાવર્તન થશે.

ગૂગલનો આ પ્રયોગ જો સફળ થશે તો અન્ય જાણીતી એઆઇ કંપનીઓ પણ તેમના ચેટબોટમાં જાહેરાતો ઉમેરે તો નવાઈ નહીં - સર્ચ માટે યંગસ્ટર્સમાં પોપ્યુલર પરપ્લેક્સિટી એ જ દિશામાં આગળ વધી રહી છે.

# ઈન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ્સ વચ્ચે શેર્ડ ફીડની સગવડ આપતું નવું ફીચર

ઓટીટી પ્લેટફોર્મ્સ પર 'વોચપાર્ટી' ફીચરથી તમે પરિચિત હશો. એમ યુટ્યૂબમાં શેર્ડ પ્લે લિસ્ટ બનાવી શકાય છે - એમાં સામેલ કોઈ પોતાને ગમતા વીડિયો તેમાં ઉમેરે અને તેની સહિયારી મજા માણે. કંઈક એ જ રીતે ઇન્સ્ટાગ્રામમાં એક નવું ફીચર ઉમેરાયું છે - બ્લેન્ડ.

આ ફીચરની મદદથી આપણે પોતાના મિત્રો સાથે વ્યક્તિગત રીતે અથવા ગ્રૂપ ચેટમાં પોતાના ડાયરેક્ટ મેસેજિસની જ અંદર એક શેર્ડ ફીડ તૈયાર કરી શકીએ છીએ. મતલબ કે આપણા અને આપણા નજીકના મિત્રોના ઇન્ટરેસ્ટ લગભગ એક સરખા હોય અને એ અનુસાર, આપણે વિવિધ રીલ્સ આપણે મિત્રો સાથે શેર કરતા રહેતા હોઇએ તો હવે સૌની એક શેર્ડ રીલ્સ ફીડ તૈયાર કરી શકાશે. આ ફીચર એન્ડ્રોઇડ અને આઇઓએસ માટેની ઇન્સ્ટાગ્રામ એપમાં લાઇવ થઈ ગયું છે.












આ ફીચરને કારણે ઇન્સ્ટાગ્રામ હજી વધુ સોશિયલ બને છે. કેમ કે આપણી જેમ આપણા ફ્રેન્ડ્ઝ પણ ઇન્સ્ટાગ્રામ પર લગભગ આપણા જ રસના વિષયોનાં રીલ્સ જોતા હોય તો એ શેર્ડ ફીડમાં શેર થવાથી આપણે પણ સહેલાઈથી જોઈ શકીએ છીએ. તકલીફ ત્યારે થાય જ્યારે આપણા અને મિત્રોના ઇન્ટરેસ્ટ બદલાતા રહે. ઉપરાંત, શેર્ડ ફીડને કારણે આપણે કેવા પ્રકારનું કન્ટેન્ટ જોઇએ છીએ તે આપણા બધા ફ્રેન્ડ્ઝ પણ જોઈ શકે છે. શેર્ડ ફીડમાં તેમની સાથે શું શેર થશે તેને આપણે કોઈ રીતે કંટ્રોલલ કરી શકતા નથી. આથી આપણા બધા જ ઇન્ટરેસ્ટ બ્લેન્ડમાંના ફ્રેન્ડ સાથે શેર થાય છે. અલબત્ત આ ફીચર પ્રાઇવેટ છે અને આપણા ડાયરેક્ટ મેસેજિસના ગ્રૂપમાં સામેલ લોકો જ તેને જોઈ શકે છે.

આ ફીચરનો લાભ લેવા તમે ઇન્સ્ટાગ્રામ એપ અપડેટ કરી લો. પછી એન્ડ્રોઇડ કે આઇફોનમાં ઇન્સ્ટાગ્રામ એપ ઓપન કરો અને ચેટમાં જાઓ. આ ચેટ વન-ટુ-વન અથવા ગ્રૂપ ચેટ હોઈ શકે છે.

અહીં જમણી તરફ ઉપર 'બ્લેન્ડ' બટન જોવા મળશે. તેને ક્લિક કરી જોઇન પર ક્લિક કરો. હવે આપણે આ બ્લેન્ડમાં જોડાવા માટે અન્ય લોકોને ઇનવાઇટ કરી શકીશું. એ પછી એ લોકો બ્લેન્ડ મોડમાં જોડાઈ શકશે. એ પછી ડાયરેક્ટ મેસેજિસમાં બ્લેન્ડ મોડમાં આપણા ઇન્ટરેસ્ટ અનુસાર પર્સનલાઇઝ્ડ ફીડ આપણે પોતાના ફ્રેન્ડ્ઝ સાથે જોઈ શકીએ છીએ. અહીંથી જ આપણે જે તે રીલ પર રીએક્ટ કરી શકીએ કે કમેન્ટ કરી શકીએ. આપણે ઇચ્છીએ ત્યારે બ્લેન્ડ મોડમાંથી એક્ઝિટ પણ થઈ શકીએ છીએ. એ યાદ રાખશો કે આપણે બ્લેન્ડ મોડ શરૂ કરીએ એ પછી એ શેર્ડ ફીડમાં શું જોવા મળશે તેના પર આપણો કંટ્રોલ નથી. બ્લેન્ડ મોડમાં જોડાયેલા લોકોની હિસ્ટ્રીના આધારે ઇન્સ્ટાગ્રામ ઓટોમેટિકલી રીલ્સ પસંદ કરીને આ ફીડમાં બતાવે છે.

## એક નવી પહેલ, ખાસ આપને માટે!

શ્રેયાર્થ યુનિવર્સિટી TECHNO QUIZ

**ટેક્નોક્વિઝમાં ભાગ લો, નોલેજ સાથે ઇનામ મેળવો!**

**પ્રશ્ન-૧. લેપટોપ કે ફોનમાં સ્ક્રીનના ઉપરના ભાગે ઘણી વાર જોવા મળતી ગ્રીન લાઇટ શું દર્શાવે છે?**
(૧) સિક્યોરિટી સેટિંગ્સ બરાબર છે (૨) ઇન્ટરનેટ કનેક્શન ઓન છે (૩) કેમેરા ઓન છે

**પ્રશ્ન-૨. ઇન્સ્ટાગ્રામમાં ફ્રેન્ડ્સ સાથે શેર્ડ ફીડ બનાવવાની સગવડ આપતું ફીચર કયા નામે ઓળખાય છે?**
(૧) વોચપાર્ટી (૨) બ્લેન્ડ (૩) મિક્સર

**પ્રશ્ન-૩. હાલની સ્થિતિ અનુસાર, યુપીઆઇ ટ્રાન્ઝેક્શન્સ માટેની નવી સુધારેલી ટાઇમલાઇન ક્યારથી અમલમાં આવી જશે?**
(૧) જૂન ૨૦૨૫ (૨) સપ્ટેમ્બર ૨૦૨૫
(૩) ડિસેમ્બર ૨૦૨૫

જવાબો મોકલવા આ ક્યૂઆર કોડ સ્કેન કરો

**તા. ૦૪-૦૫-૨૦૨૫ ક્વિઝના વિજેતાઓ**

પલક કુશલ ભાવસાર, મેહુલ સી. શેઠ, નાણાવટી દિશા એન.

**તા. ૦૪-૦૫-૨૦૨૫ ક્વિઝના જવાબો**

પ્રશ્ન-૧. ગૂગલની કઈ એપ પ્રિન્ટેડ ફોટોને ડિજિટલ ફોર્મેટમાં ફેરવવામાં મદદ કરે છે? - ફોટોસ્કેન બાય ગૂગલ ફોટોઝ

પ્રશ્ન-૨. અત્યારે મોટી ટેક કંપનીઓની સિસ્ટમ્સ કેટલા પ્રમાણમાં સ્પામ ઇમેઇલ્સને ફિલ્ટર કરી શકે છે?- ૯૯ ટકા

પ્રશ્ન-૩. આપણું યુપીઆઇ આઇડી ઓનલાઇન શોપિંગ સાઇટ્સમાં સેવ કરવાનું આગામી ફીચર હાલ કયા નામે ઓળખાઈ રહ્યું છે? - યુપીઆઇ મેટા

વિજેતાઓને અભિનંદન! આપનાં ઇનામ માત્ર રૂબરૂ અથવા કોઈ પ્રતિનિધિ દ્વારા આ સરનામેથી ૧૫ દિવસમાં મેળવી લેવાનાં રહેશેઃ શ્રેયાર્થ યુનિવર્સિટી, એમ. જે. લાઇબ્રેરી પાસે, આશ્રમ રોડ, અમદાવાદ(સવારના ૧૦થી સાંજના ૬) ૯૩૧૩૯૨૬૧૦૨/૪, info@shreyarthuni.ac.in, વેબસાઇટઃ shreyarthuni.ac.in.



ક્યૂઆર કોડ સ્કેન કરવા માટે સ્માર્ટફોનમાં ગૂગલ સર્ચ એપમાં 'લેન્સ' ઓપન કરી તેનાથી કોડ સ્કેન કરો. આઇફોન તથા અમુક એન્ડ્રોઇડ ફોનમાં ડાઇરેક્ટ કેમેરા ઓપન કરી સ્કેન કરી શકાશે (તમારા ફોનમાં આ સગવડ તપાસવા માટે કેમેરા એપનાં સેટિંગ્સ તપાસી જુઓ). એ ઉપરાંત, ફોનમાં ક્રોમ બ્રાઉઝરમાં 'શેર' બટન ક્લિક કરતાં ક્યૂઆર કોડ સ્કેન કરવાનો વિકલ્પ મળશે. પેટીએમ જેવી અમુક પેમેન્ટ એપમાંથી પણ આ ક્યૂઆર કોડ સ્કેન કરી શકાશે.

**ટેકન્યૂઝ | ટેકજગતના ખબરઅંતર...**

## યુપીઆઇનાં ટ્રાન્ઝેક્શન ત્રણ ગણાં ઝડપી થવાની સંભાવના

આવતા મહિનાથી યુનિફાઇડ પેમેન્ટ ઇન્ટરફેસ (યુપીઆઇ)થી લેવડદેવડ હજી વધુ ઝડપી બને તેવી શક્યતા છે. યુપીઆઇનું સંચાલન કરતા નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (એનપીસીઆઇ)એ યુપીઆઇ ટ્રાન્ઝેક્શનની વિવિધ કેટગરી માટે સુધારેલી ટાઇમલાઇન જાહેર કરી છે. આ ફેરફારો જૂન ૧૬, ૨૦૨૫થી લાગુ થઈ જશે.

એ મુજબ હવે આપણે કોઈને પેમેન્ટ કરતી વખતે તેનું એડ્રેસ વેરિફાય કરીશું તો એ માટેનો રિસ્પોન્સ ટાઇમ હાલના ૧૫ સેકન્ડને બદલે ૧૦ સેકન્ડનો થશે. તે જ રીતે ટ્રાન્ઝેક્શનનું સ્ટેટસ ચેક કરવાનો રીસ્પોન્સ ટાઇમ હાલમાં ૩૦ સેકન્ડ છે તેને બદલે ૧૦ સેકન્ડનો થઈ જશે. ઘણી વાર આપણે કોઈને યુપીઆઇથી પેમેન્ટ કરીએ એ પછી પેમેન્ટ સફળ થયું કે નિષ્ફળ એ જાણવા માટે ઘણી રાહ જોવી પડે છે. નવા ફેરફાર પછી માત્ર ૧૦ સેકન્ડમાં આપણને આવી જાણ થઈ શકશે. બેંકના ડેબિટ અને ક્રેડિટ કાર્ડની મદદથી યુપીઆઇથી થતા ટ્રાન્ઝેક્શનમાં પણ રીસ્પોન્સ ટાઇમ હાલમાં ૩૦ સેકન્ડ છે તે ઘટાડીને ૧૫ સેકન્ડ કરી દેવામાં આવ્યો છે. યુપીઆઇ પર એક્ટિવ નાણાં મોકલતી તથા નાણાં મેળવતી બધી બેંક તથા અન્ય પ્રકારની યુપીઆઇ એપ આ નવી ટાઇમલાઇન અનુસાર કામ કરશે. યુપીઆઇના જણાવ્યા અનુસાર આ ફેરફાર કસ્ટમરના અનુભવને સુધારવા માટે કરવામાં આવ્યો છે. આ ફેરફારો લાગુ કરવા માટે બધી બેંક તથા યુપીઆઇ એપ્સે પોતાની બેકેન્ડ સિસ્ટમ્સમાં સુધારા કરવા પડશે. યુપીઆઇ વ્યવસ્થા પોતે એકદમ મજબૂત છે અને હવે તેમાં સંકળાયેલી તમામ એપ્સે પણ નવી ગાઇડલાઇન્સ મુજબ ઓછા સમયમાં ટ્રાન્ઝેક્શન્સની પ્રક્રિયા પૂરી કરવી પડશે. અલબત્ત યુપીઆઇનું ટ્રાન્ઝેક્શન કેટલી ઝડપથી થાય છે તેનો આધાર બે બાબત હોય છે - યુપીઆઇ વ્યવસ્થા પોતે તથા આપણા ફોનમાંનું ઇન્ટરનેટ કનેક્શન. આથી ઇન્ટરનેટ કનેક્શન પોતે નબળું હશે તો હજી પણ આપણે ટ્રાન્ઝેક્શન બાબતે રાહ જ જોવી પડશે.




આપનાં સૂચનો, સવાલો મોકલો આ સરનામા પર : technoworld.gs@gmail.com


લેખન-સંકલન : હિમાંશુ કીકાણી

कहेके गये थे ना तुम उनको –
बता देना तुम मोदी को ?
बताया जब यह मोदीजी को,
बता दिया ना मोदीने ?
ईट होती तो पत्थर लेते
गोली पर गोला दाग दिया ।
भूल गये तुम दहेशतगर्दो,
खुद ही मौत को मांग लिया ।
यह तो होना ही था कहा था,
याद है या तुम भूल गये ?
चूनके मारेंगे तुम को
है भारत के अंदाज़ नये
निर्दोष निःशस्त्र के हत्यारों को
मार गिराया मोदीने ।
बताया जब यह मोदीजी को,
बता दिया ना मोदीने ?
पुत्री की आँख के सामने तुमने
पिता को गोली मारी थी
मां की आँखों के आगे
पुत्रों की लाश बिछाइ थी
हैवानों की हरकत से तब
मानवता शरमाइ थी
पत्नी के सिंदूर को पोंछा
तब ही कसम यह खाइ थी
ओपरेशन सिंदूर की शक्ति को
दिखलाया मोदीने
बताया जब यह मोदीजी को,
बता दिया ना मोदीने ?
एक है सोफिया, एक व्योमिका,
बहादूर बेटियां भारत की
नींव हिला कर रख दी है
आतंकी नापाक इमारत की
सिंदूर की ताकत दिखलाइ
जब घर में घूसकर के मारा
जय हिंद और जय हिंद की सेना,
गर्वान्वित भारत सारा
कहा था जो वह किया,
खून के आँसु रुलाया मोदीने
बताया जब यह मोदीजी को,
बता दिया ना मोदीने ?

# અરે ઓ પાપીસ્તાન...

# ઘર મેં ઘૂસકર મારા હૈ, કબ્ર તુમ્હારી ખોદી હૈ...

# ભારત કી ગદ્દી પર બૈઠા, દેખો યહ મોદી હૈ!

**સ્પેક્ટ્રોમીટર**

**જય વસાવડા**

સાત મેની તારીખે 'સાથ મેં' આખા દેશનો જે મૂડ હતો એનું પ્રતિબિંબ તુષાર શુક્લની આ કવિતામાં છે. જેમ સુરક્ષા ચૂક બાબતે કે હેડ ને બદલે હેડલાઈનના ડેમેજ કન્ટ્રોલ બાબતે અણિયાળા સવાલો પૂછવાનો અપજશ જો સરકારના વડા તરીકે પ્રધાનમંત્રીને મળે તો આ નક્કર નિર્ણયાત્મકતાનો જશ પણ મળે. આમ પણ સ્ટોપ પ્રેસ આ લખાય છે ત્યારે એટલો ખ્યાલ તો આખી દુનિયાને આવે છે કે આમાં દેખીતી રીતે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ટ્રેડમાર્ક પર્સનલ ટચ છે. નામ જ એમણે આપ્યું એ તો જગજાહેર થઈ ગયું છે. માત્ર આ નામ પણ દુશ્મન પર ફેંકાયેલો એક માનસિક હાઈડ્રોજન બોમ્બ છે ! જેહાદી ઈસ્લામિક ત્રાસવાદીઓએ સ્ત્રીઓના સુહાગ એમની નજર સામે પહેલગામમાં ટાર્ગેટ કરીને ઉજાડયા હતા, એનો બદલો લેવાનો હોય તો એક ચુટકી સિંદૂરની કિંમત એમણે ચૂકવવી પડે. વળી, એ ત્રાસવાદીઓએ ધર્મ પૂછ્યો હતો મારતા પહેલાં હિંદુઓને મારવા, તો સિંદૂરનું દાંપત્યમાં મહત્ત્વ માત્ર હિંદુ ધર્મમાં છે. સેંથામાં સિંદૂર એ લગ્નમાં પતિના આયુષ્યનું પ્રતીક છે, જે વિધવા થયા પછી પુરાતું નથી. એટલે ધર્મ જ પૂછવો હોય તો જવાબ ધર્મના પ્રતીકથી પણ અપાશે.


સોફિયા કુરેશી

અને સિંદૂર કેટલાક વામપંથી વિષાણુઓને ટોકનિઝમ લાગ્યું તો એમને કહેવાનું કે આ સિમ્બોલિઝમ છે. એક પ્રકારનો આર્ટીસ્ટિક કલ્ચરલ ટચ છે, જેનો અભાવ જ માણસને શેતાની ટેરરિસ્ટ બનાવે છે. પ્રતીકોમાં વાત કહેતા આવડે એ તો યુધ્ધના મેદાન વચ્ચે ગીતા જેવી કવિતા છે. ભારતનો વારસો છે. ને સાંસ્કૃતિક વારસા વિના તો ભારત ભારત જ ના રહે . માત્ર સરહદ કે નકશો એ દેશ નથી. વિચારધારા અને સાંસ્કૃતિક ઓળખ એ પણ દેશ છે.

અને એ જ વારસામાં સિંદૂર માત્ર સુહાગ સાથે જ જોડાયેલું નથી. વીર, ધીર એવા પરમપરાક્રમી ચિરંજીવ હનુમાનજી સાથે પણ એનો અભિન્ન નાતો આપણા દેશના ગામેગામ છે. બજરંગબલિ પણ એક મેસેજ છે. રામ સીતા વનમાં વિહાર કરતાં કિલ્લોલ કરતાં હતાં. એકમેકના આનંદમાં ગૂંથાઈને ભાઈ લક્ષ્મણ સાથે શાંતિ અને પ્રેમથી પ્રકૃતિના સૌંદર્યનો આનંદ ઉઠાવતા જીવન પસાર કરતાં હતાં. એ રાવણને નડવા નહોતાં ગયાં. સામેથી શૂપર્ણખા અને રાવણ વારાફરતી આવ્યાં. રાવણે સીતા પર ત્રાસ ગુજાર્યો ત્યારે પ્રતિશોધ નહિ, પણ ન્યાયની ભાવના સાથે રામ મેદાને પડ્યા અને સીતા થકી સ્ત્રી ગૌરવનું સન્માન હનુમાનજીએ પ્રભુ મુદ્રિકા મેલી મુખ માંહીં એમને શોધીને શત્રુના ઘર લંકામાં ઘૂસીને કર્યું.

બજરંગબલિએ લંકાના નાગરિકોને ઈજા ના કરી ને સામા પક્ષે રહેલા વિભીષણ જેવા સારા શુભચિંતક સાથે તો વ્હાલભરી મુલાકાત પણ કરી.

પણ ટાર્ગેટ કરીને રાવણ તથા એની જોડે રહેલા ઉન્માદી રાક્ષસો સામે શક્તિપ્રદર્શન કરીને લંકા બાળી, જે એક્ઝેટલી આપણી મહાન સેનાએ પાકિસ્તાન અને પીઓકેમાં ૯ ત્રાસવાદી અડ્ડાઓનો સફાયો કરીને રિપીટ કર્યું કે હજુ આ યુદ્ધ નથી. પણ આ જ્વાળા એક ઝલક છે અમારી તાકાત અને સંકલ્પની. માટે ચેતજો. અને આ વખતે તો આ મિસાઈલ સ્ટ્રાઈકના પુરાવા ખુદ પાકિસ્તાને જ કબૂલ કરીને આપ્યા છે !

સિંદૂર એ હનુમાનજીની જેમ જ સૌરાષ્ટ્રમાં તો આબરૂ કાજે લડતા લડતા વીરગતિને પ્રાપ્ત થયેલા શૂરાઓની ખાંભીએ પણ ચડાવાય છે. ત્રાસવાદી હુમલામાં માર્યા ગયેલા નિર્દોષોના અને સુરક્ષા માટે માતૃભૂમિ પર મારી ફિટેલા જવાનોના પાળિયા પર જાણે આ અભિષેક છે. ભારત સરકારે જ કહ્યું કે છેલ્લા એક દસકામાં જ ક્રોસ બોર્ડર ટેરરિઝમમાં ૩૫૦થી વધુ સિવિલિયન્સ અને ૬૦૦થી વધુ સુરક્ષાકર્મીઓએ પ્રાણ ગુમાવ્યા છે. એટલે જ છેલ્લા થોડા સમયથી બેનમૂન રીતે કોઈ સંઘ પરિવારના આગેવાન કરતાં પણ વધુ આક્રમક અને આકર્ષક રીતે પાકિસ્તાનની ધોલાઈ કરતા પહેલેથી જ ઉત્તમ વક્તા એવા અસદદુદ્દીન ઓવૈસીએ કહ્યું કે હવે પાકિસ્તાનને સમજાવવાનો નહિ, સજા દેવાનો આ સમય છે. ૩૨ વર્ષ પહેલાં ખુદ પાકિસ્તાનનો રિપોર્ટ હતો કે ભારત તૂટી પડે તો એની સેના જ નષ્ટ થઈ જાય પણ એ મોકો ચુકાયો તો હવે પરમાણુ સત્તા ને બદલાયેલાં સમીકરણોમાં સીધું પૂરું યુદ્ધ આપણાથી શરુ થાય નહિ, એટલે પાકિસ્તાનને ઉશ્કેરીને મોકો ઝડપવો પડે યુદ્ધ કરવું હોય તો પણ.



એની વે, આ નિમિત્તે દેશમાં સિંદૂરને પણ યાદ કરવામાં આવ્યું.

■ ■ ■

સિંદૂરનો છોડ હોય છે, એ ઘણાને ખબર નહિ હોય. એ આસાનીથી દેખાતો નથી. એને કામિલા ટ્રી કહેવાય છે. એનું ઝાડ ૨૦થી ૨૫ ફીટ ઊંચું હોય. આ ઝાડના ફળમાંથી નીકળતા બીજને પીસીને સિંદૂર બનાવવામાં આવે છે. ફળો ઝૂમખામાં આવે છે, જે શરૂઆતમાં લીલા રંગનાં હોય છે, પરંતુ પછીથી આ ફળ લાલ રંગમાં ફેરવાઈ જાય છે. આ ફળોની અંદર જ સિંદૂર હોય છે. સિંદૂર નાના દાણાના રૂપમાં હોય છે, જેને પીસી શકાય છે. હળદર, ચૂનો, અમુક રસાયણો જેમ કે મર્ક્યુરી સલ્ફાઈડ વગેરે થકી બજારમાં વેંચાતું સિંદૂર પાવડર કે લિક્વિડ રૂપમાં તૈયાર થાય. સિંદૂર કેસરિયા રંગનું હોય ને એને લાલ કે મરૂન રંગ આપવામાં આવે થોડી પ્રોસેસથી એટલે એ કંકુ થઈ જાય. હવે તો જો કે મોટે ભાગે કુમકુમ કે સિંદૂર કેમિકલ પ્રોસેસથી સિન્થેટિક જ બને છે. સિંદૂર નામ ટાઈટલમાં હોય એવી ઘણી ફિલ્મો પણ છે.

આદિ શંકરાચાર્યે આજકાલના સનાતનના નામે અરસિક જડસુ બનીને એક રીતે તાલિબાની કોપીકેટ થનારા બુદ્ધિબુઠ્ઠાઓના ડોળા તડબૂચ જેવા થઈ જાય એવી શૃંગારિક સ્તુતિ મા ભગવતીની સૌંદર્યલહરી રૂપે લખી છે, જેના અનુવાદનો લેખ વર્ષો પહેલાં લખેલો. એમાં કેવો સુંદર કાવ્યાત્મક શ્લોક છે કે, 'એમના લલાટ પર પાથી પાડવામાં આવી છે જે ફરતા વાળના ઉછળતા મોજાં વચ્ચે એક નહેર જેવી લાગે છે. જેમનું સિંદૂર જાણે ઉગતા સુરજ જેવું ભાસે છે (માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો !) અને એની સામે કાળા કેશ જાણે બંદીવાન બનાવેલા અંધારાના શત્રુસૈનિકો ! આહા !

શક્તિપીઠોમાં જે રંગની ચૂડી મૂર્તિને પહેરાવાય એ સિંદૂર પીવાથી ગળું ખરાબ થાય એ સિચ્યુએશનનો ઉપયોગ અમિતાભ બચ્ચન શશી કપૂરની કોમેડી ફિલ્મ 'દો ઔર દો

**ઓપરેશન સિંદૂર થકી એક તીરથી કેવાં અનેક નિશાન આપણે તાક્યાં છે એનો ચિતાર જાણો, પણ આ યુદ્ધ માત્ર સીમાપારનું નથી, વિચારનું પણ છે!**

પાંચ'માં બખૂબી કરવામાં આવેલો. સિંદૂરના ડાઘ ઝટ જાય નહિ. અને ગળું બંધ કરી દે તો અવાજ નીકળે નહિ, ઘોઘરો થઈ જાય ! આમ જ ભારતની વીર સેનાની ત્રણે પાંખોએ સલામીને લાયક ઓપરેશન કરીને પાકિસ્તાનની જબાન ખેંચી લીધી છે !

■ ■ ■

પક્ષભક્તોએ મેસેજોમાં ચગાવીને જેને સસ્તો કરી નાખ્યો છે, એ માસ્ટરસ્ટ્રોક શબ્દનો ખરો ઉપયોગ બોર્ડર પર નહિ પણ એ સિવાય પ્રેસ કોન્ફરન્સના ઓર્ડરમાં આપણે બતાવ્યો. આ પણ મોદીવિઝન. કારણ કે, આ યુદ્ધ કેવળ સરહદ પાર લડવાનું નથી. ઈસ્લામના મઝહબી આદેશોનું પોતાને અનુકૂળ અનર્થઘટન કરીને આધુનિક મિજાજના મુસ્લિમોને પણ નડતા કનડતા અને દુનિયાના બીજા ધર્મો કે દેશોના નિર્દોષ નાગરિકોને શાંતિ અને આનંદથી જીવવાનો અધિકાર છીનવી લેતા, જેહાદ જેવા આત્મકલ્યાણના શબ્દને હિંસાહોળીમાં ફેરવતા ત્રાસવાદીઓ એક શૌચાલયમાં ફ્લશ કરવા જેવી ધર્માંધ સોચ ધરાવે છે, એની પણ સફાઈ કરવાની છે. એ રાજકીય યુદ્ધ નથી. વૈચારિક છે અને બહુ લાંબુ ચાલવાનું છે. આપણે એમાં પણ શતરંજની ચાલ જેવો પાસો ફેંકીને મલ્ટિપલ મેસેજ દુનિયાને આપ્યા છે.

સમજો, કટ્ટર ઈસ્લામિક સિસ્ટમ જ પુરુષપ્રધાન છે. શરિયાના કાનૂન મુજબ જીવતા પાકિસ્તાન, ઈરાન, અફઘાનિસ્તાન, સાઉદી વગેરેમાં સ્ત્રીઓ રીતસર ઝઝૂમી રહી છે, મોકળાશના શ્વાસ માટે. મનગમતી મોજની આઝાદી માટે. ફેશન પણ જીવલેણ અપરાધ ગણવામાં આવે છે ને શિક્ષણ માટે મલાલા પર ગોળીઓ ચાલે છે. ત્યારે ભારત પહેલેથી જ સ્ત્રીઓ માટે મુક્ત રહ્યો છે. વૈદિક ભારતમાં શૌર્ય અને શૃંગારમાં સ્ત્રીઓ પાછળ નહોતી. આપણા કથાનકોની નાયિકાઓ રસિક છે, અને અભયવાળી આત્મનિર્ભર પણ છે. આ દેશ રાધાનો છે અને મૈત્રેયીનો છે. એ રથના પીડામાં આંગળી ખોસી યુદ્ધમાં સાથ આપતી કૈકયીનો ને વાળ છુટા રાખી પોતાના પર નિર્લજ્જ અપમાન કરનારના લોહીથી એ બાંધવાની પ્રતિજ્ઞા લેતી દ્રૌપદીનો પણ છે. અહીં રામકથા પણ છે, કામસૂત્ર પણ છે. અહીં કૃષ્ણ વૃંદાવનમાં રાસ પણ લે છે ને કુરુક્ષેત્રમાં શંખ પણ ફૂંકે છે. અહીં નવર્દુગાના રણચંડી સ્વરૂપ છે (એટલે ૯ ઠેકાણાં ઉડાડ્યા હશે ?) અને દેશનું નામ જેના પરથી આવી એવી પ્રિયતમા અપ્સરા મેનકા પણ છે. અહીં જુલ્મી અસુરો સામે ખડગ લઈને લોહીનું ખપ્પર ભરતા કાલિકાની રાતીચોળ જીભ પણ છે યુદ્ધનો નાદ જગાવતી !

આપણે કશું કહ્યા વિના ઘણું કહી દીધું, ગુજરાતના મૂળ વડોદરાના લેફ્ટનન્ટ કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહને આગળ કરીને. બેઉ ભારતની નારીશક્તિની પહેચાન અને ઉડાન છે. બેમાંથી કોઈ બુરખા કે ઘૂંઘટમાં નથી. સિંદૂર નામને પિતૃસત્તાક પરંપરાની સ્ત્રીઓને ગુલામ રાખતી માનસિકતા કહીને વગોવનારા વાયડાઓને પણ આ જવાબ છે. ભારતની નારી પોતાની ચોઈસ મુજબ જીવવા આઝાદ છે. એ અભયથી આત્મનિર્ણય લે છે. કરિઅર બનાવે છે. આધુનિક વસ્ત્રો પહેરે છે.

અનુસંધાન પાનાનં ૦૯ પર

**પાકિસ્તાન નામનો દેશ થૂંક વડે પરસ્પર ચિપકાવેલા પાંચ થીંગડાંના પેચવર્કથી બનેલો છે. ભારતે રણભૂમિમાં બળને બદલે રાજનીતિમાં કળ વાપરીને તે થીંગડાં ઉખેડી દેવા જોઈએ.**

# આર્ટ ઓફ વોર: પાક સામે વિના આયુધે યુદ્ધ ખેલવાની કળા

**એક નજર આ તરફ**

**હર્ષલ પુષ્કર્ણા**

એક સમાચાર છે. હવે તો ઘણા જૂના થયા, છતાં અહીં તેને તાજા કરીએ. ચર્ચાના ઊંડાણમાં ઊતરવાનો માર્ગ એ સમાચારના દરવાજા સોંસરવો નીકળે છે. આથી પહેલાં તો ટૂંકાણમાં ન્યૂઝ વાંચો અને ત્યાર બાદ સમાચાર પાછળ રહેલું રસપ્રદ બેકગ્રાઉન્ડ જરા લંબાણથી તપાસીએ.

પહલગામ પર આતંકી હુમલા થયાના બરાબર પાંચમા દિવસે ભારતીય રાજદ્વારી પ્રતિનિધિ મંડળના કેટલાક અધિકારીઓ અફઘાનિસ્તાનના પાટનગર કાબુલ પહોંચ્યા. તાલિબાન સરકારના અમુક શાસકોને રૂબરૂ મળ્યા. ઔપચારિક ચર્ચા ભારત-અફઘાનિસ્તાન વચ્ચે વેપાર-વાણિજ્ય તથા રાજનૈતિક સંબંધો વિકસાવવા વિશેની હતી, જેની નોંધ સમાચાર માધ્યમોએ ન્યૂઝ આઈટમ તરીકે લીધી.

સ્વાભાવિક છે કે પહલગામ આતંકી હુમલાના પગલે તાલિબાન સરકાર જોડે ભારતની વન-ટુ-વન મુલાકાતનો એકમાત્ર અજેન્ડા વેપાર-વાણિજ્ય નહોતો. બલકે, કાશ્મીરમાં પાક પ્રેરિત આતંકવાદનો મુદ્દો પણ ચર્ચાયો હતો, જેને મીડિયામાં "exchange of views on recent regional developments" શબ્દો વડે પ્રસ્તુત કરાયો. આ શબ્દોનો સીધોસરળ અર્થ તો જાણે સ્થાનિક નવાજૂની પર ચર્ચાવિચારણા એવો નીકળે. પરંતુ 'સ્થાનિક નવાજૂની' શબ્દનો ગૂઢાર્થ પહલગામના આતંકી હુમલામાં રહેલો છે.

અફઘાનિસ્તાનની તાલિબાન સરકારને આમ તો આપણા કાશ્મીર જોડે કે પછી ત્યાં ચાલી રહેલા પાક પ્રેરિત આતંકવાદ જોડે દૂર દૂરનું સ્નાનસૂતક ન હોય. પરંતુ કાશ્મીરમાં આતંકવાદનો દોરીસંચાર જેના હાથમાં છે તે ઈસ્લામાબાદ સરકાર જોડે તાલિબાનને ૩૬ નો આંકડો છે. આથી શત્રુનો શત્રુ આપણો દોસ્ત એ સૂત્ર પેઠે ભારતે વર્ષ ૨૦૨૧થી તાલિબાન તરફ દોસ્તીનો હાથ લંબાવ્યો છે. તાજેતરમાં કાબુલ ખાતે થયેલી મીટિંગ તે દોસ્તી સંબંધોનું પરિણામ છે.

આટલું જાણ્યા પછી જિજ્ઞાસુ મનમાં સ્વાભાવિક રીતે બે પ્રશ્નો ઊભા થાય કે–

(૧) ઈસ્લામાબાદમાં બેઠેલી પાક સરકાર સામે અફઘાન તાલિબાનોને આખરે શો વાંધો-વિરોધ છે?

(૨) તાલિબાન જોડેના મૈત્રી સંબંધો આખરે ભારતને કયા દૃષ્ટિકોણે લાભદાયી થઈ શકે?

સહેજ દૂરના ભૂતકાળમાં ઊંડા ઊતરીને બેઉ પ્રશ્નોનું વારાફરતી વિશ્લેષણ કરવા જેવું છે.

■ ■ ■

બે રાષ્ટ્રો વચ્ચે રાજકીય સ્તરે વિવાદ માટે અને ત્યાર બાદ રણભૂમિના સ્તરે સશસ્ત્ર વિખવાદ માટે નકશા પર અંકાતી લીટીઓ નિમિત્ત બનતી હોય છે. વૈશ્વિક ઈતિહાસની તવારીખમાં એવાં એક કહેતાં અનેક ઉદાહરણો દર્જ છે. વર્તમાન અફઘાનિસ્તાન-પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ પેદા કરવા માટે પણ નકશાની લીટીઓ કારણભૂત બની. સમયગાળો ૧૯મી સદીનો હતો કે જ્યારે અખંડ ભારત બ્રિટિશહિંદ તરીકે ઓળખાતું. પૃથ્વીના ગોળા પર ત્યારે ભોગવટો મુખ્ય કરીને બે મહાસત્તાઓનો હતો. એક તરફ ઈંગ્લેન્ડની રાણી વિક્ટોરિયાનું વિશાળ સામ્રાજ્ય હતું, તો બીજી બાજુ રશિયાના રાજા ઝાર નિકોલસની સત્તાનો ડંકો વાગતો હતો. યોગાનુયોગે બેઉ સામ્રાજ્યોના ભૌગોલિક છેડા અફઘાનિસ્તાનને સ્પર્શતા હતા.

જુદી રીતે કહો તો અફઘાનિસ્તાન એ બ્રિટિશહિંદ અને રશિયા વચ્ચેનું 'બફર' રાજ્ય હતું. રશિયાના ઝાર નિકોલસે તે બફર ઝોનને પોતાના સામ્રાજ્યમાં ભેળવી દેવાના પ્રયાસો આદર્યા ત્યારે બ્રિટિશહિંદના સત્તાધીશોને ફાળ પેઠી. કારણ દેખીતું હતું. નિકોલસનું રૂસી સૈન્ય જો અફઘાનિસ્તાનને ગળી જાય, તો બફર ઝોન નાબૂદ થતાં આગામી તબક્કે રૂસી સેના બ્રિટિશહિંદ હસ્તકના પેશાવર, કરાંચી, લાહોર, મુલતાન જેવાં નગરો પર ચડી આવે તે સંભવ હતું. બ્રિટિશહિંદની સેના રખે રૂસી સૈન્યના અતિક્રમણને રોકી ન શકે તો આગામી ટાર્ગેટ દિલ્હી બને એવી પણ શક્યતા હતી–અને દિલ્હી જો રૂસી હાથમાં જાય તો Jewel in the Crown/ બ્રિટિશ તાજનો હિરો કહેવાતું ભારત પણ ગયું કહેવાય.

આ સંભવિત સ્થિતિને ટાળવા માટે ઓગણીસમી સદીની આખરમાં બ્રિટિશહિંદના અંગ્રેજ વાઈસરોય જેમ્સ એલ્ગિને વાયવ્ય દિશા એટલે કે અફઘાનિસ્તાન તરફનો મોરચો સુરક્ષિત બનાવવાનું નક્કી કર્યું. આમાં તકલીફ એક જ હતીઃ બ્રિટિશહિંદના ભૌગોલિક સીમાડા ખરેખર ક્યાં સુધી લંબાતા હતા એ ત્યારે નક્કી જ નહોતું. મતલબ કે, અંગ્રેજો દ્વારા કોઈ સીમારેખા આંકવામાં આવી જ નહોતી. આગુ સે ચલી આતી માન્યતા મુજબ હિંદુ કુશ પર્વતમાળા જ્યાંથી શરૂ થાય ત્યાં સુધીનો વિસ્તાર હિંદુસ્તાન કહેવાતો. પરંતુ એ માન્યતા હતી. નકશા પર એ પ્રકારની કોઈ રેખા અંકિત કરાયેલી નહોતી. આથી વાઈસરોય જેમ્સ એલ્ગિને બ્રિટિશહિંદની ભૌગોલિક સીમા આંકવાનું કાર્ય હેન્રી મોર્ટીમર ડુરાન્ડ નામના અંગ્રેજ અધિકારીને સોંપ્યું. ભારતમાં રાજ કરતી બ્રિટિશ સરકારની વિદેશનીતિનો હવાલો ડુરાન્ડના હાથમાં હતો.

પારકી ભૂમિનો પોતાની મુનસફી મુજબ બંટવારો કરી ત્યાં વિવાદ-વિખવાદના બીજ રોપી દેવામાં અંગ્રેજોને જબરી ફાવટ હતી. હેન્રી ડુરાન્ડે તે ફાવટનો બરાબર પરચો બતાવ્યો. નકશા પર બ્રિટિશહિંદ સામ્રાજ્યના સીમાંકન વખતે તેણે ચતુરાઈ કરી. બલકે, રીતસર ચિટિંગ કરી એમ કહેવું વધુ ઉચિત ઠરે. બ્રિટિશહિંદમાં પ્રવેશવા માટે હિંદુકુશ પર્વતમાળાના ખૈબર ઘાટ, દોરાહ ઘાટ, ખોજાક ઘાટ વગેરે જેવા ઘાટ અંગ્રેજોને હસ્તક રાખવા

**પંજાબ, સિંધ, બલુચિસ્તાન, ખૈબર પુખ્તુનખ્વા અને ગિલગિટ બાલ્ટિસ્તાન એમ પાંચ નોખા ટુકડાઓના પેચવર્કથી બનેલા પાકિસ્તાનની ઇસ્લામાબાદ સરકારનો આજે પંજાબ સિવાયના કોઈ પ્રાંત પર રાજકીય કંટ્રોલ નથી.**



માટે તેણે નકશા પર સીમારેખાની સૂચક લીટી (ડુરાન્ડ લાઈન) તદનુસાર દોરી. આને કારણે બન્યું એવું કે અફઘાનિસ્તાનના ભાગલા પડી ગયા. પુશ્તુ ભાષા બોલતા લાખો પુશ્તુનોનાં (પઠાણોનાં) ગામો ડુરાન્ડ લાઈનની બ્રિટિશહિંદ તરફ રહી જવા પામ્યાં. રાતોરાત તેઓ જાણે દેશનિકાલ પામ્યા–અને તે પણ કોઈ ગોરા અંગ્રેજે નકશા પર પોતાની મુનસફી મુજબ આંકેલી લીટીના વાંકે!

આ પ્રકારના ગેરવાજબી ભૌગોલિક વિભાજન સામે અફઘાનિસ્તાનના તત્કાલીન શાસક અમીર અબ્દુર રહેમાને સ્વાભાવિક રીતે વાંધો ઉઠાવ્યો. પરંતુ રાજકીય મુસદ્દીગીરીમાં પાવરધા હેન્રી ડુરાન્ડ એન્ડ કંપનીએ યેન કેન પ્રકારે અમીર અબ્દુર રહેમાનને મનાવી લીધા એટલું જ નહિ, પણ આગામી ૧૦૦ વર્ષ સુધી ડુરાન્ડ લાઈનનો ભંગ ન કરવાની લેખિત બાંહેધરી સુધ્ધાં રહેમાન પાસે લીધી. બાંહેધરીના લખાણનું વર્ષ ઈ.સ. ૧૮૯૩નું હતું.

■ ■ ■

આમ, નકશા પર બ્રિટિશહિંદ સામ્રાજ્યના સીમાડા તો અંકાયા, પણ અફઘાનિસ્તાનના અકારણ બંટવારાના ભોગે.

વર્ષો વીત્યાં. હેન્રી ડુરાન્ડ દ્વારા દોરાયેલી ડુરાન્ડ લાઈન સીમારેખાનું રંગેચંગે પાલન થતું રહ્યું. પરંતુ ૧૯૪૭માં બ્રિટિશહિંદ સામ્રાજ્ય પડી ભાંગ્યું અને અખંડ ભારત બે હિસ્સે વહેંચાયું ત્યારે ડુરાન્ડ લાઈન સીમારેખાને લઈ વિવાદનો પહેલો અંકુર ફૂટ્યો. નવોદિત રાષ્ટ્ર બનેલા પાકિસ્તાનનો ફાળે ખૈબર પુખ્તુનખ્વા પ્રાંતનો એ પ્રદેશ આવ્યો કે જે મૂળભૂત રીતે અફઘાનિસ્તાનનો હતો. તત્કાલીન અફઘાન શાસકોએ તે પ્રદેશની માગણી કરી ત્યારે પાકિસ્તાને નનૈયો ભણી દીધો. વર્ષો પહેલાં અફઘાન શાસક અમીર અબ્દુર રહેમાને ડુરાન્ડ લાઈનને સ્વીકૃત રાખ્યાની અંગ્રેજોને લખી આપેલી બાંહેધરીનો મુદ્દો આગળ ધર્યો. આથી અફઘાનિસ્તાન પાસે દલીલનો કોઈ અવકાશ નહોતો.

પરંતુ ૧૯૯૩માં સંજોગો બદલાયાં. બરાબર ૧૦૦ વર્ષ પૂર્વે લખાયેલી બાંહેધરીની અવધિનો સમયગાળો ૧૯૯૩માં પૂરો થયો. હવે અફઘાનિસ્તાન ખૈબર પુખ્તુનખ્વાનો પ્રદેશ પાકિસ્તાન પાસે કાયદેસર રીતે માગી શકે તેમ હતું. પરંતુ ઈસ્લામાબાદમાં બેઠેલા શાસકોએ તે મોકો આવવા જ ન દીધો. અફઘાનો તેમના મૂળભૂત માલિકીના પ્રદેશની માગણી કરે તે પહેલાં જ પાકિસ્તાને તહરીક–એ–તાલિબાન નામનું ઝનૂની પઠાણોનું સંગઠન રચી તેની સરકાર કાબુલમાં સ્થાપી દીધી. ઉઝબેક, તાજિક અને હઝારા જેવા લઘુમતી કોમોના અફઘાનોને તાલિબાન પઠાણો સામે લડાવ્યા અને હરાવ્યા.

ભૂતકાળમાં પાકિસ્તાને પોતે સર્જેલું તાલિબાની સંગઠન આજે ખુદ પાકિસ્તાનના જ ગળાનો ફંદો સાબિત થયું છે. ખૈબર પુખ્તુનખ્વા પ્રાંતનો મૂળ અફઘાન પઠાણોની બહુમતીવાળો ભૌગોલિક પ્રદેશ પાકિસ્તાને વર્ષો થયે પોતાની લશ્કરી એડી નીચે દબાવી રાખ્યો, પણ તેને પાછો મેળવવા માટે તાલિબાન સંગઠને કેટલાંક વર્ષથી બરાબર કમર કસી છે. પાકિસ્તાન પર છાપામાર હુમલાથી માંડીને વિવિધ શહેરોમાં બોમ્બ ધડાકા કરાવવા સુધીના પેંતરા તાલિબાન સંગઠન સમયાંતરે યોજી રહ્યું છે. ઈસ્લામાબાદથી હંમેશ માટે રાજકીય છેડો ફાડીને પુશ્તુનિસ્તાન નામનો સ્વતંત્ર પ્રાંત તાલિબાનીઓને અફઘાનિસ્તાનમાં વિલિન કરી દેવો છે.

■ ■ ■

બસ, અહીં ભારત ચિત્રમાં આવે છે. અગર તો એમ કહો કે ચિત્રમાં આવી ચૂક્યું છે. શત્રુનો શત્રુ, આપણો મિત્ર એ રાજનીતિની રૂએ ભારતે વર્ષ ૨૦૨૧થી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર જોડે દોસ્તી સંબંધો વિકસાવ્યા છે. એ વાત જુદી કે તાલિબાન સરકારને જગતના અન્ય દેશોની જેમ ભારતે પણ અધિકૃત રીતે સ્વીકારી નથી. પરંતુ તેનાથી શત્રુના શત્રુ જોડે મૈત્રી વિકસાવવામાં શો ફરક પડવાનો હતો?

આ મૈત્રીની રૂએ ભારત તરફથી અફઘાનિસ્તાનને ખાધાખોરાકીનો તથા તબીબી જરૂરિયાતોનો થોકબંધ પુરવઠો પહોંચતો કરવામાં આવે છે. શિક્ષણ, રોડ-રસ્તા, ડેમ, વિદ્યુત મથક જેવા ક્ષેત્રે પણ ભારત તાલિબાન સરકારને ખાસ્સી મદદ કરતું આવ્યું છે. ઓફિશ્યલી જેની જાહેરાત કરવામાં આવી નથી અને કદાચ જાહેરાત કરવામાં આવશે પણ નહિ તેવી એક મદદ લશ્કરી ક્ષેત્રે હોવાની સંભાવના છે. કેમ કે, ખૈબર પુખ્તુનખ્વાનો પ્રાંત પાછો મેળવવા માટે યુદ્ધે ચડેલી તાલિબાન સેનાને શસ્ત્ર-સરંજામ તેમજ ગેરિલા યુદ્ધનીતિની તાલીમ મળે તો તેમનો સંગ્રામ ઓર તીવ્ર બને. સંગ્રામની આગ ઓલવવા માટે પાકિસ્તાની લશ્કરે ખૈબર પુખ્તુનખ્વામાં સતત તૈનાત અને તૈયાર રહેવું પડે.

બિલકુલ એ જ વખતે બલુચિસ્તાનના, સિંધના તથા કાશ્મીરના ઉત્તરી પ્રાંત ગિલગિટ-બાલ્ટિસ્તાનના અલગતાવાદી સંગઠનો પણ ઈસ્લામાબાદ સરકાર વિરુદ્ધ સશસ્ત્ર બંડ પોકારે તો આખું પાકિસ્તાન ગૃહયુદ્ધમાં હોમાઈ જાય. ઈસ્લામાબાદ સરકાર ત્યારે દેશના ટુકડા થતા બચાવે કે પછી ભારત વિરુદ્ધ કાશ્મીરમાં આતંકવાદી પ્રવૃત્તિ ચલાવવામાં વ્યસ્ત રહે?

માર્ચ ૨૩, ૨૦૨૫ના રોજ પ્રસ્તુત કટારમાં પાકિસ્તાનના બલુચિસ્તાનની 'સ્વતંત્રતા' ચળવળ વિશેના લેખમાં જણાવેલું તેમ એ પ્રાંત પણ ઈસ્લામાબાદ સરકારના અમાનુષી અત્યાચારોથી ત્રસ્ત છે. દૂરના ભૂતકાળમાં બલુચિસ્તાનને પાકિસ્તાન સાથે છળ તથા બળજબરીથી જોડી દેવામાં આવેલું. થૂંકે ચિપકાવેલું એ થીંગડું કેટલાંક વર્ષથી ઊખડવાની તૈયારી કરી રહ્યું છે. આ તરફ સિંધ પ્રાંતને તો ક્યારના છૂટા થઈ જવું છે, જ્યારે કાશ્મીર ખીણનો ઉત્તરી ગિલગિટ-બાલ્ટિસ્તાન પ્રાંત ૧૯૪૭-૪૮માં પાક હુમલાખોરોએ ગુજારેલા અમાનવીય અત્યાચારોને હજી સુધી ભૂલ્યો નથી.

વાતનો સારાંશ એટલો કે પંજાબ, સિંધ, બલુચિસ્તાન, ખૈબર પુખ્તુનખ્વા અને ગિલગિટ બાલ્ટિસ્તાન એમ પાંચ નોખા ટુકડાઓના પેચવર્કથી બનેલા પાકિસ્તાનની ઈસ્લામાબાદ સરકારનો આજે પંજાબ સિવાયના કોઈ પ્રાંત પર રાજકીય કંટ્રોલ નથી. આ સ્થિતિ ભારત માટે મોકાની છે. ચારેય પ્રાંતોમાં ઈસ્લામાબાદ સરકાર વિરુદ્ધ સળગતી ક્રાંતિની જ્વાળામાં કેટલાંક લાકડાં વત્તા ઘી ભારત તરફથી હોમી શકાતાં હોય તો પાકિસ્તાન આંતરવિગ્રહમાં એવું સપડાય કે ન પૂછો વાત! આમ કરવું પાછું અશક્ય નથી. પાકિસ્તાન સામે ૧૯૭૧ના યુદ્ધ વખતે ભારતીય જાસૂસોએ પૂર્વ પાકિસ્તાનમાં (વર્તમાન બાંગલા દેશમાં) સ્થાનિક બંગાળી મુસ્લિમોને લશ્કરી તાલીમ આપીને આંતરવિગ્રહ માટે તૈયાર કર્યા હતા એ ભૂલવા જેવું નથી. આ પ્રકારનો ગેમ-પ્લાન ખૈબર પુખ્તુનખ્વા, ગિલગિટ-બાલ્ટિસ્તાન, સિંધ તથા બલુચિસ્તાનમાં અખત્યાર કરવો જોઈએ. રણભૂમિમાં બળ વાપરવા કરતાં રાજનીતિમાં કળ વાપરીને પાકિસ્તાન નામના પેચવર્ક દેશનું ક્રમશઃ વિસર્જન શકાતું હોય તો ન રહે કાશ્મીર પ્રોબ્લેમ કે ન રહે તેનું ચાલકબળ યાને આતંકવાદ!■